॥ ૐ ॥

श्री રાજ સોભાગ સત્સંગ મંડળ

સાયલા

# આરાધના શિબિર-૨૩

## ધ્યાન શતક અને ધ્યાનની સિધ્ધિ

તા. ૨૫-૧૨-૨૦૦૪ થી ૩૧-૧૨-૨૦૦૪

• સંચાલન •
બ્ર. નિ. શ્રી નલિનભાઈ

• સંકલન કર્તા •
બ્ર. નિ. શ્રી રસિકભાઈ




શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ
નેશનલ હાઈવે ૮ એ ઉપર
સોભાગ પરા, સાયલા-૩૬૩ ૪૩૦.
ફોન : (૦૨૭૫૫) ૨૨૦૫૩૩, ૨૨૦૭૯૧
E-mail : rajsaubhag@yahoo.com

॥ ૐ ॥

શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ

સાયલા

# આરાધના શિબિર-૨૩

**ધ્યાન શતક અને ધ્યાનની સિધ્ધિ**

તા. ૨૫-૧૨-૨૦૦૪ થી ૩૧-૧૨-૨૦૦૪

**સંચાલન : બ્ર. નિ. શ્રી નલિનભાઈ**

**સંકલન કર્તા : બ્ર. નિ. શ્રી રસિકભાઈ**

**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**

**સોભાગ પરા, સાયલા-૩૬૩ ૪૩૦**

**પ્રકાશન સમિતિ :**
શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ
શ્રી રાજ સોભાગ આશ્રમ,
સોભાગપરા, સાયલા-૩૬૩ ૪૩૦
જિલ્લો-સુરેન્દ્રનગર

પ્રત : ૫૦૦

**પ્રાપ્તિસ્થાન :**
શ્રી રાજ સોભાગ આશ્રમ
નેશનલ હાઈવે-૮ એ ઉપર
સાયલા-૩૬૩ ૪૩૦
ફોન નં. : (૦૨૭૫૫) ૨૮૦૫૩૩ ફેક્સ : ૨૮૦૭૯૧
E-mail : rajsaubhag@yahoo.com

**મુદ્રણ :**
**નૈષધ પ્રિન્ટર્સ**
નારણપુરા ગામ,
અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન નં. : ૨૭૪૯૧૬૨૭


# પ્રકાશકનું નિવેદન

આ વખતની આરાધના શિબિરમાં પ્રશિક્ષણનો વિષય છે શ્રી જિનેન્દ્ર ક્ષમાક્ષમણ મુનિ કૃત 'ધ્યાનશતક' જેની સંસ્કૃતટીકા આચાર્ય હરિભદ્રસુરિજીએ કરેલ છે. હિન્દી ભાવાર્થનો ગુજરાતી અનુવાદ કરેલ છે. આ ઉપરાંત બીજો વિષય છે ધ્યાનની સિધ્ધિ માટે જરૂરી કારણોની છણાવટ શ્રીશુભચંદ્રાચાર્ય કૃત "જ્ઞાનાર્ણવઃ" પુસ્તકના આધારે હિન્દીમાંથી ગુજરાતી અનુવાદ કરી અત્રે મૂકવામાં આવ્યો છે. ગુજરાતી અનુવાદ બ્ર.નિ. શ્રી રસિકભાઈ દ્વારા કરવામાં આવેલ છે.

આ બન્ને વિષયો સાધકની સાધના માટે જરૂરી માહિતી પૂરી પાડે છે. તેનો ઉપયોગ સાધકો કરશે એવી ભાવના સહ.

**પ્રકાશન સમિતિ**

શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ



# અનુક્રમણિકા


૧. પ્રસ્તાવના ૧-૧૬

૨. ધ્યાનશતક ૧૭-૪૪

૩. ધ્યાન સિધ્ધિ ૪૫-૧૦૯

## પ્રસ્તાવના

સંક્ષેપમાં ધ્યાનનું સ્વરૂપ બતાવી ધ્યાનનો પુરૂષાર્થ કરવાની પ્રેરણા કરે છે.

દુરંત તથા સારવર્જિત આ અનાદિ સંસારમાં ગુણસહિત મનુષ્યપણું જીવને દુષ્પ્રાપ્ય અર્થાત્ દુર્લભ છે. (૩-૧)

હે આત્મન ! તે જો આ મનુષ્યપણું કાકતાલીય ન્યાયથી પ્રાપ્ત કર્યું છે, તો તારે પોતામાં પોતાનો નિશ્ચય કરીને પોતાનું કર્તવ્ય સફળ કરવું જોઈએ. આ મનુષ્યજન્મ સિવાય અન્ય કોઈપણ જન્મમાં પોતાના સ્વરૂપનો નિશ્ચય નથી થતો. આ કારણથી આ ઉપદેશ છે. (૩-૨)

અનેક વિદ્વાનોએ પુરુષાર્થ કરવો એ આ મનુષ્યજન્મનું ફળ કહ્યું છે. આ પુરુષાર્થ ચાર પ્રકારથી છે. (૩-૩)

પ્રાચીન મહર્ષિઓએ ૧. ધર્મ, ૨. અર્થ, ૩. કામ અને ૪. મોક્ષ એમ ચાર પ્રકારનો પુરુષાર્થ કહ્યો છે. (૩-૪)

આ પુરૂષાર્થમાં પ્રથમના ત્રણ પુરૂષાર્થ નાશ સહિત અને સંસારરોગથી દૂષિત છે, એમ જાણીને તત્વોના જાણનાર જ્ઞાનીપુરૂષ અંતનો પરમ પુરૂષાર્થ અર્થાત્ મોક્ષનાં સાધન કરવામાં જ યત્ન કરે છે. કારણ કે મોક્ષ નાશ રહિત અવિનાશી છે. (૩-૫)

પ્રકૃત્તિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગરૂપ સમસ્ત કર્મોના સંબંધના સર્વથા નાશરૂપ લક્ષણોવાળો તથા જે સંસારનો પ્રતિપક્ષી છે તે મોક્ષ છે. આ વ્યતિરેક પ્રધાનતાથી મોક્ષનું સ્વરૂપ છે. (૩-૬)

દર્શન અને વીર્યાદિ ગુણ સહિત તથા સંસારના કલેશો રહિત ચિદાનંદમયી આત્યંતિક અવસ્થાને સાક્ષાત્ મોક્ષ કહે છે. આ અન્વય પ્રધાનતાથી મોક્ષનું સ્વરૂપ કહ્યું છે. (૩-૭)

જેમાં અતીન્દ્રિય, ઈન્દ્રિયોથી અતિકાન્ત, વિષયોથી અતીત,

ઉપમા રહિત અને સ્વાભાવિક, વિચ્છેદરહિત, પારમાર્થિક સુખ હોય તેને મોક્ષ કહ્યો જાય છે. (૩-૮)

જેમાં આ આત્મા નિર્મળ, શરીર રહિત, ક્ષોભરહિત, શાંત સ્વરૂપ, નિષ્પન્ન (સિદ્ધરૂપ), અત્યંત અવિનાશી સુખરૂપ કૃતકૃત્ય તથા સમીચીન સમ્યક્જ્ઞાન સ્વરૂપ થઈ જાય છે, તે પદને મોક્ષ કહીએ છીએ. (૩-૯)

ધીર, વીર પુરૂષ આ અનંત પ્રભાવવાળા મોક્ષરૂપ કાર્યના નિમિત્ત, સમસ્ત પ્રકારના ભ્રમોને છોડી, કર્મબંધ નાશ કરવાના કારણરૂપ તપને અંગીકાર કરે છે. (૩-૧૦)

શ્રી જિન સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રને મુક્તિનું કારણ કહે છે. અતએવ જે મુક્તિની ઈચ્છા કરે છે, તે સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રને જ મોક્ષનું સાધન કહે છે. મોક્ષના સાધન જે સમ્યગ્દર્શનાદિક છે તેમાં 'ધ્યાન' ગર્ભિત છે તે કારણ ધ્યાનનો ઉપદેશ હવે પ્રગટ કરતાં કહે છે કે : (૩-૧૧)

હે આત્મન્ ! તું સંસાર દુઃખના વિનાશ અર્થે જ્ઞાનરૂપી સુધારસને પી અને સંસાર સમુદ્ર પાર ઉતારવા માટે ધ્યાનરૂપ વહાણનું અવલંબન કર. (વચનામૃત પત્રાંક ૧૦૨)

સ્થિરતારૂપ એકતા થવી તે ધ્યાન છે. તેથી જ્યારે પ્રથમ જ્ઞાનને અંગીકાર કરશે ત્યારે તેને સ્થિરતા થવાથી, કર્મોને ખપાવીને સંસારનો પરિત્યાગ કરીશ ત્યારે મોક્ષને પ્રાપ્ત થશે. (૩-૧૨)

કર્મોના ક્ષય થવાથી મોક્ષ થાય છે. કર્મોનો ક્ષય સમ્યગ્જ્ઞાનથી થાય છે અને તે સમ્યગ્જ્ઞાન ધ્યાનથી સિદ્ધ થાય છે. અર્થાત્ ધ્યાનથી જ્ઞાનની એકાગ્રતા થાય છે. આ કારણે ધ્યાન જ આત્માનું હિત કરનારું છે. (૩-૧૩)

આત્માનું હિત ધ્યાન છે. આ કારણે જે કર્મોથી મુક્ત થવાની

ઇચ્છાવાળા મુનિ છે, તેણે પ્રથમ કષાયોની મંદતા કરવી પડશે. તે માટે કલ્પનાના સમૂહોનો નાશ કરીને નિત્ય ધ્યાનનું જ અવલંબન (મુનિ) કરે છે.

જ્યાં સુધી મુનિની ચિત્તની સ્થિરતા રહે, ત્યાં સુધી ધ્યાન કરવું જ મુખ્ય છે. જ્યારે ચિત્તની સ્થિરતા ન રહે, ત્યારે તે વિચારણાદિ અન્ય ક્રિયાઓમાં લાગે છે. (૩-૧૪)

હવે ધ્યાન પ્રધાન થવાની યોગ્યતાનો ઉપદેશ કરે છે.

આચાર્ય કહે છે કે : હે આત્મન્ ! તું સંસારના મોહને છોડ. સ્વાસ્થ્યને ભજ અને પરિગ્રહને છોડીને સ્થિર થઈ જા. જેથી અમે તારા માટે ધ્યાનની સામગ્રી ભેદરહિત કહીએ. (૩-૧૫)

હે આત્મન્ ! જો તું કષ્ટથી પાર પામવા માટે સંસાર નામના મહાકાદવમાંથી નીકળવાની ઇચ્છા રાખે છે, તો ધ્યાનમાં નિરંતર ધૈર્ય (ધીરજ) કેમ ધારણ નથી કરતો ? કારણ કે સંસારરૂપી કાદવમાંથી પાર ઉતરવાનું કારણ એક માત્ર આ જ છે. આના સિવાય અન્ય કોઈ ઉપાય નથી. (૩-૧૬)

હે ભવ્ય ! જો તારા ચિત્તમાં નિઃશંક વિવેકરૂપ લક્ષ્મી-સંદેહરહિત-સ્થિર થાય, તો તારા મનની શુદ્ધતા કરવાવાળા ધ્યાનનું લક્ષણ અમે કહીએ છીએ. (૩-૧૭)

હે ભવ્ય ! ત્રણે લોકમાં ફેલાયેલી આ અજ્ઞાનરૂપી મહાનિંદ્રા જો તારામાંથી ક્ષય થઈ જશે તો, નાશ થઈ જશે તો, તું ધ્યાનરૂપી અમૃતરસનું પાન કરીશ કારણ કે સુષુપ્ત અવસ્થામાં તે પી શકાશે નહિ. (૩-૧૮)

હે ભવ્ય ! જો તારી મૂર્ચ્છા તત્ત્વોના ઉપદેશથી બાહ્ય તેમજ આભ્યંતર નાશ થઈ જશે તો તું પોતાના ચિત્તના ધ્યાનમાં લાગી જઈશ. (૩-૧૯)

હે ભવ્ય ! જો તું પ્રમાદ અને ઈન્દ્રિયોના વિષયરૂપી પિશાચ અથવા પાણીના જંતુઓના દાંતરૂપી યંત્રથી છુટી ગયો હોય તો કલેશોના સમૂહનો ઘાત કરવાવાળા ધ્યાનનો આશ્રય લે. (૩-૨૦)

હે ભવ્ય ! અનંત ભ્રમરૂપ નિરંતર વર્ષાથી વિસ્તાર કરવામાં તત્પર રાગ-દ્વેષ મોહાદિક ભાવ તારા ક્ષીણ થઈ ગયા છે તો તારે ધ્યાન કરવાની પ્રવૃત્તિ કરવી જોઈએ. કારણ કે જ્યાં સુધી રાગાદિકનો વિસ્તાર રહેલો હશે ત્યાં સુધી ધ્યાનમાં રહેવું થઈ શકતું નથી (પ્રવર્તી શકાતું નથી). (૩-૨૧)

હે ધીરપુરુષ ! જો સંવેગ, નિર્વેદ, વિવેકથી તારૂં મન વાસિત છે, તો તું સ્થિર થઈને પોતાનામાં જ પોતાના મનને જો કે તે કેવું છે ? (૩-૨૨)

હે ભવ્ય ! જો તું કામભોગોથી વિરક્ત થઈને તથા શરીરની સ્પૃહાને છોડીને નિર્મમતાને પ્રાપ્ત થયો છે તો ધ્યાન કરવાવાળો ધ્યાતા થઈ શકે છે અન્યથા થઈ શકતો નથી. (૩-૨૩)

હે ધીરપુરુષ ! જો તું દુરંત સંસારના ભ્રમણ પ્રત્યે વિરક્ત થયો છે તો ઉત્કૃષ્ટ ધ્યાનની ધરાને ધારણ કર, કારણ કે સંસારથી વિરક્ત થયા વિના ધ્યાનમાં ચિત્ત સ્થિર થશે નહીં. (૩-૨૪)

હે ધીરપુરુષ ! આ ધ્યાનનું શાસ્ત્ર સાંભળવાથી ચિત્ત પવિત્ર થાય છે. તીવ્ર રાગાદિનો અભાવ કરીને ચિત્તને વિશુદ્ધ કરે છે તે મોક્ષને પ્રાપ્ત થાય છે. આ વાત યોગીન્દ્રોએ જાણેલી છે, અનુભવેલી છે તે કારણ તું તેનો આસ્વાદ લે, ધારી રાખ અથવા સાંભળ અને ધ્યાનનું આચરણ કર. (૩-૨૫)

કેટલાક તો વિસ્તારથી પ્રસન્ન થાય છે અને કેટલાક સંક્ષેપથી રુચિ રાખવાવાળા હોય છે. આશ્ચર્ય છે કે : ચિત્તની વૃત્તિઓ પણ વિચિત્ર અર્થાત્ અનેક પ્રકારની હોય છે. એટલે કે જેવો વક્તા અને શ્રોતા હોય,

તેવું કહેવાનું અને સાંભળવાનું હોય છે. તેથી જ સંક્ષિપ્ત રૂચિવાળા શ્રોતાઓને માટે ધ્યાનનું સંક્ષિપ્ત સ્વરૂપ કહીએ છીએ. (૩-૨૬)

જેમાં આત્માનો નિશ્ચય છે તેવા સૂત્રનો આધાર લઈને કેટલાય સંક્ષેપ રૂચિવાળાઓએ ત્રણ પ્રકારનું ધ્યાન માન્યું છે. કારણ કે જીવનો આશય ત્રણ પ્રકારનો જ છે. અર્થાત્ અધ્યાત્મ શાસ્ત્રની અપેક્ષાએ આત્માના ઉપયોગની પ્રવૃત્તિ સંક્ષેપથી ત્રણ પ્રકારની જ માનવામાં આવી છે. (૩-૨૭)

તે ત્રણમાં પ્રથમ પુણ્યરૂપ શુભ આશય છે અને તેનો વિપક્ષી બીજો પાપરૂપ અશુભ આશય અને ત્રીજો શુદ્ધોપયોગ નામનો આશય છે. (૩-૨૮)

પુણ્યરૂપ આશયથી તથા શુદ્ધ લેશ્યાના અવલંબનથી અને વસ્તુના યથાર્થ સ્વરૂપના ચિંતનથી ઉત્પન્ન થયેલા ધ્યાનને પ્રશસ્ત કહેવાય છે. (૩-૨૯)

જીવોના પાપરૂપ આશયથી તથા મોહ-મિથ્યાત્વ-કષાય અને તત્ત્વોના અયથાર્થ વિભ્રાંતિથી અપ્રશસ્ત અર્થાત્ અસમીચીન ધ્યાન થાય છે. (૩-૩૦)

રાગાદિકની સંતતિ ક્ષય થવાથી અંતરંગ આત્માના પ્રસન્ન થવાથી જેને પોતાના સ્વરૂપની પ્રાપ્તિ-સ્વરૂપનું ઉપલંબન થાય છે, તે શુદ્ધ ધ્યાન છે. (૩-૩૧)

મનુષ્ય શુભ ધ્યાનના ફળથી ઉત્પન્ન થયેલ સ્વર્ગરૂપી લક્ષ્મીને સ્વર્ગમાં ભોગવે છે અને ક્રમથી મોક્ષને પ્રાપ્ત થાય છે. (૩-૩૨)

દુર્ધ્યાનથી જીવોની દુર્ગતિના કારણભૂત અશુભ કર્મ હોય છે, જે બહુ કષ્ટથી પણ ક્યારેક ક્ષય નથી થતા. (૩-૩૩)

જીવોના શુદ્ધોપયોગનું ફળ બધા જ દુઃખોથી રહિત, સ્વભાવથી

ઉત્પન્ન અને અવિનાશી જ્ઞાનરૂપી રાજ્યને પ્રાપ્ત કરવું તે છે. અર્થાત્ શુદ્ધોપયોગી જીવોને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. (૩-૩૪)

આ પ્રકારે સંક્ષેપથી સંક્ષેપરૂચિ પુરૂષોને રંજન કરવાવાળા બંધ મોક્ષના ફળ સહિત ધ્યાનનું લક્ષણ કહેવામાં આવ્યું.

શુભ ધ્યાનથી પુણ્યબંધ તથા અશુભ ધ્યાનથી પાપબંધ અને શુદ્ધ ધ્યાનથી પાપ-પુણ્યરૂપ બંધોનો નાશ થઈને મોક્ષની પ્રાપ્તિ થાય છે. (૩-૩૫)

અવિદ્યાથી અર્થાત્ મિથ્યાત્વરૂપ જ્ઞાનથી વિકારરૂપ થઈને અનિશ્ચયરૂપ તથા ભ્રમાત્મક આચરણવાળા મિથ્યાદષ્ટિવાળાને સર્વથા એકાંતરૂપ સેંકડો દુર્નીતિયોથી જગતને સઘનરૂપથી અંધકારના સમૂહમાં ઘેરાયેલા લોકોને હિતાહિતના માર્ગથી વિભ્રાંતિરૂપ બનાવી દીધો છે. માટે હે આત્મન્ ! તું પરમતમય તીવ્ર અજ્ઞાનના અંધકારરૂપ સમૂહોને દૂર કરીને ભવ્ય જીવોને આનંદ આપવાવાળા મોક્ષરૂપી ઘરને પ્રાપ્ત કરી લે. (૩-૩૬)

હવે ચાર પ્રકારથી ધ્યાન કેવી રીતે છે, તે કહે છે. ધ્યાન શતક

શ્રી જિનભદ્ર ક્ષમાશ્રમણ કૃતના આધારે કહેવામાં આવ્યું છે.

**૧. આર્તધ્યાન :** સામાન્યપણે ધ્યાન ચાર પ્રકારના છે. આર્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ ધ્યાન. આમાં પ્રથમના બે આર્ત અને રૌદ્ર ધ્યાન સંસારના કારણ છે તથા ધર્મ અને શુકલ ધ્યાન આ બે મુક્તિના કારણ છે. વિશેષપણે આર્તધ્યાનને તિર્યંચગતિનું, રૌદ્રધ્યાનને નરકગતિનું, ધર્મધ્યાનને દેવગતિનું અને શુકલધ્યાનને મુક્તિનું કારણ માનવામાં આવ્યું છે. (શ્લોક-૫)

**પ્રથમ પ્રકારનું આર્તધ્યાન :** અનિષ્ટ વિષયોનો સંયોગ થવાથી તેનો વિયોગ કરવાની ચિંતા, તેમજ તેનો વિયોગ થવા પર ભવિષ્યમાં તેનો પુનઃસંયોગ ન થાય તેની ચિંતા.

**બીજા પ્રકારનું આર્તધ્યાન :** રોગને કારણે પીડા ઉત્પન્ન થવાથી તેને દૂર કરવાની ચિંતા, તેમજ ભવિષ્યમાં ફરીને ઉત્પન્ન ન થાય તેની ચિંતા.

**ત્રીજા પ્રકારનું આર્તધ્યાન :** ઇષ્ટ વિષયોનો સંયોગ થવાથી તેનો વિયોગ ન થઈ જાય તેની ચિંતા અથવા ઇષ્ટ વિષયો પ્રાપ્ત ન થયા હોય તો તેને પ્રાપ્ત કરવાની ચિંતા.

**ચોથા પ્રકારનું આર્તધ્યાન :** સંયમના પાલન દ્વારા અથવા તપ દ્વારા કોઈપણ ભૌતિક સ્વરૂપે પદાર્થની પ્રાપ્તિ થાઓ અથવા વાસુદેવ કે ચક્રવર્તી કે ઈન્દ્રપદની પ્રાપ્તિ થાઓ એવી નિદાન ક્રિયા.

આ ચાર પ્રકારની સંકલેશરૂપ પરિણતિને જ આર્તધ્યાન કહેવામાં આવે છે. (શ્લોક ૬ થી ૯)

રાગદ્વેષથી રહિત સાધુ , વસ્તુસ્વરૂપનો વિચાર કરે છે, એટલે તેને રોગાદિ જનિત વેદના થવા પર, પોતાના પૂર્વ ઉપાર્જિત કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ જાણીને, શુભ પરિણામની સાથે સહન કરે છે. આવો વિવેકી સાધુ ઉત્તમ આલંબન લઈને નિર્મળ પરિણામની સાથે રોગનો પ્રતિકાર કરે છે, તો પણ નિર્દોષ ઉપાય દ્વારા ચિકિત્સાદિરૂપ પ્રતિકાર કરવા છતાં તેને આર્તધ્યાન નથી થતું, પરંતુ તેને ધર્મધ્યાન જ થાય છે. (અપારિણામિક ભાવથી ચિકિત્સા કરવાથી આર્તધ્યાન નથી થતું.) આ પ્રકારે તે સાંસારિક દુઃખોના પ્રતિકાર સ્વરૂપ જે તપ-સંયમનું અનુષ્ઠાન કરે છે, તે ઈન્દ્રાદિ પદોની પ્રાપ્તિની અભિલાષા-ઈચ્છાથી રહિત રહીને કરે છે, તેથી તેને પણ આર્તધ્યાન નથી માનવામાં આવતું, પરંતુ નિદાનરહિત ધર્મધ્યાન જ માનવામાં આવે છે. સંસારના કારણભૂત જે રાગ-દ્વેષ અને મોહ છે તે આર્તધ્યાનમાં રહેલા છે, એટલા માટે તેને સંસારરૂપ વૃક્ષનું મૂળ કહેવામાં આવ્યું છે. (શ્લોક ૧૦ થી ૧૩)

આર્તધ્યાનીને કાપોત, નીલ અને કૃષ્ણ આ ત્રણ અશુભ લેશ્યા

હોય છે. આર્તધ્યાનવાળાની ઓળખાણ એ છે કે તે ઈષ્ટ વિયોગ તેમજ અનિષ્ટ સંયોગાદિના નિમિત્તથી થવાવાળા આક્રંદ, શોચ, પરિવેદન અને મારપીટ આદિ હેતુઓથી થાય છે. તે પોતાના દ્વારા કરવામાં આવેલ સાચા-ખોટા કામોની પ્રશંસા કરે છે તથા ધન-સંપત્તિને ભેગી કરવામાં પુરૂષાર્થી હોય છે તેમજ વિષયાસક્ત થઈને ધર્મની ઉપેક્ષા કરે છે. (શ્લોક ૧૪ થી ૧૭)

તે આર્તધ્યાન વ્રતોથી રહિત મિથ્યાદષ્ટિ, સાસ્વાદન સમ્યગ્દષ્ટિ, સમ્યગ્મિથ્યાદષ્ટિ અને અવિરત સમ્યક્દષ્ટિ તથા સંયતાસંયત તેમજ પ્રમાદયુક્ત સંયમવાળા જીવોને હોય છે. (શ્લોક-૧૮)

**૨. રૌદ્રધ્યાન :** હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી અને વિષય સંરક્ષાનુબંધી એમ ચાર પ્રકારે રૌદ્રધ્યાન રહેલું છે.

૧. ક્રોધમાં આવીને એકેન્દ્રિયાદિ જીવોને મારવા (પીટવા), નાકાદિ છેદવા, દોરડાથી બાંધવા તેમજ પ્રાણનો ત્યાગ થઈ જાય તેવું નિરંતર ચિંતન થાય તે હિંસાનુબંધી રૌદ્રધ્યાન છે.

૨. પરની નિંદા કરવી, અસત્ય તેમંજ પ્રાણીના પ્રાણ હરવા આદિ અનેક પ્રકારના અસત્ય વચન બોલવારૂપ નિરંતર ચિંતન કરવું તેને મૃષાનુબંધી રૌદ્રધ્યાન કહે છે. જેનું અંતઃકરણ પાપથી કલુષિત રહે છે તથા જે માયાપૂર્ણ વ્યવહારથી બીજાને ઠગવામાં પ્રવૃત્ત રહે છે તેને આ રૌદ્રધ્યાન હોય છે.

૩. જેનું ચિત્ત ક્રોધ અને લોભથી વશીભૂત થઈને બીજાની ધન-સંપત્તિ આદિનું અપહરણ કરવામાં પ્રવૃત્ત થાય છે તેને સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન કહે છે.

૪. વિષય સંરક્ષાનુબંધી નામના રૌદ્રધ્યાનમાં જીવ વિષયભોગને માટે તેના સાધનભૂત ધનને સાચવવાની નિરંતર વિચારદશામાં જ રહે છે.

નરકગતિના કારણભૂત આ ચાર પ્રકારના રૌદ્રધ્યાન મિથ્યાદષ્ટિથી માંડીને સંયતાસંયત ગુણસ્થાન સુધી રહેવાનો સંભવ છે. આર્તધ્યાનવાળા જેવી જ રૌદ્ર ધ્યાનીની લેશ્યાઓ રહેલી છે. (શ્લોક ૧૯-૨૭)

૩. **ધર્મધ્યાન :** ધર્મધ્યાનની શરૂઆતમાં જ કહેવામાં આવ્યું છે કે મુનિએ ૧. ધ્યાનની ભાવનાઓ, ૨. દેશ, ૩. કાળ, ૪. આસનવિશેષ, ૫. આલંબન, ૬. ક્રમ, ૭. ધ્યાતવ્ય, ૮. ધ્યાતા, ૯. અનુપ્રેક્ષા, ૧૦. લેશ્યા, ૧૧. લિંગ અને ૧૨. ફળ. આને જાણીને ધર્મધ્યાન-ચિંતન કરવું જોઈએ. ત્યારબાદ શુકલધ્યાનનું ધ્યાન કરવું જોઈએ. (શ્લોક ૨૮, ૨૯). હવે એ બાર રીતે ધર્મધ્યાનનું વિવરણ કરે છે.

૧. **ભાવના :** ધ્યાનની પૂર્વે જેણે ભાવનાઓ દ્વારા અથવા તેના વિષયોમાં અભ્યાસ કરી લીધો છે તે ધ્યાનની યોગ્યતાને પ્રાપ્ત કરી લે છે. એ ભાવનાઓ આ છે – **જ્ઞાન, દર્શન, ચારિત્ર** અને **વૈરાગ્ય.** જ્ઞાનનો અભ્યાસ કરવો એ જ્ઞાન ભાવના છે. આના માધ્યમથી ધ્યાતાનું મન અશુભ વ્યાપારને છોડીને શુભમાં સ્થિર થાય છે. તેમજ તેના દ્વારા તત્ત્વ-અતત્ત્વનું રહસ્ય જાણી લેવાથી ધ્યાતા સ્થિર બુદ્ધિવાળો થઈને ધ્યાનમાં લીન થઈ જાય છે.

તત્ત્વાર્થ શ્રદ્ધાનું નામ દર્શન છે. શંકા, કાંક્ષા આદિ પાંચ દોષોથી રહિત તેમજ પ્રશમ અને સ્થૈર્ય આદિ ગુણોથી યુક્ત થઈને તે દર્શનના આરાધનને દર્શન ભાવના કહે છે. દર્શનથી વિશુદ્ધ થનારો ધર્મધ્યાનનો ધ્યાતા ધ્યાનના વિષયમાં ક્યારેય વિભ્રાંત નથી થતો. બધા જ સાવદ્યયોગની નિવૃત્તિરૂપ ક્રિયાનું નામ ચારિત્ર છે અને તેના અભ્યાસનું નામ ચારિત્ર ભાવના છે. આ ચારિત્ર ભાવનાથી સંવર, પૂર્વસંચિત કર્મોની નિર્જરા, સાતાવેદનીયાદિ પુણ્ય પ્રકૃત્તિઓનું ગ્રહણ અને ધ્યાન કોઈપણ પ્રકારના પ્રયાસ વગર-અનાયાસ પ્રાપ્ત થઈ જાય

છે. સંસારના સ્વભાવને જાણીને વિષયાસક્તિથી વિરક્ત થવું તે વૈરાગ્યભાવના છે. આ વૈરાગ્યભાવનાથી જેનું મન સુવાસિત થઈ જાય છે તે આ લોક-પરલોકાદિ ભયથી રહિત થઈને તેમજ આશાથી આ લોક અને પરલોક વિષયક સુખ અભિલાષાથી પણ રહિત થઈ જવાના કારણે ધ્યાનમાં અતિશય સ્થિર થઈ જાય છે. (૩૦-૩૪)

૨. દેશ : એક સામાન્ય નિયમ છે કે મુનિનું-સાધકનું સ્થાન હંમેશા સ્ત્રી, પશુ, નપુંસક અને કુશીલ લોકોથી રહિત હોવું જોઈએ. જેનું શરીર બંધારણ સારૂં છે, ધૈર્યતા પ્રગટ થયેલી છે, જ્ઞાનાદિ ભાવનાઓમાં વ્યસ્ત રહી શકે છે અને જેનું મન અતિશય સ્થિરતાને પ્રાપ્ત થયેલું છે તેને માટે ઉપર કહ્યા પ્રમાણેના સ્થાન માટે જરૂરિયાત જરૂરી નથી હોતી. તેઓ તો લોકોથી ભરપૂર ગામ કે નિર્જન વનમાં પણ નિર્બાધ્યરૂપથી ધ્યાન કરી શકે છે. ધ્યાતા માટે તે સ્થાન બરાબર ગણાય કે જ્યાં મન, વચન તેમજ કાયાના યોગો સમ રહેતા હોય અને પ્રાણીની હિંસાથી રહિત હોવું જોઈએ. (૩૫ થી ૩૭)

૩. કાળ : જેમ સ્થાન માટે કહેવામાં આવ્યું છે, તેમ જ સમય-કાળના વિષયમાં પણ સમજવું જોઈએ એટલે કે ધ્યાન માટે તે કાળ ઉપયોગી થાય છે કે જેમાં યોગોને ઉત્કૃષ્ટપણે શાંત કરવામાં મદદરૂપ થાય. તે સિવાય કાળ અંગે ધ્યાતા માટે દિવસ કે રાત્રિ આદિનો કોઈ વિશેષ નિયમ નિર્દિષ્ટ કરવામાં આવ્યો નથી. (૩૮)

**૪. આસનવિશેષ :** સામાન્યપણે ધ્યાન માટે શરીરની કોઈપણ અવસ્થા બાધક બનતી નથી. તેમાં સ્થિર રહી કાર્યોત્સર્ગ, પદ્માસન કે વીરાસનાદિથી ધ્યાન કરવું જ યોગ્ય છે. કારણ કે એ દેશ, કાળ અને આસનાદિરૂપ બધી જ અવસ્થાઓમાં મુનિઓએ પાપકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાનાદિને પ્રાપ્ત કરેલ છે. એટલે જ આગમોમાં ધ્યાનને યોગ્ય દેશ, કાળ, આસનવિશેષ માટે કોઈ નિયમ નિર્દિષ્ટ કરવામાં આવ્યા નથી. પણ એટલું જ કહેવામાં આવ્યું છે કે જે પ્રકારે ધ્યાનના

સમયે યોગો સ્વસ્થ રહે તેવો જ પ્રયત્ન કરવો જોઈએ. (૩૯ થી ૪૧)

**૫. આલંબન :** શ્રવણ, વાંચન, પૂછવું, પરાવર્તન કરવું, અનુપ્રેક્ષા તથા સામાયિક આદિ સદ્ધર્મ આવશ્યક ધ્યાનના આલંબન કહ્યા છે. આનો આશ્રય લઈને સાધક ઉત્તમ ધ્યાન કરી શકે છે. (૪૨-૪૩)

**૬. ક્રમ :** ક્રમનો વિચાર કરીને અહીંયા લઘુતાભાવ રાખીને ધર્મધ્યાનની સાથે શુકલધ્યાનનો ક્રમ પણ નિરૂપણ કરવામાં આવ્યો છે. આ બાબતમાં એમ કહેવામાં આવ્યું છે કે જે મોક્ષમાં જવાની તૈયારીમાં છે, તેઓનો અંતમુહૂર્ત કાળ બાકી રહે છે ત્યારે ક્રમથી મનયોગ આદિનો નિગ્રહ-નિરોધ કરે છે. એ શુકલધ્યાનની પ્રતિપતિનો ક્રમ છે. બાકીના માટે ધ્યાનની પ્રતિપત્તિનો ક્રમ સમાધિની અનુસાર જાણવો જોઈએ. (૪૪)

**૭. ધ્યાતવ્ય :** ધ્યાતવ્યનો અર્થ ધ્યાનને યોગ્ય વિષય ધ્યેય છે. તે આજ્ઞા વિચય, અપાય વિચય, વિપાક વિચય અને સંસ્થાન વિચય એમ ચાર પ્રકારે ધર્મધ્યાન ધ્યાવવામાં આવે છે.

**આજ્ઞા વિચય :** ધર્મધ્યાન કરવાવાળાએ અહીંયા એમ વિચારણા કરવાની છે કે જિનેશ્વરોએ જે કહ્યું છે તે અસત્ય હોતું નથી, કારણ કે તેઓએ વીતરાગીપણે, નિસ્પૃહપણે રહીને પદાર્થ વિષે કહેલું છે. માટે સત્ય માની તેઓની આજ્ઞા પ્રમાણે ચાલવા પુરૂષાર્થ કરવો તે આજ્ઞા વિચય છે. તેમજ જેમ કહ્યું છે તેમ માનીને ચાલવું. (૪૫-૪૯)

**અપાય વિચય :** જે પ્રાણી રાગદ્વેષ, કષાય અને આસ્રવાદિ ક્રિયાઓમાં રાચી રહ્યા છે તેઓ આ લોક અને પરલોકમાં અનેક પ્રકારના અપાય (દુઃખ)ને પ્રાપ્ત થાય છે. ધર્મધ્યાન કરવાવાળાએ આનો પરિત્યાગ કરીને અપાયોના વિષયોમાં વિચારણા કરવાની રહે છે. (૫૦)

**વિપાક વિચય :** વિપાક એટલે કર્મનો ઉદય. મન, વચન અને કાયાના યોગો વડે તથા મિથ્યાદર્શનાદિરૂપ જીવ-ગુણોના પ્રભાવથી ઉત્પન્ન થવાવાળા કર્મનો વિપાક-પ્રકૃત્તિ, સ્થિતિ પ્રદેશ, અનુભાગના ભેદથી થાય છે. આ વિપાક શુભ અને અશુભ (પુણ્ય-પાપ) એ બે ભાગોમાં વિભક્ત થાય છે. તેનો વિચાર ધર્મધ્યાન કરવાવાળાએ કરવાનો છે. (૫૧)

**સંસ્થાન વિચય :** અહીંયા ધર્મધ્યાન કરવાવાળો સાધક દ્રવ્યોના લક્ષણ, સંસ્થાન, આધાર, ભેદ, પ્રમાણ અને ઉત્પાદ, વ્યય પર્યાયોનો વિચાર કરતો કરતો ધર્માસ્તિકાદિ પાંચ અસ્તિકાયરૂપ લોકની સ્થિતિનો વિચાર કરે છે તેમજ જીવ ઉપયોગ સ્વરૂપ, અનાદિ નિધન, શરીરથી ભિન્ન, અરૂપી અને પોતાના કર્મનો કર્તા તેમજ ભોક્તા છે, તેનો વિચાર કરે છે. તેમજ કર્મના કારણે પોતાનું પરિભ્રમણ થઈ રહ્યું છે, તે કર્મનો નાશ કેમ થઈ શકે તેનો વિચાર કરે છે. સંસારને સમુદ્ર સાથે સરખાવવામાં આવ્યો છે. તે બન્ને કેવી રીતે સમાન કહેવાય તેનો પણ વિચાર કરવાનો છે. (૫૨-૬૨)

**૮. ધ્યાતા :** ધર્મધ્યાનનો ધ્યાતા જ્ઞાનરૂપી ધનથી સંપન્ન મુનિ-સાધક છે. જેઓ મદ, વિષય, કષાય, નિંદા, વિકથારૂપ પ્રમાદોથી પર થયેલા છે તેમજ મોહનીયકર્મને ક્ષય કરવા માટે પુરૂષાર્થી બન્યા છે અથવા ઉપશાંત મોહ-મોહનીય કર્મને શાંત કરવામાં (ઉપશમાવવામાં) પુરૂષાર્થી છે.

આવો ધ્યાતા શુકલ ધ્યાનને પણ ધ્યાવે છે. (શુકલ ધ્યાનના પ્રથમના બે પાયા-પૃથકત્વ વિતર્ક વિચાર અને એકત્વ વિતર્ક અવિચારને ધ્યાવે છે.) બાકીના બે પાયાને સંયોગી કેવળી અને અયોગી કેવળી ધ્યાવે છે. (૬૩, ૬૪)

**૯. અનુપ્રેક્ષા :** ધર્મધ્યાનનો સમય પૂરો થયા પછી સાધક ૧૨ અનુપ્રેક્ષાઓનું ચિંતન કરે છે. અનિત્યાદિ બાર ભાવનાઓનું

અનુપ્રેક્ષારૂપ ચિંતન કરે છે. (૬૫)

**૧૦. લેશ્યા :** ધર્મધ્યાન કરનારા સાધકમાં ઉત્તરોત્તર વિશુદ્ધતાને પામતી પીત લેશ્યા, પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યા - આ ત્રણ પ્રકારની લેશ્યાઓ હોય છે. જે તીવ્ર, મંદ કે મધ્યમ ભેદોવાળી રહેલી છે. (૬૬)

**૧૧. લિંગ :** ધર્મધ્યાનની ઓળખરૂપે - આગમ, ઉપદેશ, આજ્ઞા અને નિસર્ગથી જિનેશ્વર દ્વારા ઉપદેશવામાં આવેલ પદાર્થની શ્રદ્ધા થવી અને તેથી જિનદેવ, સાધુ અને તેમના ગુણોનું કિર્તન આદિથી ધર્મધ્યાની ઓળખાય છે. (૬૭, ૫૮)

**૧૨. ફળ :** દેવલોક વિ.ની પ્રાપ્તિ. ધર્મધ્યાનમાંથી આગળ વધી જાય તો શુકલ ધ્યાન દ્વારા કેવળજ્ઞાન પામી મોક્ષમાં પણ જઈ શકે છે. (૬૮)

**૪. શુકલ ધ્યાન :** જે પ્રકારે ભાવનાદિ ૧૨ અધિકાર ધર્મધ્યાન વખતે કહ્યા છે તે જ ૧૨ અધિકારોને હેતુરૂપ લઈને શુકલધ્યાનની પ્રરૂપણા કરવામાં આવી છે. તેમાં પ્રથમના ચાર – ભાવના, દેશ, કાળ અને આસન એ ચાર અધિકારો ધર્મધ્યાનની પ્રમાણે જ ગણવામાં આવે છે. તેથી પાંચથી બાર અધિકારોનું જ નિરૂપણ શુકલધ્યાનના આશ્રયથી કરવામાં આવ્યું છે.

**૫. આલંબન :** ક્ષમા, માર્દવ, આર્જવ અને મુક્તિ એ શુકલ ધ્યાનના આલંબન કહેવામાં આવ્યા છે. (૬૯)

**૬. ક્રમ :** પૃથકત્વવિતર્ક સવિચાર, એકત્વવિતર્ક અવિચાર, સૂક્ષ્મ ક્રિયા નિવૃતિ અને વ્યુચ્છિન્ન ક્રિયાપ્રતિપાતિ એ ચાર ભેદ શુકલધ્યાનના છે. પ્રથમના બેનું નિરૂપણ ધર્મધ્યાનના અધિકારમાં પણ કરવામાં આવ્યું છે.

મનનો વિષય ત્રણે લોક છે. તેને છદ્મસ્થ ધ્યાતા ક્રમથી સંક્ષેપ

કરતો તે મનને પરમાણુમાં સ્થાપિત કરે છે અને તીવ્રપણે સ્થિરતાપૂર્વક ધ્યાન કરે છે, ત્યારબાદ તે પરમાણુથી પણ પાછા હટીને તે મનથી સર્વથા રહિત થઈને કેવળી થયા બાદ અંતિમ બે શુકલ ધ્યાનના ભેદના ધ્યાતા થાય છે. ત્રણે લોકરૂપ શરીરમાં વ્યાપ્ત મનરૂપી વિષને ધ્યાતા બળથી ડંખ સમાન પરમાણુમાં રોકી દે છે અને ત્યારબાદ જિનરૂપ વૈદ્ય તેને તે પરમાણુથી પણ હટાવવાનો પુરૂષાર્થ કરાવે છે. આમ મનનો નિરોધ થયા પછી ક્રમથી વચનયોગ અને કાયયોગનો નિરોધ કરીને તે શૈલ (પર્વત) સમાન સ્થિર થઈ જાય છે અને અયોગી સિદ્ધ થઈ જાય છે. (૭૦-૭૬)

૭. ધ્યાતવ્ય : પૃથકત્વ વિતર્ક સવિચાર નામના શુકલ ધ્યાનમાં ધ્યાતા અનેક નયોના આશ્રયથી આત્માદિમાં કોઈ એક વસ્તુગત ઉત્પાદ, સ્થિતિ અને ભંગ-વ્યયરૂપ પર્યાયોનો વિચાર કરે છે. આ ધ્યાનમાં અર્થથી અર્થાંતર, વ્યંજન (શબ્દ)થી વ્યંજનાંતર અને વિવક્ષિત યોગથી યોગાન્તરમાં સંક્રમણ થાય છે, એટલે જ તે સવિચાર કહેવામાં આવ્યો છે અને તે વીતરાગને જ થાય છે. (૭૭, ૭૮)

એકત્વ વિતર્ક અવિચાર નામના બીજા શુકલધ્યાનમાં ધ્યાતા ઉત્પાદાદિ પર્યાયોમાંથી કોઈ એક જ પર્યાયનો વિચાર કરે છે. આ ધ્યાનમાં ચિત્ત વાયુના સંચારથી રહિત દીપકની સમાન સ્થિર થઈ જાય છે. આ ધ્યાનમાં અર્થથી અર્થાંતર આદિનું સંક્રમણ થતું નથી, એટલા માટે તેને અવિચાર કહેવામાં આવેલ છે. (૭૯, ૮૦)

જે યોગોનો કંઈક અંશે નિરોધ કરી ચૂક્યો છે તથા જેના શ્વાસોચ્છ્વાસરૂપ સૂક્ષ્મ કાયાની ક્રિયા જ બાકી રહી છે એવા કેવળીને જ્યારે મુક્ત થવામાં અંતર્મુહૂર્ત બાકી રહી જાય છે ત્યારે સૂક્ષ્મ ક્રિયા નિવર્તિ નામનું ત્રીજા પ્રકારનું શુકલ ધ્યાન હોય છે. (૮૧) મેરૂપર્વતની સમાન અચળ થઈને શૈલેષી અવસ્થાને પ્રાપ્ત થયેલ કેવળીને વ્યુચ્છિન્ન ક્રિયા પ્રતિપાતિ નામનું ચોથું શુકલધ્યાન હોય છે. (૮૨)

ચારે પ્રકારના શુકલધ્યાન કેવી રીતે હોય છે તે કહે છે. પ્રથમ શુકલ ધ્યાન એક યોગ અથવા બધા યોગમાં હોય છે. બીજા શુકલધ્યાનમાં ત્રણે યોગમાંથી કોઈ એક યોગમાં હોય છે. ત્રીજામાં કાયયોગમાં જ હોય છે અને ચોથા શુકલધ્યાનમાં યોગોથી રહિત થઈ જવા પછી અયોગી જિનને હોય છે. (૮૩)

સયોગી અને અયોગી કેવળીઓના ચિત્તનો અભાવ થઈ જવા છતાં પણ જીવોપયોગનો સદ્‌ભાવ રહેતો હોવાથી ક્રમશઃ સૂક્ષ્મ ક્રિયા નિવર્તિ અને વ્યુચ્છિન્ન ક્રિયાપ્રતિપાતિ આ બે શુકલધ્યાન હોય છે. (૮૪-૮૬)

૮. **ધ્યાતા :** શુકલ ધ્યાનનો ધ્યાતા ધર્મધ્યાનમાં જે કહેવામાં આવ્યું છે તેવો જ હોય છે. (૬૩-૬૪)

૯. **અનુપ્રેક્ષા :** શુકલધ્યાની ધ્યાન સમાપ્ત થવા પછી પણ આશ્રવદ્વાર અપાય, સંસારાશુભાનુભાવ, અનંતભવ સંતાન અને વસ્તુ વિપરિણામ - આ ચાર અનુપ્રેક્ષાનું ચિંતન કરે છે. (૮૭-૮૮)

**૧૦. લેશ્યા :** પ્રથમ બે શુકલધ્યાન શુકલ લેશ્યામાં અને ત્રીજું પરમ શુકલ લેશ્યામાં થાય છે, ચોથું શુકલધ્યાન લેશ્યાથી રહિત છે. (૮૯)

**૧૧. લિંગ :** અવધા, અસંમોહ, વિવેક, વ્યુત્સર્ગ આ ચાર શુકલધ્યાનના લિંગ કહેવામાં આવ્યા છે. પરિષહ અને ઉપસર્ગ વડે ધ્યાનથી વિચલિત નથી થતા અને ભયભીત થતા નથી. એને અવધા લિંગ કહેવાય છે. સૂક્ષ્મ પદાર્થો અને દેવ નિર્મિત માયામાં મૂઢતા કરતા નથી. આ અસંમોહનું લક્ષણ છે. આત્માને શરીરથી ભિન્ન સમજવું તથા બધા સંયોગોને જોવા તે વિવેક લિંગ છે. નિઃસંગ થઈને શરીર અને ઉપધિનો પરિત્યાગ કરવો તેને વ્યુત્સર્ગ કહેવાય છે. (૯૦ થી ૯૨)

**૧૨. ફળ :** શુકલધ્યાનના ફળનો વિચાર કરતાં કહેવામાં આવ્યું છે કે શુભાસ્રવ, સંવર, નિર્જરા અને દેવસુખ આ શુભાનુબંધી ધર્મધ્યાનનું ફળ છે, વિશેષરૂપથી શુભાસ્રવ આદિ અને અનુપમ દેવસુખ એ પ્રથમ બે પ્રકારના શુકલધ્યાનનું ફળ છે.

અહીંયા દેવસુખ મળે તેમ કહેવામાં આવ્યું છે. કારણ કે શ્રેણી માંડતા પહેલાં ધર્મધ્યાનની સાથે પ્રથમના બે શુકલ ધ્યાન હોય છે અને ગુણસ્થાનક ક્રમારોહણને અનુલક્ષીને જોઈએ તો કોઈપણ જીવ ૧૦મા ગુણસ્થાનકમાં આયુષ્ય પૂર્ણ કરે તો દેવસુખને પ્રાપ્ત કરે છે અને પછીના ભવમાં મોક્ષને પામે છે. એમ સમજવાનું છે. બીજા બે શુકલધ્યાનોનું ફળ નિર્વાણની પ્રાપ્તિ છે. (૯૩, ૯૪)

આ પ્રકારે ધર્મ અને શુકલ ધ્યાન નિર્વાણના કારણ કેમ અને કેવી રીતે છે તેના જુદાં જુદાં દૃષ્ટાંતો દ્વારા સિદ્ધ કરવામાં આવ્યું છે. (૯૫-૧૦૨)

અંતમાં ધ્યાન દ્વારા આ લોક સંબંધી શારીરિક અને માનસિક દુઃખ દૂર થાય છે, એમ બતાવતાં બધા ગુણોના આધારભૂત અને દૃષ્ટ-અદૃષ્ટ સુખના સાધકને આવા પ્રશસ્ત ધ્યાનના શ્રદ્ધાન, જ્ઞાન અને ચિંતનની પ્રેરણા કરવામાં આવી છે. (૧૦૩-૧૦૫)

## ૨. ધ્યાનશતક – ધ્યાન અધ્યયન –
## શ્રી જિનભદ્ર ક્ષમાશ્રમણ કૃત

**वीरं सुक्कज्झाणग्गिदड्ढकम्मिंघण पणभिउणं ।**
**जोईसरं सरण्णं ज्झाणज्झायणं पवक्खामि ॥१॥**

હું શુકલધ્યાનરૂપ અગ્નિ દ્વારા કર્મરૂપ ઈંધણને બાળી નાખવાવાળા યોગીશ્વર અથવા શરણરૂપ વીરને નમસ્કાર કરીને ધ્યાન અધ્યયન કહું છું. (૧)

જે ધ્યાન શોક આદિ દોષોને દૂર કરે છે તેને શુકલ ધ્યાન કહેવામાં આવે છે. હવે ધ્યાનનું લક્ષણ કહે છે.

**जं थिरमज्झावसाणं तं ज्झाणं जं चलं तयं चित्तं ।**
**तं होज्ज भावणा वा अणुपेहा वा अहव चिंता ॥२॥**

જે સ્થિર અધ્યવસાય છે મન એકાગ્ર થયેલું છે તેનું નામ ધ્યાન છે. એનાથી વિપરીત જે ચંચળ-અસ્થિર મન છે, તે ચિત્ત છે. અસ્થિર ચિત્તના ભાવના, અનુપ્રેક્ષા અને ચિંતા એમ ત્રણ પ્રકાર છે. (૨)

સામાન્યપણે ભાવના, અનુપ્રેક્ષા અને ચિંતામાં ભેદ નથી. પણ વિશેષરૂપમાં તે ત્રણે ભિન્ન પણ છે. ભાવના એ ધ્યાન-અભ્યાસ માટે છે. સ્મૃતિરૂપ ધ્યાનથી ભ્રષ્ટ થતાં જીવના ચિત્તની જે ચેષ્ટા થાય છે તે અનુપ્રેક્ષા છે: ભાવના અને અનુપ્રેક્ષાથી ભિન્ન-જુદી-ચિત્તની જે પ્રવૃત્તિ થાય છે તેને ચિંતા કહેવાય છે. (અ.સા.ધ્યા.અ.ગાથા. ૧)

હવે આ ધ્યાનનો સમય અને સ્વામિનું નિરુપણ કરવામાં આવે છે.

**अंतोमुहुत्तमेत्तं चित्तावत्थाणमेगवत्थुंभि ।**
**छउमत्थाणं झाणं जोगनिरोहो जिणाणं तु ॥३॥**

અંતર્મુહૂર્ત સમય સુધી જે એક વસ્તુમાં ચિત્તની સ્થિરતા છે, તે છદ્મસ્થોનું ધ્યાન છે તથા જેમાં યોગોનો પણ નિરોધ થઈ જાય છે તે જિન (કેવળી)નું ધ્યાન છે. (૩)

જેના જ્ઞાનાવરણાદિ ચાર ઘાતી કર્મ ઉદયમાં છે તે છદ્મસ્થો કહેવાય છે. કેવળીની અપેક્ષાએ તેમનું જ્ઞાન અલ્પ ગણાય છે. હવે છદ્મસ્થના ધ્યાન બાદ શું થાય છે, તેને સ્પષ્ટ કરે છે.

**अंतोमुहुत्तपरओ चिंता झाणंतरं व होज्जाहि ।**
**सुचिरंपि होज्ज बहुवत्थुसंकमे झाणसंताणो ॥४॥**

અંતર્મુહૂર્ત પછી તેમને ચિંતા અથવા ધ્યાનાન્તર થઈ જાય છે. આત્મા ઘણી પર વસ્તુઓમાં સંક્રમણ કરે છે, તે ધ્યાનની પરંપરા લાંબા-દીર્ઘ સમય સુધી ચાલે છે જેને ધ્યાન સંતતિ કહેવામાં આવે છે. (૪)

અંતર્મુહૂર્ત પછી ધ્યાન તૂટે, પરંતુ તૂટેલું ધ્યાન એના એ વિષયમાં કે અન્ય વિષયમાં લાગી શકે. આવી રીતે, બે ધ્યાનની વચ્ચેનો જે સમય છે, તેને 'ધ્યાન-અંતરિકા' અથવા 'ધ્યાનનું આંતરુ' કહેવામાં આવે છે. આંતરા સાથે ચાલતા ધ્યાનને ધ્યાનની શ્રેણી, ધ્યાનની સંતતિ કે ધ્યાન ધારા કહેવામાં આવે છે. (અ.સા.ધ્યા.અ.ગાથા ૨) હવે ધ્યાનના પ્રકાર અને તેનું ફળ જણાવે છે.

**अट्टं रुद्दं धम्मं सुक्कं झाणाइ तत्थ अंताइं ।**
**निव्वाणसाहणाइं भवकारणमट्ट-रुद्दाइं ॥५॥**

આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ એમ ધ્યાનના ચાર પ્રકાર છે (ભેદ છે). એમાં આર્ત અને રૌદ્ર એ બે ધ્યાન સંસારના કારણરૂપ છે. ધર્મ અને શુકલધ્યાન નિર્વાણ-મોક્ષના સાધક છે. (ફળ છે.) (૫) (અ.સા.ધ્યા.અ.ગાથા ૩)

આર્ત શબ્દ 'ઋત' શબ્દ પરથી આવ્યો છે. ઋતનો એક અર્થ દુઃખ થાય છે. દુઃખમાં થવાવાળી પરિણતિનું નામ આર્તધ્યાન છે. હિંસાદિ રૂપ તીવ્ર ક્રૂરતાયુક્ત ચિંતન અથવા પરિણતિને રૌદ્રધ્યાન કહે છે. શ્રુત અને ચારિત્રરૂપ ધર્મથી યુક્તને ધર્મધ્યાન કહે છે. જે ધ્યાન જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મરૂપ મળને દૂર કરે છે અથવા શોકનો નાશ કરે છે તેને શુકલધ્યાન કહે છે.

આગળ ગ્રંથકાર ચારે ધ્યાન વિષે ક્રમથી વર્ણન કરતાં પ્રથમ ચાર પ્રકારના આર્તધ્યાનનું નિરુપણ કરે છે.

**अमणुण्णाणं सद्दाइविसयवत्थूण दोसमइलस्स ।**
**धणियं विओगचिंतणमसंपओगाणुसरणं च ॥६॥**

દ્વેષથી મલિન થયેલ પ્રાણીને અમનોજ્ઞ-અનિષ્ટ વિષયોનો વિયોગ કરવાની ચિંતા તથા ભવિષ્યમાં તેનો અસંપ્રયોગ એટલે ફરીથી તેનો સંયોગ ન થાય તેની ચિંતા રહે છે તે પ્રથમ પ્રકારનું આર્તધ્યાન કહેવાય છે. (૬) (અ.સા.ધ્યા.અ.ગાથા ૪)

બીજા આર્ત્તધ્યાનનું સ્વરૂપ કહે છે.

**तह सूल-सीसरोगाइवेयणाए तीवजोगपणिहाणं ।**
**तदसंपओगचिंता तप्पडियाराउलमणस्स ॥७॥**

માથાનો દુઃખાવો વિ. થવાથી તેનો પ્રતિકાર કરવા માટે વ્યાકુળ થવું અને વેદના નાશ પામ્યા પછી ભવિષ્યમાં તેનો પુનઃસંયોગ ન થાય તેનું ચિંતન થવું તે બીજા પ્રકારનું આર્તધ્યાન છે. (૭) (અ.સા.ધ્યા.અ.ગાથા ૪)

હવે ત્રીજા પ્રકારના આર્તધ્યાન વિષે કહે છે.

**इट्ठाणं विसयाईण वेयणाए य रागरत्तस्स ।**
**अवियोगऽज्झवसाणं तह संजोगाभिलासो य ॥८॥**

રાગયુક્ત પ્રાણીના અભીષ્ટ શબ્દાદિ ઇન્દ્રિય વિષયો (મનોજ્ઞ). તેની આધારભૂત વસ્તુઓ અને મનોજ્ઞ વિષયોમાં તેનો વિયોગ થવા વિષે નિરંતર ચિંતન થાય છે તથા તેનો સંયોગ નથી તો ભવિષ્યમાં તેનો સંયોગ કેવા પ્રકારથી થશે એ પ્રકારની જે અભિલાષા રહે છે તે ત્રીજા પ્રકારનું આર્તધ્યાન છે. (૮)

ચોથા પ્રકારના આર્તધ્યાનનું સ્વરૂપ કહે છે.

**देविंद-चक्कवट्टित्तणाइं गुण-रिद्धिपत्थणमईयं ।**
**अहमं नियाणचिंतणमण्णाजाणुगयमच्चंतं ॥९॥**

ઇન્દ્રો અને ચક્રવર્તીઓ આદિના ગુણો અને ઋદ્ધિની ઇચ્છા કરવા (યાચના કરવા) રૂપ નિદાનનું ચિંતન કરવું તે ચોથા પ્રકારનું આર્તધ્યાન છે. અતિશય અજ્ઞાનથી અનુગત હોવાને કારણે તેને અધમ સમજવું જોઈએ. (૯) (અ.સા.ધ્યા.અ.ગાથા ૫)

આવતા ભવોમાં મારા તપનું ફળ 'આ મળો' એવી ભાવનાને નિદાન કહેવામાં આવે છે. આ પ્રકારનું નિદાન જીવને પછી ઘણા કાળ સુધી સંસારમાં ભમાવે છે. માટે તેને "અધમ" કહ્યું છે. હવે આર્તધ્યાન કોને થાય છે તે કહે છે.

**एयं चउव्विहं राग-दोस-मोहंकियस्स जीवस्स ।**
**अट्टज्झाणं संसारवद्धणं तिरियगइमूलं ॥१०॥**

આ ચાર પ્રકારનું આર્તધ્યાન રાગ, દ્વેષ અને મોહ (અજ્ઞાન)થી ઘેરાયેલા કલુષિત પ્રાણીને હોય છે, જે તિર્યંચગતિનું મૂળ કારણ હોવાથી સંસાર વધારવાવાળું છે. (૧૦)

**मज्झत्थस्स उ मुणिणो सकम्मपरिणामजणियमेयंति ।**
**वत्थुस्सभावचिंतणपरस्स समं(म्मं) सहंतस्स ॥११॥**

મુનિ રાગ અને દ્વેષમાં મધ્યમાં સ્થિત હોય છે. તે કોઈ વસ્તુને

ઈષ્ટ માનીને તેનો રાગ કરતા નથી અને અનિષ્ટ માનીને દ્વેષ કરતાં નથી. એટલા માટે દુઃખ આદિની વેદના હોય ત્યારે તે વિચાર કરે છે કે – આ તો પોતાના પૂર્વકૃત કર્મના વિપાકથી પ્રાપ્ત થયા છે. આ પ્રકારે વસ્તુ સ્વભાવના ચિંતનમાં તત્પર થઈને તેને સમતાપૂર્વક સહન કરે છે. તે તેના વિયોગના ચિંતનથી વ્યાકુળ થતા નથી એટલે રાગદ્વેષથી રહિત હોવાને કારણે તેને તે વેદનાના વિયોગ બાબત આર્તધ્યાન સંભવ નથી. પણ જેનું અંતઃકરણ રાગ-દ્વેષથી કલુષિત છે તેને તે અવશ્ય હોય છે, થાય છે. (૧૧)

**कुणओ व पसत्थालंबणस्स पडियारमप्पसावज्जं ।**
**तव-संजमपडियारं च सेवओ धम्ममणियाणं ॥१२॥**

જે સાધુ પ્રશસ્ત જ્ઞાનાદિરૂપ ઉપકારક વસ્તુનો આલંબનરૂપ આશ્રય લઈને તે વેદનાનો અલ્પ સાવદ્યયુક્ત પ્રતિકાર કરે છે તથા નિદાનથી રહિત થઈને તપ-સંયમરૂપ પ્રતીકારનું સેવન કરે છે તેને નિદાનથી રહિત ધર્મધ્યાન હોય છે, આર્તધ્યાન હોતું નથી. (૧૨)

**रागो दोसो मोहो य जेण संसारहेयवो भणिया ।**
**अट्टं मि य ते तिण्णिवि तो तं संसार-तरुवीयं ॥१३॥**

જે કારણે રાગ-દ્વેષ અને મોહ-આસક્તિને સંસારનું કારણ કહેવામાં આવ્યું છે તે ત્રણે પ્રાકૃત આર્ત-ધ્યાનમાં સંભવરૂપ છે. એટલા માટે જ તેને સંસારરૂપ વૃક્ષનું બીજ કહ્યું છે. (૧૩) હવે આર્તધ્યાનવાળા જીવને સંભવિત લેશ્યાઓ કહેવામાં આવે છે.

**कावोय-नील-कालालेस्साओ णाइसंकिलिट्ठाओ ।**
**अट्टज्झाणोवगयस्स कम्मपरिणामजणिआओ ॥१४॥**

આર્તધ્યાનવાળા જીવને કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી કાપોત, નીલ અને કૃષ્ણ આ ત્રણ લેશ્યાઓ હોય, પણ તેઓને એટલી સંકલીષ્ટ

નથી હોતી જેટલી રૌદ્ર ધ્યાનીમાં સંકલીષ્ટ હોય છે. (૧૪) (અ.સા.ધ્યા. અ.ગાથા ૬) હવે આર્તધ્યાનના લક્ષણો-ચિહ્નો કહે છે.

**तस्सऽक्कंदण-सोयण-परिदेवण-ताडणाइं लिंगाइं ।**
**इट्ठाऽणिट्ठविओगाऽविओग-वियणानिमित्ताइं ॥१५॥**

આક્રંદન, શોચન, પરિદેવન અને તાડન – આ તે આર્તધ્યાનીને ઓળખવાના હેતુ છે. જે ઈષ્ટ વિયોગ, અનિષ્ટ-અવિયોગ અને વેદનાના નિમિત્તથી હોય છે. (૧૫) (અ.સા.ધ્યા.અ.ગાથા ૭)

આક્રંદન એટલે કે ઊંચા સાદે આંસુ સાથે રડવું. શોચન એટલે શોક કરવો. પરિદેવન એટલે દીનતાયુક્ત રુદન અને તાડન એટલે છાતી અથવા માથું પીટવું તેને તાડન કહેવાય છે. આ ચિહ્નોથી આર્તધ્યાનીને ઓળખી શકાય છે. આગળ કહે છે –

**निंदइ य नियकयाइं पसंसइ सविम्हओ विभूईओ ।**
**पत्थेइ तासु रज्जइ तयज्जणपरायणो होइ ॥१६॥**

તે પોતાના દ્વારા કરવામાં આવેલા નિરર્થક અથવા અલ્પફળવાળા કાર્યોની નિંદા કરે છે તથા આશ્ચર્યચકિત થઈને બીજાની વિભૂતિઓની-સંપત્તિની પ્રશંસા કરે છે તેમજ તેને માટે પ્રાર્થના કરે છે, તેની ઈચ્છા કરે છે. જો ઈચ્છા પ્રમાણે તેને પ્રાપ્ત થાય તો તે તેમાં અનુરાગ કરે છે અને જો તે પ્રાપ્ત ન થઈ તો, તેને મેળવવામાં ઉદ્યમી થઈ જાય છે. (૧૬) (અ.સા.ધ્યા.અ.ગાથા ૮ ) હજી આગળ કહે છે.

**सद्दाइविसयगिद्धो सद्धम्मपरम्मुहो पमायपरो ।**
**जिणमयमणवेक्खंतो वट्टइ अट्टंमि झाणंमि ॥१७॥**

તે શબ્દાદિ ઈન્દ્રિય વિષયોમાં લુબ્ધ થઈને યથાર્થ ધર્મથી વિમુખ થઈને પ્રમાદમાં પડી જાય છે. દારૂ આદિના સેવનમાં આસક્ત થાય છે, આ પ્રકારે તે જિનેશ્વરોના વચનોની ઉપેક્ષા કરીને આર્તધ્યાનમાં

પ્રવૃત્ત થાય છે. (૧૭) (અ.સા.ધ્યા.અ.ગાથા ૯) આ આર્તધ્યાન કોને થાય છે, એનો નિર્દેશ કરી તેને છોડવાની પ્રેરણા કરે છે.

**तदविरय-देसविरया-पमायपरसंजयाणुगं झाणं ।**
**सव्वप्पमायमूलं वज्जेयव्वं जइजणेणं ॥१८॥**

તે આર્તધ્યાન અવિરતિ મિથ્યાદૃષ્ટિ, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ સમ્યક્દૃષ્ટિ અને પ્રમાદયુક્ત સંયમી જીવને હોય છે. તે બધા પ્રકારના પ્રમાદનું મૂળ કારણ છે, તેથી મુનિજનોએ તેનો પરિત્યાગ કરવો જોઈએ. આ ધ્યાન અનર્થનું મૂળ હોવાથી તેનો ત્યાગ મુનિ અને શ્રાવક બન્નેએ કરવાનો છે. (૧૮) (અ.સા.ધ્યા.અ.ગાથા ૧૦)

આ પ્રકારે આર્તધ્યાનનું નિરૂપણ કરીને હવે હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી અને વિષયસંરક્ષણાનુબંધી એમ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન કહે છે.

**सत्तवह-वेह-बंधण-डहणंऽकण-मारणाइपणिहाणं ।**
**अइकोहग्गहधत्थं निग्घिणमणसोऽहमविवागं ॥१९॥**

અતિશય ક્રોધરૂપ પિશાચ વડે વશીભૂત થઈને નિર્દય અંતઃકરણવાળો, પ્રાણીઓનો વધ કરવો, બંધ, ડામ દેવા, મારવા અથવા આવો ભાવ કરવો તે હિંસાનુબંધી નામનું પ્રથમ રૌદ્રધ્યાન છે. (૧૯) (અ.સા.ધ્યા.અ.ગાથા ૧૧)

**पिसुणासब्भासब्भूय-भूयघायाइवयणपणिहाणं ।**
**मायाविणोऽइसंघणपरस्स पच्छन्नपावस्स ॥२०॥**

બીજા પ્રકારનું રૌદ્રધ્યાન કહે છે.

માયાચાર કરવો, બીજાને છેતરવા કે ઠગવામાં તત્પર એવા પ્રચ્છન્ન પાપવાળા અંતઃકરણવાળો, જીવની ચાડી કરવી, અસભ્ય અને અસદ્ભૂત વાણીનો અને પ્રાણીઘાત આદિરૂપ વચનોમાં પ્રવૃત્ત

ન થવા છતાં તેના પ્રત્યે જે દઢ અધ્યવસાય થાય છે તે મૃષાનુબંધી રૌદ્ર ધ્યાન છે. (૨૦) (અ.સા.ધ્યા.અ.ગાથા ૧૧) હવે સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન કહે છે.

**तह तिव्वकोह-लोहाउलस्स भूओवधायणमणज्जं ।**
**परदव्वहरणचित्तं परलोयावायनिरवेक्खं ॥२१॥**

તીવ્ર ક્રોધથી વ્યાકુળ, લોભથી વ્યાકુળ રહે છે તેનું ચિત્ત બીજાના ચેતન, અચેતન દ્રવ્યોના અપહરણમાં જોડાયેલા રહે છે. બીજાનું દ્રવ્ય ચોરી લેવું તે વિચાર નિંદવા યોગ્ય છે અને ક્યારેક તેમાંથી પ્રાણી હિંસાનું કારણ બની જાય છે. આ પ્રકારનો રૌદ્રધ્યાની પરલોકમાં થવાવાળા અપાયને કારણે નરકગતિની પ્રાપ્તિ થાય તેની પણ પરવા કરતો નથી. (૨૧) (અ.સા.ધ્યા.અ.ગાથા ૧૨)

હવે વિષયસંરક્ષણાનુબંધી નામના રૌદ્રધ્યાનને કહે છે.

**सद्दाइविसयसाहणधणसारक्खणपरायणमणिट्ठं ।**
**सव्वाभिसंकणपरोवधायकलुसाउलं चित्तं ॥२२॥**

શબ્દાદિરૂપ ઇન્દ્રિય વિષયોના કારણરૂપ ધન છે. આથી વિષયાસક્ત જીવનું ચિત્ત ધનના સંરક્ષણની જ યુક્તિ-પ્રયુક્તિમાં રચ્યું-પચ્યું રહે છે. તે પ્રત્યે તેનો સંદેહ બન્યો રહે છે કે ન જાણે કોણ ક્યારે શું કરશે. આથી યથાશક્તિ બધાને મારી નાખવા એ શ્રેયસ્કર છે. આવા કલુષિત વિચાર રહે છે તે ચોથું વિષય સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે. (૨૨) (અ.સા.ધ્યા.અ.થાગા ૧૨)

આ રૌદ્રધ્યાનનું ફળ કહે છે અને કોને હોય છે ?

**इय करण-कारणाणुमइविसयमणुचिंतणं चउब्भेयं ।**
**अविरय-देसासंजयजणमणसंसेवियमहण्णं ॥२३॥**

આ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન પોતે કરવું, બીજા પાસે કરાવવું,

કરતાને અનુમોદન આપવું આ ત્રણ રીતે થાય છે. આ સામાન્ય રૌદ્રધ્યાનનું ચિંતન મિથ્યાદષ્ટિ, અવિરતિ સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિ સમ્યગ્દષ્ટિ કરે છે. પાંચમાં ગુણસ્થાનથી આગળ થતું નથી. (૨૩) (અ.સા.ધ્યા.અ.ગાથા ૧૩)

**एयं चउव्विहं राग-दोष-मोहाउलस्स जीवस्स ।**
**रोद्दज्झाणं संसारवद्धणं नरयगइमूलं ॥२४॥**

આ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન રાગ, દ્વેષ અને મોહ(અજ્ઞાન)થી વ્યાકુળ જીવને થાય છે. તે સામાન્યપણે તેના પરિભ્રમણને વધારે છે તથા વિશેષરૂપથી તે નરકગતિનું મૂળ કારણ છે. (૨૪)

**कावोय-नील-काला लेसाओ तिव्वसंकलिट्ठाओ ।**
**रोद्दज्झाणोवगयस्स कम्मपरिणामजणियाओ ॥२५॥**

રૌદ્રધ્યાનવાળા જીવના કર્મ પરિણામ અતિશય કલેશવાળા હોવાથી ત્રણે અશુભ લેશ્યાઓ - કાપોત, નીલ અને કૃષ્ણ હોય છે. (અ.સા.ધ્યા.અ.ગાથા ૧૪) (૨૫) રૌદ્રધ્યાનવાળાના લક્ષણ બતાવે છે.

**लिंगाइँ तस्स उस्सण्ण-बहुल-नाणाविहाऽऽमरणदोसा ।**
**तेसिं चिय हिंसाइसु बाहिरकरणोवउत्तस्स ॥२६॥**

– હિંસાનુબંધી આદિ ચાર પ્રકારના રૌદ્રધ્યાનમાં વચન અને કાયાથી યુક્ત ઉપયોગ વડે પ્રવૃત્ત થઈને ઉત્સન્ન દોષ[1], બહુલદોષ[2], નાનાવિધદોષ[3] અને આમરણદોષ[4] કરે છે. આ તેના લક્ષણ છે. (૨૬) (અ.સા.ધ્યા.અ.ગાથા ૧૫)

ઉત્સન્ન દોષ - ચારેય પ્રકારના રૌદ્ર ધ્યાનમાંથી કોઈ એકમાં તીવ્રપણે પ્રવૃત્ત થવું તે. બહુલ દોષ - ચારેય પ્રકારનાં રૌદ્રધ્યાનમાં વિસ્તારથી પ્રવૃત્તિ કરવી તે. નાનાવિધ દોષ - ચામડી ઉતરડવી, આંખો ફોડી નાખવી આદિ હિંસારૂપ પ્રવર્તન થવું તે. આમરણદોષ - હિંસાદિ કાર્યો કરવા છતાં જીવનના અંત સુધી પશ્ચાતાપ ન કરવો તે.

**परवसणं अहिनंदइ निरवेक्खो निद्दओ निरणुतावो ।**
**हरिसिज्जइ कयपावो रोद्दज्झाणोवगयचित्तो ॥२७॥**

જેનું ચિત્ત રૌદ્રધ્યાનમાં લીન રહે છે, તે બીજાના દુઃખોમાં (મુશ્કેલીઓમાં) આનંદિત થાય છે, તેનો નાશ થાય તેના ભયરહિત[૫], દયાવિહીન[૬] (નિર્દયતાવાળો) તથા તેના માટે તે પશ્ચાતાપ[૭] પણ કરતો નથી. પાપાચરણ કરીને પણ આનંદિત થાય છે. આ પણ (રૌદ્રધ્યાનીના) લક્ષણો છે. (૨૭) (અ.સા.ધ્યા.અ.ગાથા ૧૬)

**झाणस्स भावणाओ देसं कालं तहाऽऽसणविवेसं ।**
**आलंबणं कमं झाइयव्वयं जे य झायारो ॥२८॥**

**तत्तोऽणुप्पेहाओ लेस्सा लिंग फलं च नाऊणं ।**
**धम्मं झ्झाइज्ज मुणी तग्गयजोगो तओ सुक्कं ॥२९॥**

આ પ્રકારે રૌદ્રધ્યાનનું કહેવાનું પૂરું કરીને આગળ ધર્મધ્યાનની પ્રરૂપણા કરતાં પ્રથમ બે મુદ્દા (દ્વાર) કહે છે.

મુનિએ (સાધકે) જ્ઞાનાદિ ભાવનાઓ, દેશ, કાળ, આસન-વિશેષ, આલંબન, ક્રમ, ધ્યાતવ્ય, ધ્યાતા, અનુપ્રેક્ષા, લેશ્યા, લિંગ અને ફળને જાણીને ધર્મધ્યાનનું ચિંતન કરવું જોઈએ. આ પ્રકારે ધર્મધ્યાનનો અભ્યાસ કરીને ત્યારબાદ શુકલ ધ્યાનનું ચિંતન કરવુ જોઈએ. (ધ્યાવવું જોઈએ.) (૨૮, ૨૯) (અ.સા.ધ્યા.અ.ગાથા ૧૭, ૧૮)

હવે ૧૨ દ્વારોનું નિરૂપણ ક્રમથી કરે છે. પ્રથમ ભાવનાદ્વારનું કથન કરે છે.

**पुव्वकायब्भासो भावणाहि झाणस्स जोग्गयमुवेइ ।**
**ताओ य नाण-दंसण-चरित्त-वेरग्गनियताओ ॥३०॥**

જેણે ધ્યાન કરતાં પહેલા ભાવનાઓ દ્વારા અભ્યાસ કર્યો છે તે ધ્યાનની યોગ્યતાને પ્રાપ્ત થાય છે, ધ્યાન કરવા યોગ્ય થાય છે. આ

ભાવનાઓ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વૈરાગ્યરૂપ છે. (૩૦) (અ.સા.ધ્યા.અ.ગાથા ૧૯)

**णाणे णिच्चब्भासो कुणइ मणोधारणं विसुद्धिं च ।**
**नाणगुणमुणियारसारो तो झाइ सुनिच्चलमईओ ॥३१॥**

જ્ઞાન (શ્રુતજ્ઞાન)નો નિરંતર વિચાર કરવાથી મનને સ્થિર કરી શકાય છે. તેને અશુભ ભાવોના વ્યાપારોમાં જતું અટકાવીને સ્થિર કરે છે તથા સૂત્ર અને અર્થ વિષયક વિશુદ્ધિને સાચવવાની, જ્ઞાનગુણ દ્વારા જેણે યથાર્થ સ્વરૂપ જાણી લીધું છે તે તીવ્રપણે બુદ્ધિને સ્થિર કરીને ધ્યાન કરે છે. જ્ઞાનનો અભ્યાસ કરવાથી ધ્યાનના કારણભૂત મનની સ્થિરતા થાય છે. (૩૧) ( અ.સા.ધ્યા.અ.ગાથા ૧૯,૨૫ )

**संकाइदोसरहिओ पसम-थेज्जाइगुणगणोवेओ ।**
**होई असंमूढमणो दंसणसुद्धीए झाणंमि ॥३२॥**

જે શંકા-કાંક્ષાદિ દોષોથી રહિત થઈને તત્વવિષયક જ્ઞાન વડે પ્રશમ આદિ ગુણો વડે યુક્ત થઈને તેનું મન દર્શન વિશુદ્ધિના કારણે ધ્યાનના વિષયમાં મૂઢતાને પ્રાપ્ત થતો નથી. (૩૨) (અ.સા.ધ્યા.અ.ગાથા ૧૯)

**नवकम्माणायाणं पोराणविणिज्जरं सुभायाणं ।**
**चारित्तभावणाए झाणमयत्तेण य समेइ ॥३३॥**

ચારિત્ર ભાવના દ્વારા (૧) નવા કર્મો ગ્રહણ કરવાનો અભાવ થાય છે, (૨) પૂર્વના કરેલા કર્મો ઉદય આવીને નિર્જરી જાય છે. (૩) શુભ (પુણ્ય) કર્મોનું ગ્રહણ અને ધ્યાન કોઈપણ પ્રકારના પ્રયત્ન વિના જ પ્રાપ્ત થાય છે. (૩૩) (અ.સા.ધ્યા.અ.ગાથા ૧૯)

**सुविदियजगस्सभावो निस्संगो निब्भओ निरासो य ।**
**वेरग्गभावियमणो झाणंभि सुनिच्चलो होई ॥३४॥**

જેણે જગતના સ્વભાવને (સ્વરૂપને) બરાબર જાણી લીધું છે તથા

જે સંગ, ભય અને આશાથી રહિત થયેલો છે, તેનું અંતઃકરણ વૈરાગ્યભાવનાથી સુસંસ્કૃત થઈ જાય છે. એથી ધ્યાનમાં સ્થિરતાને સારી રીતે મેળવી શકે છે. તેનાથી ક્યારેય વિચલિત નથી થતો. (૩૪) (અ.સા.ધ્યા.અ.ગાથા ૧૯,૨૧)

નિશ્ચલત્વ, અસંમોહ, પૂર્વકર્મોની નિર્જરા, સંગ અને આશંસાનો ઉચ્છેદ એ અનુક્રમે ચાર ભાવનાનાં ફળ છે. (અ.સા.ધ્યા.અ.ગાથા ૨૦) હવે દેશદ્વારનું નિરૂપણ કરે છે.

**निच्चं चिय जुवइ-पसू-नपुंसग-कुसीलवज्जियं जइणो ।**
**ठाणं वियणं भणियं विसेसओ झाणकालंभि ॥३५॥**

સાધુ માટેનું દેશદ્વાર સ્ત્રી, પશુ (તિર્યંચ), નપુસંક અને કુશીલ - જુગારી આદિ નિંદનીય આચરણ કરવાવાળાથી રહિત હોવું જોઈએ. વળી ધ્યાનના સમયે તો તે વિશેષરૂપથી ઉપર જણાવેલ પ્રમાણે વ્યક્તિ વિશેષથી રહિત હોવું જોઈએ. (૩૫) (અ.સા.ધ્યા.અ.ગાથા ૨૬)

**थिर-कयजोगाणं पुण मुणीण झाणे सुनिच्चलमणाणं ।**
**गाभंभि जणाइण्णे सुण्णे रण्णे व ण विसेसो ॥३६॥**

જેનું મન સ્થિર થયેલું છે તેને માટે ગામમાં કે નિર્જન વનમાં કોઈ વિશેષતા નથી કારણ કે તે ગામની વચમાં કે એકાંત વનમાં પણ સ્થિરતાપૂર્વક ધ્યાન કરી શકે છે. (૩૬) (અ.સા.ધ્યા.અ.ગાથા ૨૭)

**जो ( तो ) जत्थ समाहाणं होज्ज मणोवयण-कायजोगाणं ।**
**भूओवरोहरहिओ सो देसो झायमाणस्स ॥३७॥**

એટલા માટે જયાં મન, વચન, કાયાના યોગો સ્વસ્થ રહે છે તે પ્રદેશ ધ્યાન કરવાવાળા યોગી માટે યોગ્ય છે. વિશેષપણે એટલું છે કે તે ભૂતોપરોધથી રહિત - પ્રાણી હિંસા તેમજ અસત્યભાષણ

આદિથી રહિત હોવું જોઈએ. (૩૭) ( અ.સા.ધ્યા.અ.ગાથા ૨૭ )
હવે કાળ દ્વારનું નિરૂપણ કરે છે.

**कालोऽवि सोच्चिय जहिं जोगसमाहाणमुत्तमं लहइ ।**
**न उ दिवस-निसा-वेलाइनियमणं झाइणो भणियं ॥३८॥**

દેશની જેમ કાળ પણ ધ્યાન માટે તે જ યોગ્ય છે કે જેમાં યોગોનું ઉત્તમ સમાધાન પ્રાપ્ત થાય છે. ધ્યાતા માટે દિન, રાત્રિ અને વેળા-કાળના એક દેશરૂપ મુહૂર્ત આદિના નિયમનો નિર્દેશ કરવામાં આવ્યો નથી. તેનું રહસ્ય એ છે કે પરિપક્વ ધ્યાતા કોઈપણ સમયમાં નિર્બાધરૂપથી ધ્યાનસ્થ થઈ શકે છે. (૩૮)

હવે આસનદ્વારનું નિરૂપણ કરે છે.

**जच्चिय देहावत्था जिया ण झाणोवरोहिणी होइ ।**
**झाइज्जा तदवत्थो ठिओ निसण्णो निवण्णो वा ॥३९॥**

દેહની સ્થિતિને જે આસન વિગેરે અનુકૂળ આવે તે અવસ્થામાં બેસીને ધ્યાતા કાર્યોત્સર્ગથી, વીરાસનાદિ અથવા દંડાયત આદિ સ્વરૂપથી ધ્યાનમાં તલ્લીન થઈ શકે છે. (૩૯) (અ.સા.ધ્યા.અ.ગાથા ૨૯)

**सव्वासु वट्टमाणा मुणओ जं देस-काल-चेट्ठासु ।**
**वरकेवलाइलाभं पत्ता बहुसो समियपावा ॥४०॥**

**तो देस-काल-चेट्ठानियमो झाणस्स नत्थि समयंमि ।**
**जोगाण समाहाणं जह होइ तहा (प)यइयव्वं ॥४१॥**

મુનિઓએ દેશ, કાળ અને ચેષ્ટા-શરીરની અવસ્થા - આ બધી અવસ્થાઓમાં સ્થિર રહીને અનેક પ્રકારના પાપ કર્મોનો નાશ કરીને સર્વોત્તમ એવું કેવળજ્ઞાનાદિને પ્રાપ્ત કરેલ છે. એટલે જ દેશ, કાળ અને આસન વિશેષાદિનો કોઈ નિયમ શાસ્ત્રોમાં બતાવવામાં આવ્યો

નથી, પરંતુ જે પ્રકારથી યોગોની - મન, વચન, કાયાની સ્વસ્થતા પ્રાપ્ત થાય છે તે રીતે પ્રયત્ન-પુરૂષાર્થ કરવાનો છે. (૪૦-૪૧) (અ.સા.ધ્યા.અ.ગાથા ૩૦)

**आलंबणाइं वायण-पुच्छण-परियट्टणाऽणुचिंताओ ।**
**सामाइयाइयाइं सद्धम्मावस्सयाइं च ॥४२॥**
**विसमंमि समारोहइ दढदव्वालंबणो जहा पुरिसो ।**
**सुत्ताइकयालंबो तह झाणवरं समारुहइ ॥४३॥**

વાંચના, પૂછના, પરાવર્તના, અનુપ્રેક્ષા (નિદિધ્યાસન) તથા સામાયિકાદિ તેમજ સદ્ધર્મ આવશ્યક આદિ - આ ધ્યાનના આલંબન છે. જેમ કોઈ પ્રકારે પણ કોઈ પુરૂષ દોરડા વિગેરેનો આશ્રય લઈને વિષમ-દુર્ગમ સ્થાન ઉપર ચઢી જાય છે, તે પ્રકારે ધ્યાતા સૂત્ર આદિ-વાંચના આદિનો સહારો લઈને ઉત્તમ ધર્મધ્યાન પર સ્થિર થઈ જાય છે. (૪૨-૪૩) (અ.સા.ધ્યા.અ.ગાથા ૩૧ - ૩૨) ક્રમદ્વારનું વર્ણન કરે છે.

**झाणप्पडिवत्तिकमो होइ मणोजोगनिग्गहाईओ ।**
**भवकाले केवलिणो सेसाण जहासमाहीए ॥४४॥**

ભવભ્રમણના સમયમાં – મોક્ષપ્રાપ્તિના પહેલાં અંતર્મુહૂર્તકાળ રહેવાવાળી શૈલેષી અવસ્થામાં કેવળીનું ધ્યાન શુકલધ્યાનના ત્રીજા ચોથા પાયા દ્વારા ક્રમથી મનયોગ, વચનયોગ અને કાયયોગના નિગ્રહરૂપ છે. બાકીના ધર્મધ્યાન કરવાવાળાને તેની પ્રાપ્તિનો ક્રમ સમાધિ અનુસાર છે. જે પ્રકારથી યોગોની સ્વસ્થતા (એકાગ્રતા-સ્થિરતા) થાય તે પ્રમાણે તેની પ્રતિપતિનો ક્રમ સમજવાનો છે. (૪૪) (અ.સા.ધ્યા.અ.ગાથા ૩૩,૩૪)

હવે ધ્યાતવ્ય દ્વારની વાત કરે છે.

**सुनिउणमणाइणिहणं भूयहियं भूयभावणमह (ण) ग्घं ।**
**अभियमजियं महत्थं महाणुभावं महाविसयं ॥४५॥**

**झाइज्जा निरवज्जं जिणाणमाणं जगप्पईवाणं ।**
**अणिउणजणदुण्णेयं नय-भंग-पमाण-गमगहणं ॥४६॥**

તે ધ્યાતવ્ય (ધ્યાનનો વિષય) – આજ્ઞા-અપાય-વિપાક અને સંસ્થાન વિચયના ભેદથી ચાર પ્રકારનું છે.

(૧) અતિશય નિપુણ (નિપુણતાથી ભરેલી) (૨) અનાદિ નિધન (અનાદિકાળથી તે જ સ્વરૂપે રહેલી) (૩) ભૂતહિતા (પ્રાણીઓનું હિત કરવાવાળી) (૪) ભૂતભાવના (સત્યથી ભાવિત) (૫) અનર્ઘ્ય (મહામૂલ્યવાન) (૬) અમૃતા (અમૃત જેવી) (૭) અજિતા (અજેય) (૮) મહાર્થા (મહાન અર્થવાળી) (૯) મહાનુભાવા (મહા સામર્થ્યવાન) (૧૦) મહાવિષયા (મહા વિષયવાળી) (૧૧) નિરવદ્ય (પાપરહિત, નિર્દોષ) (૧૨) અનિપુણજનથી દુર્જ્ઞેય (સામાન્ય મણસથી ન સમજાય તેવી (૧૩) નય, ભંગ, પ્રમાણ અને ગમથી ગંભીર જિનાજ્ઞા-જિનવાણીનો આ રીતે સર્વોચ્ચ મહિમા દર્શાવ્યો છે તેનું ધ્યાન કરવું જોઈએ. (૪૫-૪૬) (અ.સા.ધ્યા.અ.ગાથા ૩૫,૩૬)

**तत्थ य मइदोब्बलेणं तव्विहायरियविरहओ वावि ।**
**णेयगहणत्तणेण य णाणावरणोदएणं च ॥४७॥**

**हेऊदाहरणासंभवे य सइ सुट्ठु जं न बुज्झेज्जा ।**
**सब्वण्णुमयमवितहं तहावि तं चिंतए मइमं ॥४८॥**

બુદ્ધિની નિર્બળતાથી, વસ્તુસ્વરૂપનું યથાર્થ વર્ણન કરવાવાળા આચાર્યોના અભાવથી, જ્ઞેયની ગંભીરતાથી, જ્ઞાનાવરણીયના ઉદયથી તથા જિજ્ઞાસાવાળા પદાર્થથી જ્ઞાયક હેતુ અને ઉદાહરણથી અસંભવ હોવા છતાં, જો તત્ત્વને બરાબર નહીં સમજવામાં આવે તો પણ તે વિષય બુદ્ધિમાન જીવે 'સર્વજ્ઞનો મત યથાર્થ છે તે અસત્ય ન હોઈ શકે' એવો વિચાર કરવો જોઈએ. (૪૭, ૪૮)

**अणुवकयपराणुग्गहपरायणा जं जिणा जगप्पवरा ।**
**जियराग-दोस-मोहा य णण्णहावादिणो तेणं ॥४९॥**

જગતમાં શ્રેષ્ઠ જિન ભગવાન - રાગ, દ્વેષ અને મોહને જીતીને - તેનાથી રહિત થઈને બીજા દ્વારા પ્રતિઉપકારની અપેક્ષા ન રાખતાં છતાં ધર્મોપદેશાદિ દ્વારા બીજાને ઉપકાર કરવા તત્પર રહે છે એટલે તેઓ અન્યથા વચન નથી બોલતા, વસ્તુ સ્વરૂપનો અસત્ય ઉપદેશ કરી શકતા નથી. પણ જે વસ્તુસ્વરૂપનો અસત્ય ઉપદેશ કર્યા કરે છે, તે સર્વજ્ઞ નથી અને રાગ-દ્વેષ મોહ વડે વશીભૂત થયેલો છે. (૪૯)

હવે અપાય વિચયનું વર્ણન કરે છે.

**रागद्दोस-कसाया ऽऽसवादिकिरियासु वट्टमाणाणं ।**
**इह-परलोयावाओ झाइज्जा वज्जपरिवज्जी ॥५०॥**

અકાર્યના પરિત્યાગી ધ્યાતાએ રાગ, દ્વેષ, કષાય અને આસ્રવ ક્રિયાઓમાં પ્રવર્તમાન પ્રાણીઓના આ લોક અને પરલોક સંબંધી વિનાશનો વિચાર કરવો જોઈએ. (૫૦) (અ.સા.ધ્યા.અ.ગાથા ૩૭)

હવે વિપાક વિચયનું વિવેચન કરે છે.

**पयइ-ठिइ-पएसाऽणुभावभिन्नं सुहासुहविहत्तं ।**
**जोगाणुभावजणियं कम्मविवागं विचिंतेज्जा ॥५१॥**

પ્રકૃત્તિ, સ્થિતિ, પ્રદેશ અને અનુભાગના ભેદથી ઉત્પન્ન થયેલા કર્મના વિપાકને - શુભ અથવા અશુભ - આ બે ભેદમાં જુદા કહ્યા છે. મન, વચન અને કાયારૂપ યોગ અને અનુભાગ-મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાયથી ઉત્પન્ન થવાવાળા તે કર્મ વિપાકનો ધર્મધ્યાન કરવાવાળાએ વિચાર કરવાનો છે તે વિપાક વિચય. (૫૧)
હવે સંસ્થાન વિષય ભેદને કહે છે.

**जिणदेसियाइ लक्खण-संठाणाऽऽसण-विहाण-माणाइं ।**
**उप्पायट्ठिइभंगाइ पज्जवा जे य दव्वाणं ॥५२॥**

ધર્મધ્યાન કરનારા સાધકે જિન ભગવાન દ્વારા ઉપદેશવામાં આવેલા દ્રવ્યોના લક્ષણ, આકાર, આસન, ભેદ અને માનનું તથા ઉત્પાદ્, વ્યય અને ધ્રૌવ્યની અપેક્ષાએ વિચાર કરવાનો છે. (૫૨) (અ.સા.ધ્યા.અ.ગાથા ૩૮)

**पंचत्थिकायमइयं लोगमणाइणिहणं जिणक्खायं ।**
**णामाइभेयविहियं तिबिहमहोलोयभेयाइं ॥५३॥**

જિનેન્દ્ર દ્વારા લોકને ધર્મ, અધર્મ અસ્તિકાયાદિ પાંચ દ્રવ્ય સ્વરૂપ અને અનાદિ અનંત જણાવેલો છે. તેનું પણ ચિંતન ધર્મધ્યાન કરવાવાળાએ કરવાનું છે. તે નામ, સ્થાપનાદિના ભેદથી આઠ અથવા નવ પ્રકારના અને અધોલોકાદિના ભેદથી ત્રણ પ્રકારના છે. (૫૩)

**खिइ-वलय-दीव-सागर-नरय-विमाण-भवणाइसंठाणं ।**
**वोमाइपइट्ठाणं निययं लोगट्ठिइविहाणं ॥५४॥**

પૃથ્વી, વલય(વાયુમંડળ), દ્વીપ, સમુદ્ર, નરક, વિમાન અને ભવન આદિના આકારની સાથે જ, જેનો આધાર આકાશાદિ છે તે શાશ્વત્ લોક સ્થિતિ વિધાનનું પણ ચિંતન કરવું જોઈએ. (૫૪) હવે જીવના સંબંધમાં તે શું વિચાર કરે છે તે કહે છે.

**उवओगलक्खणमणाइनिहणमत्थंतरं सरीराओ ।**
**जीवमरूविं कारिं भोयं च सयस्स कम्मस्स ॥५५॥**

**तस्स य सकम्मजणियं जम्माइजलं कसायपायालं ।**
**वसणसयसावयमणं मोहावत्तं महाभीमं ॥५६॥**

**अण्णाण-मारुएरियसंजोग-बिजोगवीइसंताणं ।**
**संसार-सागरमणोरपारमसुहं विचिंतेज्जा ॥५७॥**

જીવનું લક્ષણ ઉપયોગ-જ્ઞાન અને દર્શન છે. તે અનાદિ અનંત શરીરથી ભિન્ન, અરૂપી અને પોતાના કરેલા કર્મનો કર્તા અને ભોક્તા છે. તેનો પોતાના કર્મથી ઉત્પન્ન થયેલો સંસારરૂપ સમુદ્ર છે. તે જન્મ-મરણાદિરૂપ પાણીથી પરિપૂર્ણ, કષાયોરૂપ પાતાળ સહિત, સેંકડો આપત્તિઓરૂપ હિંસક જીવ વિશેષોથી ભરેલો, મોહરૂપ ભંવરોથી યુક્ત, મહાભયંકર અને અજ્ઞાનરૂપ વાયુથી પ્રેરિત , સંયોગ વિયોગરૂપ લહેરોની પરંપરા સાથે રહેલો છે. તે સંસારરૂપ સમુદ્ર અનાદિ-અનંત તેમજ અશુભ છે. આ ચિંતન ધર્મધ્યાનવાળાએ કરવાનું છે. (૫૫, ૫૬, ૫૭). (અ.સા.ધ્યા.અ.ગાથા ૪૦, ૪૫) આ સંસાર સમુદ્ર પાર ઉતરવા કોણ સમર્થ છે તે જણાવે છે.

**तस्स य संतरणसहं सम्मद्दंसण-सुबंधणमणग्धं ।**
**णाणमयकण्णधारं चारित्तमयं महापोयं ।।५८।।**

**संवरकयनिच्छिद्दं तव-पवणाइद्धजइणतरवेगं ।**
**वेरग्गभग्गपडियं विसोत्तियावीइनिक्खोभं ।।५९।।**

**आरोढुं मुणि-वणिया महग्घसीलंग-रयणपडिपुन्नं ।**
**जह तं निव्वाणपुरं सिग्धमविग्धेण पावंति ।।६०।।**

આ સંસાર સમુદ્રથી પાર ઉતરવા માટે ચારિત્રરૂપી નાવ સમર્થ છે. જેનું ઉત્તમ બંધન સમ્યગ્દર્શન છે, જે નિષ્પાપ છે, જેનો સુકાની જ્ઞાન છે, જે આસ્રવોના નિરોધરૂપ સંવર દ્વારા છેદરહિત કરવામાં આવી છે. જેનો વેગ તપરૂપ વાયુથી પ્રેરિત છે, જે વૈરાગ્યમાર્ગ ઉપર ચાલે છે. તથા જે દુર્ધ્યાનરૂપ લહેરો દ્વારા ક્ષોભ પામતી નથી. મહામૂલ્યવાન, શીલાંગરૂપ રત્નોથી પરિપૂર્ણ તે ચારિત્રરૂપ વિશાળ નાવ પર આરુઢ થઈને મુનિરૂપી વ્યાપારી તે નિર્વાણપુર-મુક્તિપુરીને કોઈપણ પ્રકારના વિઘ્નો કે બાધાઓ રહિત ત્વરાથી પ્રાપ્ત થાય છે. (૫૮, ૫૯, ૬૦) (અ.સા.ધ્યા.અ.ગાથા ૪૬,૫૦) મુક્તિ પ્રાપ્ત

થયા પછીના જીવનું સુખનું સ્વરૂપ બતાવે છે.

**तत्थ य तिरयणविणिओगमइयमेगंतियं निरावाहं ।**
**साभावियं निरुवमं जह सोक्खं अक्खयमुवेंति ॥६१॥**

જીવ નિર્વાણને પ્રાપ્ત થયા પછી ઉપયોગ સ્વરૂપ, એકાંતિક સુખ-સંપૂર્ણ બાધારહિત સ્વાભાવિકપણે પ્રાપ્ત કરે છે. તે સુખ સહજ આત્માનું, ઉપમાથી પર અને સર્વોત્કૃષ્ટ સાદિ શાંતના ભાંગા પ્રમાણે રહેલું છે. (૬૧)

**किं बहुणा ? सव्वं चिय जीवाइपयत्थवित्थरोवेयं ।**
**सव्वनयसमूहमयं झाइज्जा समयसब्भावं ॥६२॥**

બહુ કહેવાથી શું ? જે સમયના સદ્‌ભાવ, આગમના રહસ્યરૂપ જીવાજીવાદિ પદાર્થોના વિસ્તાર સહિત અને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આદિ નયોના સમૂહ સ્વરૂપ છે, તે બધાનું ચિંતન ધર્મધ્યાન કરનારાએ કરવું જોઈએ. (૬૨)

**सव्वप्पमायरहिया मुणओ खीणोवसंतमोहा य ।**
**झ्क्तायारो नाण-घणा धम्मज्झाणस्स निद्दिट्ठा ॥६३॥**

ધર્મધ્યાનનો ધ્યાતા જ્ઞાનરૂપ ધનથી સંપન્ન તે મુનિઓ છે કે જેઓ મદ, વિષય, કષાય, નિંદા અને વિકથારૂપ બધા પ્રમાદથી રહિત થઈને ક્ષીણમોહ અથવા ઉપશાંતમોહમાં પુરૂષાર્થી છે. (૬૩) (અ.સા.ધ્યાં.અ.ગાથા ૬૨,૬૮)

**एएच्चिय पुव्वाणं पुव्वधरा सुप्पसत्थसंघयणा ।**
**दोण्ह सजोगाजोगा सुक्काण पराण केवलिणो ॥६४॥**

પૂર્વે કહ્યા પ્રમાણે ધર્મધ્યાનનો ધ્યાતા પ્રથમના બે શુકલ ધ્યાનોને ધ્યાવે છે. વિશેષમાં એટલું છે કે તેનું અતિશય પ્રશસ્ત સંહનન છે,

શ્રુતકેવળી હોય છે અને શુકલ ધ્યાનના છેલ્લા બે ધ્યાનને ધ્યાવીને અયોગી કેવળી બને છે. (૬૪) (અ.સા.ધ્યા.અ.ગાથા ૬૯) હવે અનુપ્રેક્ષા દ્વારનું વર્ણન કરે છે.

**झाणोवरमेऽवि मुणी णिच्चमणिच्चाइभावणापरमो ।**
**होइ सुभावियचित्तो धम्मज्झाणेण जो पुव्विं ॥६५॥**

જે મુનિએ ધર્મધ્યાન દ્વારા ચિત્તને સુવાસિત કરેલ છે, તે ધર્મધ્યાન પૂરું થયા પછી હંમેશા અનિત્ય, અશરણ આદિ અનુપ્રેક્ષાઓના ચિંતનમાં તત્પર રહે છે. (૬૫) ( અ.સા.ધ્યા.અ.ગાથા ૭૦ ) હવે લેશ્યા દ્વારનું વર્ણન કરે છે.

**होंति कमविसुद्धाओ लेसाओ पीय-पम्म-सुक्काओ ।**
**धम्मज्झाणोवगयस्स तिव्व-मंदाइमेयाओ ॥६६॥**

ધર્મધ્યાન કરતા જીવને ક્રમથી વિશુદ્ધિની પ્રાપ્તિ થવાવાળી પીત, પદ્મ અને શુકલ આ ત્રણ લેશ્યાઓ હોય છે. આ પ્રત્યેક તીવ્ર, મંદ આદિ ભેદોથી યુક્ત હોય છે. (૬૬) (અ.સા.ધ્યા.અ.ગાથા ૭૧)

હવે લિંગ દ્વારનું વર્ણન કરે છે.

**आगम-उवएसाऽऽणा-णिसग्गओ जं जिणप्पणीयाणं।**
**भावाणं सद्दहणं धम्मज्झाणस्स तं लिंगं ॥६७॥**
**जिणसाहूगुणकित्तण-पसंसणा-विणय-दाणसंपण्णो ।**
**सुअ-सील-संजरमओ धम्मझाणी मुणेयव्वो ॥६८॥**

આગમ, ઉપદેશ, આજ્ઞા, સ્વભાવ (નિસર્ગ)થી જે જિન ભગવાન દ્વારા ઉપદેશવામાં આવ્યું છે તેની શ્રધ્ધા થવી તે ધર્મધ્યાનનું લિંગ છે. (નિસર્ગ એટલે સ્વભાવ). (૬૭) જે જિન, સાધુ અને તેના ગુણોનું કીર્તન, પ્રશંસા, વિનય અને દાનથી સંપન્ન શ્રુત, શીલ અને સંયમમાં લીન થાય છે તે ધર્મધ્યાની છે. (૬૮)

હવે ફળ દ્વાર કહેવામાં આવે છે. (શુકલ ધ્યાનના ફળ દ્વાર વખતે કહેશે.) હવે શુકલ ધ્યાનના દ્વાર કહેવામાં આવશે. ભાવના, દેશ, કાળ અને આસન વિશેષ એ ચારેય દ્વાર ધર્મધ્યાન પ્રમાણે જ ગણવાના છે. પાંચમા દ્વારથી સમજાવે છે.

શુકલધ્યાન માટેનું આલંબન દ્વાર કહે છે.

**अह खंति-मद्दवऽज्जव-मुत्तीओ जिणमयप्पाहाणाओ ।**
**आलंबणाइं जेहिं सुक्कज्झाणं समारुहइ ॥६९॥**

ક્રોધ, માન, માયા, લોભના પરિત્યાગરૂપ ક્રમથી ક્ષમા, માર્દવ (લઘુતા), આર્જવ (સરળતા) અને મુક્તિ શુકલધ્યાનના આલંબન છે. તેના માટે શુકલધ્યાન ઉપર સાધક આરુઢ થાય છે. (૬૯) (અ.સા.ધ્યા.અ.ગાથા ૭૩)

શુકલધ્યાન માટેનું ક્રમદ્વાર કહે છે.

**तिहुयणविसयं कमसो संखिविउ मणो अणुंभि छउमत्थो ।**
**झायइ सुनिप्पकंपो झाणं अमणो जिणो होइ ॥७०॥**

ધર્મધ્યાન સમજાવતાં ક્રમદ્વારનું વર્ણન કરેલ છે. તે પ્રમાણે ગણવાનું છે. પણ અહીં થોડીક વિચારણા કરીએ છીએ : છદ્મસ્થ ધ્યાતા ત્રણ લોકના વિષયમાં રાચવાવાળા મનને ક્રમથી સંક્ષેપ કરતો કરતો પરમાણુ પર સ્થિર કરીને અતિશય સ્થિરતાપૂર્વક શુકલધ્યાનનું ચિંતન કરે છે. ત્યારબાદ વધારે પ્રયત્ન દ્વારા પરમાણુથી પણ હટાવીને તે મનથી પણ પર થઈ જાય છે અને જિન બની જાય છે. ત્યારબાદ જ્યારે શૈલેષી અવસ્થા પ્રાપ્ત કરવામાં અન્તર્મુહૂર્ત બાકી રહી જાય છે ત્યારે પ્રથમ સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી શુકલધ્યાનનું અને ત્યારબાદ શૈલેષી અવસ્થામાં વ્યુપરત ક્રિયા-અપ્રતિપાતી શુકલ ધ્યાનનું ચિંતન કરે છે. (૭૦)

**जह सव्वसरीरगयं मंतेण विसं निरुंभए डंके ।**
**तत्तो पुणोऽवणिज्जइ पहाणयरमंतजोगेणं ॥७१॥**

**तह तिहुयण-तणुविसयं मणोविसं जोगमंतबलजुत्तो ।**
**परमाणुंभि निरुंभइ अवणेइ तओवि जिण-वेज्जो ॥७२॥**

જે પ્રકારે સમસ્ત શરીરમાં વ્યાપ્ત વિષને મંત્રથી ડંખમાં રોકવામાં આવે છે અને ત્યારબાદ અતિશય શ્રેષ્ઠ મંત્ર દ્વારા ડંખવાળા સ્થળમાંથી પણ હટાવી દેવામાં આવે છે, તે જ પ્રકારે ત્રણ લોકરૂપ શરીરને વિષય કરવાવાળા મનરૂપ વિષને ધ્યાનસ્થ થઈને પરમાણુમાં રોકે છે અને ત્યારબાદ જિનરૂપ વૈદ્ય તે પરમાણુથી પણ તેને હટાવી દે છે. (૭૧, ૭૨)

**उस्सारियेंधणभरो जह परिहाइ कमसो हुयासुव्व ।**
**थोविंधणावसेसो निव्वाइ तओऽवणीओ य ॥७३॥**

**तह विसइंधणहीणो मणोहुयासो कमेण तणुयंभि ।**
**विसइंधणे निरुंभइ निव्वाइ तओऽवणीओ य ॥७४॥**

જે પ્રકારે ઈંધણના જથ્થાને હટાવી દેવાથી અગ્નિ ક્રમથી અલ્પ ઈંધણ રહી જવાથી ઉત્તરોત્તર હાનિને પ્રાપ્ત થાય છે અને ત્યારબાદ અલ્પ ઈંધણ પણ સમાપ્ત થઈ જવાથી તે (અગ્નિ) બૂઝાઈ જાય છે, તે જ પ્રકારે વિષયરૂપ ઈંધણની હાનિ થવાથી મનરૂપ અગ્નિ ક્રમથી તે વિષયરૂપ ઈંધણથી અલ્પ રહી જવાથી પરમાણુમાં રોકાય જાય છે અને ત્યારબાદ તે વિષયરૂપ ઈંધન સર્વથા નાશ પામવાથી તે મનરૂપ અગ્નિ પણ બુઝાઈ જાય છે એટલે કે વિષય-આકાંક્ષાનો સર્વથા અભાવ થવાથી તે મન પણ વિષયાતીત થઈને નાશ પામી જાય છે, ક્ષય થઈ જાય છે. (૭૩, ૭૪)

**तोयमिव नालियाए तत्तायसभायणोदरत्थं वा ।**
**परिहाइ कमेण जहा तह जोगिमणोजलं जाण ॥७५॥**

હજી આગળ ઉદાહરણથી સ્પષ્ટ કરે છે કે : જે પ્રકારે માટીના ઘડામાં રહેલું પાણી ઉત્તરોત્તર ઝમીને બહાર નીકળતું રહે છે અથવા અગ્નિ વડે ગરમ થયેલા લોઢાના પાત્રમાં પાણી રાખવામાં આવ્યું હોય તો પાણી વરાળ બનીને ઉડી જાય છે. તે જ પ્રકારે અગ્નિ સમાન સંતપ્ત કરવાવાળો પ્રમાદ ઉત્તરોત્તર ઘટતો જતો હોવાથી યોગીનું મન (ભાવ મન) ઉત્તરોત્તર ઈન્દ્રિય વિષય તરફથી વિમુખ થઈને કેવળી અવસ્થામાં સંપૂર્ણ ક્ષય થઈ જાય છે. (૭૫) (અ.સા.ધ્યા.અ.ગાથા ૭૮,૭૯) હવે વચનયોગ અને કાયયોગનો ક્ષય-નિરોધ કેમ થાય તે કહે છે.

**एवं चिय वयजोगं निरुंभइ कमेण कायजोगंपि ।**
**तो सेलेसोव्व थिरो सेलेसी केवली होइ ॥७६॥**

આ પ્રકારથી કેવળજ્ઞાની મનોયોગની જેમ જ ક્રમથી વચનયોગ અને કાયયોગનો પણ નિરોધ કરે છે. ત્યારબાદ તે શૈલેશી (મેરૂ સમાન) અવસ્થામાં સ્થિર થઈને અયોગી કેવળી બની જાય છે અને એક સમયમાં સિધ્ધપદને પ્રાપ્ત થઈ જાય છે. (૭૬)

હવે શુકલધ્યાન માટેનું ધ્યાતવ્ય દ્વાર કહે છે.

**उप्पाय-ट्ठिइ-भंगाइपज्जयाणं जमेगवत्थुंभि ।**
**नाणानयाणुसरणं पुव्वगयसुयाणुसारेणं ॥७७॥**

**सवियारमत्थ-वंजण-जोगंतरओ तयं पढमसुक्कं ।**
**होइ पुहुत्तवितक्कं सवियारमरागभावस्स ॥७८॥**

એક વસ્તુમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ અવસ્થાઓનું દ્રવ્યાર્થિક તેમજ પર્યાયાર્થિક આદિ અનેક નયોના આશ્રયથી જે પૂર્વગત શ્રુત

અનુસાર ચિંતન થાય છે તે પ્રથમ શુકલધ્યાન કહેવાય છે. તે અર્થાંતર, વ્યંજનાંતર અને યોગાંતરની અપેક્ષા સવિચાર છે. પૃથક્ત્વવિતર્ક સવિચાર નામનું આ પ્રથમ શુકલધ્યાન રાગભાવથી રહિત-વીતરાગ છદ્મસ્થને હોય છે. (૭૭, ૭૮) (અ.સા.ધ્યા.અ.ગાથા ૭૪,૭૬)

હવે બીજા શુકલધ્યાનનો નિર્દેશ કરે છે.

**जं पुण सुणिप्पकंपं निवायसरणप्पईवमिव चित्तं ।**
**उप्पाय-ठिइ-भंगाइयाणमेगंभि पज्जाए ॥७९॥**

**अवियारमत्थ-वंजण-जोगंतरओ तयं बितियसुक्कं ।**
**पुव्वगयसुयालंबणमेगत्तवितक्कमवियारं ॥८०॥**

પવનથી રહિત ઘરના દીવાની સમાન જે ચિત્ત-અંતઃકરણ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ ત્રણમાંથી કોઈ એક પર્યાયમાં જ સ્થિર થાય છે. તે એકત્વ વિતર્ક અવિચાર નામનું બીજું શુકલધ્યાન્ છે. તે અર્થાન્તર, વ્યંજનાંતર અને યોગાંતરના સંક્રમણથી રહિત હોવાથી 'અવિચાર' થઈને પૂર્વગત શ્રુતનો આશ્રય લેવાવાળો છે. (૭૯, ૮૦) (અ.સા.ધ્યા.અ.ગાથા ૭૭)

હવે ત્રીજા શુકલધ્યાનનો વિષય કહે છે.

**निव्वाणगमणकाले केवलिणो दरनिरुद्धजोगस्स ।**
**सुहुमकिरियाऽनियट्टिं तइयं तणुकायकिरियस्स ॥८१॥**

— મુક્ત થવાના સમયે યોગનિરોધ કરવાવાળા સૂક્ષ્મ કાયાની ક્રિયાથી સંયુક્ત કેવળીને 'સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ' નામનું ત્રીજુ શુકલધ્યાન હોય છે. (૮૧) (અ.સા.ધ્યા.અ.ગાથા ૭૮)

હવે ચોથા શુકલધાયનનો નિર્દેશ કરવામાં આવે છે.

**तस्सेव य सेलेसीगयस्स सेलोव्व णिप्पकंपस्स ।**
**वोच्छिन्नकिरियमप्पडिवाइज्झाणं परमसुक्कं ॥८२॥**

પર્વતની જેમ કંપન ક્રિયાથી રહિત થઈને શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થયેલા કેવળીને 'સમુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી' નામનું સર્વોત્કૃષ્ટ શુકલધ્યાન હોય છે. (૮૨) (અ.સા.ધ્યા.અ.ગાથા ૭૯)

**पढमं जोगे जोगेसु वा मयं बितियमेयजोगंमि ।**
**तइयं च कायजोगे सुक्कमजोगंमि य चउत्थं ॥८३॥**

ઉપર કહેવામાં આવેલા ચાર શુકલધ્યાનોમાં પ્રથમ 'પૃથકત્વ વિતર્ક સવિચાર' ધ્યાન યોગ અથવા યોગોમાં થાય છે. તે મન આદિ ત્રણે યોગોમાં પરિવર્તિત થયા કરે છે. બીજું 'એકત્વ વિતર્ક અવિચાર' ધ્યાન ત્રણે યોગોમાંથી કોઈ એક યોગમાં અપરિવર્તિત રૂપથી હોય છે. ત્રીજું 'સૂક્ષ્મ ક્રિયા અનિવર્તિ ધ્યાન એક કાયયોગમાં જ હોય છે. તથા ચોથું 'સમુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી' ધ્યાન (વચન યોગ અને કાયયોગ સાથે) યોગનો સર્વથા અભાવ થવાથી અયોગી અવસ્થામાં થાય છે. (૮૩)

**जह छउमत्थस्स मणो झाणं भण्णइ सुनिच्चलो संतो ।**
**तह केवलिणो काओ सुनिच्चलो भन्नए झाणं ॥८४॥**

જે પ્રકારે છદ્મસ્થની અતિશય નિશ્ચળતાને પ્રાપ્ત થયેલા મનને ધ્યાન કહેવામાં આવે છે, તે પ્રકારે કેવળીના અતિશય નિશ્ચળતાને પ્રાપ્ત થયેલા શરીરને ધ્યાન કહેવામાં આવે છે, કારણકે યોગની અપેક્ષાથી બન્ને સમાન જ છે. (૮૪)

**पुव्वप्पओगओ चिय कम्मविणिज्जरणहेउतो यावि ।**
**सद्दत्थबहुत्ताओ तह जिणचंदागमाओ य ॥८५॥**
**चिताभावेवि सया सुहुमोवरयकिरियाइ भण्णंति ।**
**जीवोवओगसब्भावओ भवत्थस्स झाणाइं ॥८६॥**

સંસારમાં સ્થિત કેવળીના ચિત્તનો (મનનો) અભાવ થઈ જવા

છતાં પણ પૂર્વ પ્રયોગની અપેક્ષાથી કર્મ નિર્જરાના કારણ હોવાથી, શબ્દાર્થની બહુલતાથી અને જિન પ્રણીત આગમના આશ્રયથી સૂક્ષ્મ ક્રિયા અનિવર્તિ અને સમુચ્છિન્નક્રિયા અપ્રતિપાતી ધ્યાન કહેવાંમાં આવે છે કારણ એ છે કે તેના જીવ ઉપયોગરૂપ ચિત્તનો સદ્‌ભાવ ત્યાં જોવામાં આવે છે. (૮૫, ૮૬)

ધ્યાતા : (શુકલધ્યાન) દ્વાર-ધર્મધ્યાન પ્રમાણે લેવાનું. (૬૩,૬૪)

**सुक्कज्झाणसुभावियचित्तो चिंतेइ झाणविरमेऽवि ।**
**णिययमणुप्पेहाओ चत्तारि चरित्तसंपन्नो ॥८७॥**

અનુપ્રેક્ષા દ્વાર : જેનું ચિત્ત શુકલધ્યાનથી સમ્યક્‌પણે સંસ્કારિત થયેલું છે, તે ચારિત્રથી યુક્ત ધ્યાતા, ધ્યાન પૂરુ થયા પછી હંમેશા ચાર અનુપ્રેક્ષાઓનું ચિંતન કરે છે. (૮૭) (અ.સા.ધ્યા.અ.ગાથા.૮૧)

**आसवदारावाए तह संसारासुहाणुभावं च ।**
**भवसंताणमणन्तं वत्थूणं विपरिणामं च ॥८८॥**

૧. આસ્રવદ્વારોથી થવાવાળા અપાય (દુઃખ), ૨. સંસારનું અસારપણું અથવા દુઃખનો પ્રભાવ, ૩. જન્મમરણરૂપ ભવસંતાનની અનંતતા અને ૪. ચેતન-અચેતન વસ્તુઓનું વિપરિણામ (વિરુધ્ધ પરિણામ) આ ચાર અનુપ્રેક્ષાનું સદા ચિંતન કરવામાં આવે છે. (૮૮)

હવે શુકલધ્યાનીનું લેશ્યા દ્વાર કહે છે.

**सुक्काए लेसाए दो ततियं परमसुक्कलेस्साए ।**
**थिरयाजियसेलेसिं लेसाईयं परमसुक्कं ॥८९॥**

પ્રથમના બે શુકલધ્યાન શુકલલેશ્યામાં થાય છે. ત્રીજું સૂક્ષ્મક્રિયા અનિવર્તિ શુકલધ્યાન પરમ (ઉત્કૃષ્ટ) શુકલ લેશ્યામાં હોય છે. તથા સ્થિરતાથી શૈલેશ (મેરૂ) ને જીતી લેવાવાળા-સુમેરુની સમાન અડગ-અચળ-ચોથા પરમ શુકલ ધ્યાન લેશ્યાથી રહિત છે. (અલેશીપણામાં થાય છે) (૮૯)

શુકલ ધ્યાનીનું લિંગદ્વાર કહે છે.

**अवहाऽसंमोह-विवेग-विउसग्गा तस्स होंति लिंगाइं ।**
**लिंगिज्जइ जेहिं मुणी सुक्कज्झाणोवगयचित्तो ॥९०॥**

અવધ, અસંમોહ, વિવેક અને વ્યુત્સર્ગ-આ ચાર શુકલ-ધ્યાનીના લિંગ (લક્ષણ) છે. જેના દ્વારા મુનિનું ચિત્ત શુકલ ધ્યાનમાં જોડાયેલું તેનો બોધ થાય છે. (૯૦)

**चालिज्जइ बीभेइ य धीरो न परीसहोवसग्गेहिं ।**
**सुहुमेसु न समभुज्झइ भावेसु न देवमायासु ॥९१॥**

તે ધીર, સ્થિર શુકલધ્યાની પરિષહ અને ઉપસર્ગોથી ધ્યાનથી વિચલિત થતા નથી, ભયભીત પણ થતા નથી, આ પ્રથમ અવધ (અચળતા) નામના લિંગનું સ્વરૂપ છે. તેમજ સાથે તે સૂક્ષ્મ-અતિશયગહન-પદાર્થોના વિષયોમાં તે અનેક પ્રકારની દેવનિર્મિત માયાના વિષયમાં મૂઢતાને ધારણ કરતા નથી. આ તેનું અસંમોહ લિંગ જાણું. (૯૧) (અ.સા.ધ્યા.અ.ગાથા ૮૪).

**देहविवित्तं पेच्छइ अप्पाणं तह य सव्वसंजोगे ।**
**देहोवहिवोसग्गं निस्संगो सव्वहा कुणइ ॥९२॥**

તે ધ્યાતા આત્માને શરીરથી ભિન્ન અનુભવે છે, તથા બધા સંયોગોને પણ જુવે છે. અર્થાત્ તે જ્ઞાન-દર્શન-સ્વરૂપ ચેતન આત્માને જડ શરીરથી જુદો દેખે છે. તેમજ સર્વ સંયોગ સંબંધનો અનુભવ કરે છે. આ ધ્યાતાના વિવેકનામનું લિંગ છે. તે ઉપરાંત તે પરિગ્રહ-મમત્વબુધ્ધિથી રહિત થઈને શરીર અને અન્ય પરિગ્રહનો સર્વથા ત્યાગ કરે છે. તેમાંથી કોઈને પણ પોતાના માનતો નથી - આ વ્યુત્સર્ગ લિંગ છે. (૯૨) (અ.સા.ધ્યા.અ.ગાથા ૮૫)

ધર્મધ્યાન અને શુકલધ્યાનનું 'ફળ' દ્વાર કહે છે :

**होंति सुहासव-संवर-विणिज्जराऽमरसुहाइं विउलाइं ।**
**झाणवरस्स फलाइं सुहाणुबंधीणि धम्मस्स ॥९३॥**

શુભ આસ્રવ, સંવર, નિર્જરા અને દેવસુખ, વિશુધ્ધિના વિસ્તાર વડે ઉત્તમ બોધિની પ્રાપ્તિરૂપ શુભ અનુબંધી એ ઉત્તમ ધર્મ ધ્યાનનું ફળ છે. (૯૩)

**ते य विसेसेण सुभासवादओऽणुत्तरामरसुहं च ।**
**दोण्हं सुक्काण फलं परिनिव्वाणं परिल्लाणं ॥९४॥**

વિશેષરૂપથી ધર્મ ધ્યાનના ફળરૂપ તે શુભાસ્રવ આદિ તથા અનુપમ દેવસુખ આ પ્રારંભના બે શુકલ ધ્યાનનોનું ફળ છે. અંતિમ બે શુકલધ્યાનોનું ફળ મોક્ષની પ્રાપ્તિ છે. (૯૪) (અ.સા.ધ્યા.અ.ગાથા ૭૨, ૮૦)

**आसवदारा संसारहेयवो जं ण धम्म-सुक्केसु ।**
**संसारकारणाइ तओ धुवं धम्म-सुक्काइं ॥९५॥**

જે આસ્રવદ્વાર સંસારના કારણ છે, તેનો ધર્મ અને શુકલ ધ્યાનોમાં સંભવ નથી. એટલે ધર્મ ધ્યાન અને શુકલ ધ્યાન નિયમથી સંસારના કારણ નથી, પરંતુ મુક્તિના કારણ છે. (૯૫)

**संवर-विणिज्जराओ भोक्खस्स पहो तवो पहो तासिं ।**
**झाणं च पहाणंगं तवस्स तो मोक्खहेऊयं ॥९६॥**

સંવર અને નિર્જરા એ મોક્ષના ઉપાય છે, તે સંવર અને નિર્જરાનો માર્ગ તપ છે. તથા તે તપનું પ્રધાન કારણ ધ્યાન છે. એટલે તે ધ્યાન પરંપરાથી મોક્ષનું કારણ છે. (૯૬)

દ્રષ્ટાંતોથી વધારે સ્પષ્ટતા કરે છે.

**संबर-लोह-महीणं कमसो जह मल-कलंक-पंकाणं ।**
**सोज्झावणयण-सोसे साहेंति जलाऽणलाऽऽइच्चा ॥९७॥**

**तह सोज्झासमत्था जीवंबर-लोह-मेइणिगयाणं ।**

**झाण-जलाऽणल-सूरा कम्म-मल-कलंक-पंकाणं ॥९८॥**

જેમ પાણી વસ્ત્રોમાં રહેલા મેલનો નાશ કરીને સ્વચ્છ કરે છે, તે પ્રકારે ધ્યાન જીવ સાથે જોડાયેલા કર્મરૂપી મેલનો ક્ષય કરીને શુધ્ધ કરવાવાળું છે. જેમ અગ્નિ લોઢા ઉપર ચડેલા કાટને દૂર કરી દે છે, તેવી જ રીતે ધ્યાન જીવ સાથે બંધાયેલા કર્મરૂપી કલંકને પૃથક કરી દેવાવાળું છે. તથા જે પ્રકારે સૂર્ય પૃથ્વીના કાદવ-કીચડને સુકવી દે છે, તે પ્રકારે ધ્યાન જીવથી જોડાયેલા કર્મરૂપી કીચડને સુકવી દેવાવાળું છે. (૯૭, ૯૮) (અ.સા.ધ્યા.અ.ગાથા ૭૩)

**तापो सोसो भेओ जोगाणं झाणओ जहा निययं ।**
**तह ताव-सोस-भेया कम्मस्स वि झाइणो नियमा ॥९९॥**

ધ્યાનથી જે પ્રકારે વચનાદિ યોગોનું નિયમથી તાપ, શોષણ અને ભેદ (વિદારણ) થાય છે તે જ પ્રકારે તે ધ્યાનથી ધ્યાતા કર્મનો પણ નિયમથી તાપ, શોષણ અને ભેદ કરી નાંખે છે. (૯૯) (અ.સા.ધ્યા.અ.ગા. ૭૩) તથા...

**जह रोगासयसमणं विसोसण-विरेयणोसहविहीहिं ।**
**तह कम्मामयसमणं झाणाणसणाइजोगेहिं ॥१००॥**

જે પ્રકારે રોગનો નાશ કરવાવાળા ઉપવાસ અથવા રોગના કારણને બહાર કાઢી નાખવાવાળી ઔષધિ વડે રોગને શાંત કરવામાં આવે છે. તે પ્રકારે ધ્યાન અને ઉપવાસ આદિના વિધાનથી કર્મરૂપ

રોગને શાંત કરી દેવામાં આવે છે. (૧૦૦) (અ.સા.ધ્યા.મ.ગાથા. ૭૩) તેના ઉપરાંત પણ -

**जह चिरसंचियमिंधणमनलो पवणसहिओ दुयं दहइ ।**
**तह कर्म्मेंघणममियं खणेण झाणाणलो डहइ ॥१०१॥**

જે પ્રકારે પવન સાથેનો અગ્નિ લાંબા કાળ સુધી ચાલે તેવા ઈંધણને જલ્દી સળગાવી દે છે, તે પ્રકારે ધ્યાનરૂપ અગ્નિ અપરિમિત્ત-અનેક પૂર્વ ભવોમાં ભેગા કરેલા કર્મરૂપ ઈંધણને ક્ષણભરમાં ભસ્મ કરી નાખે છે. (૧૦૧) (અ.સા.ધ્યા.અ.ગાથા ૭૩)

અથવા

**जह वा घणसंघाया खणेण पवणाहया विलिज्जंति ।**
**झाण-पवणावहूया तह कम्म-घणा विलिज्जंति ॥१०२॥**

જે પ્રકારે વાદળાઓના સમુહને પવન (વાયુ) વડે ક્ષણભરમાં નાશ કરી શકાય છે તે જ પ્રકારે ધ્યાનરૂપી પવન વડે વિઘટિત થઈને કર્મરૂપી વાદળા પણ ક્ષણમાં નાશ પામી જાય છે. વિલીન થઈ જાય છે. (૧૦૨)

**न कसायसमुत्थेहि य बाहिज्जइ माणसेहिं दुक्खेहिं ।**
**ईसा-विसाय-सोगाइएहिं झाणोवगयचित्तो ॥१०३॥**

જેનું ચિત્ત ધ્યાનમાં સંલગ્ન છે તે ક્રોધાદિ કષાયોથી ઉત્પન્ન થવાવાળા ઈર્ષા, વિવાદ અને શોક આદિ માનસિક દુઃખોથી પીડાતો નથી. (૧૦૩)

**सीयाऽऽयवाइएहि य सारीरेहिं सुबहुप्पगारेहिं ।**
**झाणसुनिच्चलचित्तो न ब( बा ) हिज्जइ निज्जरापेही ॥१०४॥**

જેનું ચિત્ત ધ્યાનના દ્વારા અતિશય સ્થિરતાને પ્રાપ્ત થયેલું છે, તે

કર્મ નિર્જરાની અપેક્ષા રાખવા સાથે ઠંડા અથવા ગરમ પ્રકારના શરીરિક પ્રકારના દુઃખોથી પણ બાધાને પ્રાપ્ત થતા નથી. તે તેને નિરાકુળતા પૂર્વક સહન કરે છે. (૧૦૪) ઉપસંહારમાં કહે છે.

**इय सव्वगुणाघाणं दिट्ठादिट्ठसुहसाहणं झाणं ।**
**सुपसत्थं सद्धेयं नेयं झेयं च निच्चंपि ॥१०५॥**

આ પ્રકારે બધા ગુણોના આધારભૂત તથા દ્રષ્ટ અને અદ્રષ્ટ સુખના સાધક તે અતિશય પ્રશસ્ત ધ્યાનનું સદા શ્રધ્ધાન કરવું જોઈએ, તેને જાણવું જોઈએ અને તેનું ચિંતન કરવું જોઈએ. (૧૦૫)

# ધ્યાનની સિધ્ધિ

ઉત્તરાધ્યયયન સૂત્ર – ૨૩માં અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે:

**"તઓ કેસિં બુવન્તં તું, ગોયમી ઈણમવ્વવી ।**
**પણ્ણા સમિકૂખએ ધમ્મ, તત્તં તત વિણિચ્છિયં ॥"**

(ઉ.સૂ.અ. ૨૩/૨૫)

(આગળ કહ્યા પ્રમાણે) બોલતા કેશી શ્રમણને ઉદ્દેશીને ગૌતમ મુનિએ આ પ્રમાણે કહ્યું. શુદ્ધ બુદ્ધિ (પ્રજ્ઞા) વડે જ ધર્મતત્ત્વનો તથા પરમાર્થોનો નિશ્ચય કરી શકાય છે. જ્યાં સુધી તેવી પ્રજ્ઞા હોતી નથી ત્યાં સુધી સાધ્ય કરતાં સાધન તરફ જ તે વધુ ઢળે છે એટલે મહાપુરુષોએ કાળને અનુસરીને ક્રિયાઓ યોજેલી છે.

'પણ્ણા'નું સંસ્કૃત રૂપાંતર "પ્રજ્ઞા" થાય છે. પ્ર એટલે વિશેષ અને 'જ્ઞા' એટલે જાણવું. એટલે 'પ્રજ્ઞા'નો અર્થ વિશેષપણે જાણવું. પ્રજ્ઞા એટલે સૂક્ષ્મપણે-ઊંડાણપૂર્વક સારૂં શું ? ખરાબ શું ? તેની વિવેકપૂર્ણ સંમજણ કેળવવી તે. આ પ્રકારની ક્ષમતા આવવા માટે આપણું મન કોમળ, ચિંતનશીલ અને અનાગ્રહીં હોવું જોઈએ. સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રત્યે પ્રેમ શ્રદ્ધા હોવી જોઈએ.

આત્મા અશુભ કર્મ કરે તો તે આવરણમાં આવીને દુઃખી થાય છે માટે આત્માને જાણીને તેનો સાક્ષાત્કાર કરવો જોઈએ. તેના માટે આપણે કષાયભાવો, મોહાદિ વિકારો, હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, મોહાસક્તિથી બચવાનો પુરૂષાર્થ કરવાનો છે. આ વાતોનું સતત ધ્યાન રાખીને પુરુષાર્થ કરવાવાળો વિવેકી હોય છે. તે પોતાની પ્રજ્ઞા વડે ધર્મની સમીક્ષા કરી શકે છે. આ માટે સદ્‌ગુરુનો સત્સંગ કરવાનું આવશ્યક છે, જેથી આપણી બુદ્ધિ પ્રજ્ઞા બની જાય. પ્રજ્ઞા વડે જ આપણે ધર્મની સમીક્ષા કરી શકીએ છીએ. શ્રેષ્ઠ પ્રજ્ઞા એ કહેવાય છે કે જે સત્યનો સાક્ષાત્કાર કરાવી શકે. 'પ્રજ્ઞા' શબ્દ નિર્મળ

જ્ઞાન-ચેતના માટે પણ વપરાય છે. તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષય અને ક્ષયોપશમથી અંતઃકરણમાં સ્ફુરાયમાન થયેલ જ્ઞાનજ્યોતિ છે. પ્રજ્ઞા એટલે 'આત્માનો અવાજ'. સમીક્ષા કરવી એટલે સત્યનું સંશોધન કરવું. સમીક્ષા કરવાવાળાનું મન અને બુદ્ધિ શુદ્ધ હોવા જોઈએ. એટલે કે મનમાં જરા પણ મોહ, આસક્તિ, અહંકાર, દુર્ભાવના, પક્ષપાત ન થવો જોઈએ.

ધર્મ એટલે વીતરાગ પુરુષોના વચન, આજ્ઞા અને તેમના ઉપદેશ પ્રમાણે વર્તવું. તેને તપ પણ કહેવાય છે.

આવા જ કોઈ સત્પુરુષ જેમણે આત્મસાક્ષાત્કાર કરેલ છે તેઓ પણ આપણા માટે ભગવાન સમાન કહેવાય છે. સદ્‌ગુરુની ઓળખાણ કરવી જોઈએ. તેમની પાસે આધ્યાત્મિક વાતોનું શ્રવણ કરવું અથવા શાસ્ત્રોમાં જે ઉપદેશાત્મક વચનો છે તેનો સ્વાધ્યાય કરવો કે જેના આધારે આપણે આપણામાં અનાસક્તિ, નમ્રતા, શાંતિ, સરળતા, સંતોષ આદિ ગુણો પ્રગટાવી શકીએ. આ સ્થિતિ પ્રાપ્ત કરવી એ જ 'ધર્મ' છે. જે વાતો આપણને આત્માથી દૂર લઈ જાય, સંસાર પ્રત્યે પ્રેમ વધારે, સ્વચ્છંદતા વધે તે અધર્મરૂપ છે. આ પ્રમાણે સમજીશું તો આપણા જીવનમાં સત્‌ધર્મ, સુખ, શાંતિ અને શ્રેયને પ્રગટાવી શકીશું.

દુર્જય સંગ્રામમાં દશ લાખ સુભટોને જીતવા કરતાં એક માત્ર આત્માને જીતવો તે ઉત્તમ છે અને તે જ સાચી જીત છે. (૩૪) માટે આત્મા (બહિરાત્મા) સાથે જ યુદ્ધ કરો. બહારના યુદ્ધથી શું વળવાનું છે ? શુદ્ધ આત્મા વડે દુષ્ટ પ્રકૃત્તિવાળા આત્માને જીતીને સુખ મેળવી શકાય છે. (૩૫) તેથી પાંચ ઈન્દ્રિયો, ક્રોધ, માન, માયા અને લોભ તથા દુર્જય એવા આત્માને જીતવો ઉત્તમ છે. (૩૬)(ઉ.સૂ.અ.૯.)

**ઉન્નતિમાં બાધક કારણ :** આપણે આપણા આત્માની ઉન્નતિ થાય તેમ ઈચ્છીએ છીએ. એ માટે પુરુષાર્થ પણ કરીએ છીએ, છતાં

આત્માની ઉન્નતિ થતી જણાતી નથી તેનું શું કારણ હોઈ શકે ?

ઉન્નતિ નહીં થવામાં ઘણા બાધક કારણો રહેલા છે. તેમાંથી એક વિષે વિચારીએ. "જડ વસ્તુને મહત્વ આપીએ છીએ એવું આપણા આત્માને આપણે નથી આપતા"—આ વાત ઉન્નતિમાં બાધારૂપ બને છે. આ સ્થિતિ ઊભી હોય ત્યાં સુધી આત્મ ઉન્નતિનો પુરુષાર્થ કરવામાં આવે તેમાં (૧) પરલોકની દુર્ગતિના ભયથી કરાય છે. (૨) પુણ્યના લોભથી કરાય છે. (૩) કુળરિવાજ છે માટે કરાય છે. (૪) કીર્તિ-માનપાનાદિની આકાંક્ષાથી કરાય છે. આથી આપણા આત્માને શું લાભ ? ઉન્નતિ કેવી ?

આત્માની ઉન્નતિ એ કે (૧) આત્મા પોતાની જાગૃતિ કેળવે. (૨) ઈન્દ્રિયોના વિષયોથી પાછો ફરવાનો પુરુષાર્થ કેળવે (૩) સ્વચ્છંદને તિલાંજલિ આપે. (૪) મનની ગુલામીમાંથી બહાર નીકળવાનો પુરુષાર્થ કરે તો અંશે અંશે મુક્ત થતો જાય. અને આત્મિક ગુણોનો વિકાસ ક્રમે ક્રમે થતો જાય એટલે કે ઔદાર્ય, દાક્ષિણ્ય, ગાંભીર્ય, પરાર્થવૃત્તિ, સંયમ, ઉપશમ, તત્ત્વ-દષ્ટિ ખીલવા માંડે અને તેથી એનાથી વિરુધ્ધ એવા દુર્ગુણો-જેવાં કે કૃપણતા, નિર્લજ્જતા, ક્ષુદ્રતા, સ્વાર્થપટુતા, વિષયાસક્તિ, કષાય આવેશ, મોહમૂઢતા આદિ દોષો મંદ પડતા જાય. આ ગુણો ઉપર કહેલ ચાર પ્રકારે થતી ધર્મસાધનાઓથી ન થાય કારણકે એ ચારેયમાં કાં તો ભયની કે પૌદગલિક સુખ સામગ્રી માટેની ઈચ્છા સમાયેલી છે. આત્મા પોતે ત્યારે જ ઉન્નતિ કરી શકે કે જયારે તે પોતે પોતાનું મહત્ત્વ જાણે અને જડ પ્રત્યેનું મહત્વ ઘટાડે. તેમજ આ પ્રમાણે વારંવાર વિચારે તો ઉન્નતિ થાય.

"હું મહાન છું, જડ વસ્તુઓ નહિં. મારા હિતાર્થે જડ વસ્તુ છે. જડના હિતાર્થે હું નહિ. જડ સારું એમ જોવાનું નહિ, એમાં ખુશી થવાનું નહિ. મારે તો મારા આત્માનું હિત થાય એ જ જોવાનું અને એમાં જ આનંદ લેવાનો."

બાહ્ય જડ પદાર્થોને મહત્વ આપવાથી આત્માની ઉન્નતિ અટકે છે. એના બદલે પોતાના આત્માને મહત્વ અપાય તો ઉન્નતિ સરળ બને છે. આપણામાં ત્રણ દોષો (૧) ફળની આકાંક્ષા (૨) આળસ (૩) સંશય રહેલા છે. આ ત્રણ દોષોના કારણે આપણા કર્મો (કાર્યો) નિષ્કામ કર્મયોગ નથી બનતા. જો આ ત્રણ ભૂલો આપણામાંથી નીકળી જાય તો આપણા દરેક કર્મો (કાર્યો) નિષ્કામ કર્મયોગ બની જશે. આપણું જીવન ઉજ્જવળ બની જશે. નિષ્કામ કર્મયોગ દ્વારા સાધક સુખ સ્વરૂપ એવા પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી શકે છે. નિષ્કામ કર્મયોગ સાથે ભક્તિયોગ અને જ્ઞાનયોગ આપોઆપ જોડાઈ છે.

(૧) સત્વગુણ સુખમાં અને રજોગુણ કર્મમાં જોડે છે. પણ તમોગુણ જ્ઞાનને આવરણમાં લઈ જઈ જીવને પ્રમાદમાં જોડી દે છે.

(૨) સત્વગુણથી જ્ઞાન, રજોગુણથી લોભ અને તમો ગુણથી પ્રમાદ, મોહ તેમજ અજ્ઞાન ઉપજે છે.

(૩) સત્વગુણમાં સ્થિત સાધક સ્વર્ગાદિ ઉચ્ચ લોકમાં જાય છે, રજોગુણમાં સ્થિત જીવ મનુષ્યલોકમાં જ રહે છે. અધમ તમો ગુણની વૃત્તિમાં રહેલાઓ નીચ (અધો) ગતિમાં જાય છે.

(૪) જ્યારે જ્ઞાની ત્રણ ગુણોથી પર સચ્ચિદાનંદ ઘન સ્વરૂપ પરમાત્મ તત્ત્વને જાણે છે ત્યારે જ તે પરમાત્મસ્વરૂપ બની જાય છે.

(૫) જે સાધક અસ્ખલિત ભક્તિયોગ વડે પરમાત્માને ભજે છે તે ત્રિગુણાતીત થઈ આત્માને પામવા યોગ્ય બને છે.

(૬) આ બ્રહ્મની સ્થિતિ તે જ અવિનાશી, અમર, અને મોક્ષસ્વરૂપ છે અને અખંડ એકરસ સુખનો, આનંદનો ભંડાર હું છું તેમ અનુભવાય છે.

## ધ્યાતાની પ્રશંસા

જે સંયમી તત્વાર્થનું યથાર્થ સ્વરૂપ જાણે છે. મન સંવેગરૂપ છે. મોક્ષ તથા તેના માર્ગમાં અનુરાગી છે અને સંસાર જનિત સુખોમાં નિઃસ્પૃહ વાંછારહિત છે તે ધન્ય છે. તેનું કીર્તન અને પ્રશંસા કરવામાં આવે છે. (૫-૧)

આ પૃથ્વી પર અનેક યોગીઓ સંસારના ચક્રથી વિરકત છે, ભાવોની શુધ્ધતાસહિત છે તથા પવિત્ર ચેષ્ટાવાળા છે. (૫-૨)

જે મુનિનું ચિત્ત કામભોગોથી વિરકત થઈને અને શરીરની સ્પૃહાને છોડીને સ્થિર થયું છે, નિશ્ચયથી તેને ધ્યાતા કહ્યો છે. તે પ્રશંસનીય ધ્યાતા છે. (૫-૩)

જે મુનિઓએ મહાન મુનિપણાને અંગીકાર કરીને પ્રાણોનો નાશ થાય તો પણ સમીચીન સંયમના માર્ગને છોડ્યો નથી, તે જ ધ્યાનરૂપી વૈભવના સ્વામી બને છે; કારણકે સંયમથી ચ્યુત થવા પર ધ્યાન થતું નથી. (૫-૪)

જે મુનિઓનું ચિત્ત પરીષહરૂપ દુષ્ટ હાથીઓ અથવા સર્પોથી તથા ગામડાના મનુષ્યોના દુર્વચનરૂપી કાંટાથી કિંચિત્ત માત્ર પણ પોતાના સ્વરૂપથી ચ્યુત થતું નથી. (૫-૫) તથા જે મુનિઓના સંયમરૂપી જીવન ક્રોધાદિ કષાયરૂપ ભયાનક સર્પોથી તથા અજેય રાગાદિ નિશાચરોથી નષ્ટ થતા નથી. તથા (૫-૬) જે મુનિઓને પ્રશંસનીય બ્રહ્મચર્ય હોવા છતાં, મનને તૃપ્ત કરવાવાળી પ્રસિધ્ધ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ - આ ચાર ભાવનાને ભાવવાથી જેના ચિત્તમાં કામાદિ વિકાર માત્ર ઉપજતા નથી, તથા (૫-૭) જે મુનિઓએ તપરૂપી તીવ્ર, અગ્નિની જ્વાળાના સમુહમાં રાગાદિ શત્રુઓ સાથે કામને પણ નાખી દીધો છે અને પતંગિયાની જેમ ભસ્મ કરી નાખ્યો છે, તથા (૫-૮) જેમણે નિષ્પરિગ્રહતાને અંગીકાર

કરીને ત્રણ જગતમાં ચમત્કાર કરવાવાળા તથા આશ્ચર્યરૂપ ચેષ્ટાવાળા જ્ઞાનરૂપી રાજ્યની ચેષ્ટા કરી, તથા (૫-૯) જે મુનિ પોતાના આત્માને અતિ તીવ્ર તપથી નિર્દયી બનીને પીડા સહન કરીને મોહરૂપી અગ્નિથી બળતા જગતભાવોને તીવ્રતાની સાથે બુઝાવી દે છે અર્થાત્ શાંત કરે છે, તથા (૫-૧૦) જે ધન્ય મુનિ તૃષ્ણારૂપી અગ્નિની જ્વાળાને શાંત કરવા માટે અકાળ સમયે સ્વભાવથી ઉત્પન્ન દાહરહિત પૂર્ણ આનંદથી આનંદરૂપ મેધના ઉદય સમાન છે. તથા - (૫-૧૧) જે મુનિ સમસ્ત પરિગ્રહના ત્યાગરૂપ કારણ ચંચળ મનરૂપ પક્ષીને જીતવાવાળો છે તથા વિષયરૂપી મદોન્મત હાથીઓના સમુહનો ધાતક છે. તથા - (૫-૧૨) જેનું વચન અગોચર માહાત્મ્યવાળું છે. જે બધી જ વિદ્યાઓમાં વિશારદ છે અને શરીર, આહાર, સંસાર કામભોગોમાં નિઃસ્પૃહ-વાંછારહિત છે. તથા - (૫-૧૩) જેનું ચિત્ત નિર્મળ જ્ઞાનરૂપ અમૃતના પાનથી પવિત્ર છે અને જે સ્થાવર તથા ત્રસ ભેદવાળા જગતના જીવો પ્રત્યે કરૂણારૂપી પાણીના સમુદ્ર સમાન છે. તથા - (૫-૧૪) જે મેરૂપર્વતની સમાન અચળ છે, આકાશવત્ નિર્મળ છે, પવનના સમાન નિઃસંગ છે અને નિર્મમતાને જેણે પ્રગટ કરી છે. તથા - (૫-૧૫) તે મુનિ હિત ઉપદેશરૂપ શબ્દવાળા મેધથી ભવ્ય જીવરૂપી ચાતક અથવા મોરને તૃપ્ત કરવાવાળા છે તથા શરીરમાં પણ નિરપેક્ષ છે, તો પણ મુક્તિનો સંગ્રામ કરવામાં સાપેક્ષ છે. (૫-૧૬) ઈત્યાદિક પરમ ઉદાર પવિત્ર ચરણોના ચિન્હવાળા મુનિઓમાં પ્રધાન, મુનીશ્વર ધ્યાનની સિંધ્ધિના પાત્ર કહેવામાં આવ્યા છે. (૫-૧૭)

હે આત્મન્ ! મુક્તિરુપી મંદિર ઉપર ચઢવાની પ્રવૃત્તિ કરી રહેલા, તને પૂર્વોક્ત પ્રકારથી મુનિઓના ચરણનો આશ્રય જ મોક્ષ સોપાનની પંક્તિ સમાન થશે. (૫-૧૮) સૂત્ર સિધ્ધાંતમાં દર્શાવેલા ઉપરના ગુણોથી નિર્મળ ગુણોમાં પ્રવર્તનરૂપ ક્રીડાનું અવલંબન કરવાવાળા કેવળ મુનિઓને જ ધ્યાનની સિધ્ધિ માનવામાં આવી છે. અર્થાત્ મુક્તિના

કારણ સ્વરૂપ ધ્યાનની સિધ્ધિ અન્યને નથી થઈ શકતી. (૫-૧૯)

આગળ કહેવામાં આવેલા ગુણોના ધારક યોગીઓનો સમુહ આપણા અને ભવ્ય પુરૂષોને માટે નિવૃત્તિ-સુખરૂપ મોક્ષને પ્રાપ્ત કરાવો. તે યોગીન્દ્ર કેવા છે ? ચિત્તરૂપી પ્રચંડ પક્ષીને જેણે નિશ્ચલ કર્યું છે, પંચેન્દ્રિયરૂપ વનને બાળી નાખવાવાળા છે. ધ્યાનથી સમસ્ત પાપોનો નાશ કરવાવાળા છે. વિદ્યારૂપ સમુદ્રના પારગામી છે. ક્રીડા માત્રથી કર્મોના મૂળને ઉખાડવાવાળા છે, કરૂણા ભાવરૂપ પુણ્યથી પવિત્ર ચિત્તવાળા છે અને સંસારરૂપ ભયાનક રાક્ષસનો નાશ કરવાવાળા છે. (૫-૨૦) જે પ્રશાંત આત્મા મુનિઓને માટે વિંધ્યાચળ પર્વત નગર છે, પર્વતની ગુફાઓ તેમનું ઘર છે, પર્વતની શીલાઓ પથારી સમાન છે, ચન્દ્રમાનો પ્રકાશ દીવા સમાન છે, મૃગલા જેમના સહચારી છે (અહીંયા મૃગ એટલે જંગલમાં રહેતા પ્રાણીઓ). બધા પ્રત્યે દયા કુલીન સ્ત્રી છે. વિજ્ઞાન એ પીવાનું પાણી અને તપ ઉત્તમ ભોજન છે, તે જ ધન્ય છે. આવા મુનિરાજ આપણા સંસારરૂપ કાદવમાંથી નિકળવાના માર્ગનો ઉપદેશ દેવાવાળા છે. (૫-૨૧) શ્વાસોચ્છવાસ રોકાઈ જવાથી, શરીર નિશ્ચલ થવાથી, ઈન્દ્રિયોના પ્રચારનું સંવરણ થવાથી, નેત્રોની ચપળતા દૂર થવાથી, સમસ્ત વિકલ્પરૂપ ઈન્દ્રજાળનો નાશ થવાથી મોહાન્ધકાર દૂર થવાથી અને સમસ્ત વસ્તુઓને પ્રકાશિત કરવાવાળા તેજ પુંજને પોતાના હૃદયમાં- વિસ્તારી રહેલા જે ધન્ય મુનિ ધ્યાન અવલંબી બને છે, તે જ પરમાનંદરૂપી સમુદ્રમાં પ્રવેશ કરવાનો અભ્યાસ કરે છે. (૫-૨૨) ઈન્દ્રિયના વિષયો પોતાના સ્વાભાવિક આનંદના સ્વાદથી દૂર છે, એવા કોઈ મુનિ પોતાના જ્ઞાનરૂપી તેજથી શુભાશુભ કર્મોનું દહન કરતો, યથાર્થપણે પ્રતીતિ ગોચર કરીને આ હેય ઉપાદેયરૂપ ત્રણે ભુવનમાં-લોકમાં નિર્વિકલ્પપણે વિચરે છે. (૫-૨૩)

બુધ્ધિના બળ વડે વસ્તુ સમુહનો લોપ કરવાવાળા (નાસ્તિક), સત્યાર્થ જ્ઞાનથી શૂન્ય ચિત્તવાળા તથા પોતાના વિષયાદિકના પ્રયોજનમાં

ઉદ્યમી એવા પ્રાણી તો ઘર ઘરમાં હાજર હોય છે; પરંતુ આનંદરૂપ અમૃતના સમુદ્રના કણ સમુહથી સંસારરૂપ જ્વરના દાહને બુઝાવીને (શાંત કરીને) મુક્તિરૂપી સ્ત્રીના મુખરૂપી ચંદ્રમાને વિલોકન કરવામાં જે તત્પર છે, તે જો છે તો તેઓ બે ત્રણ જ હશે (અહીંયા બે ત્રણનો અર્થ વિરલ વ્યક્તિ હોઈ શકે એ ભાવાર્થ છે.) (૫-૨૪)

જેમણે પૂર્વ અવસ્થામાં હિમાલયના શિખર સમાન સુંદર મહેલોમાં ઉત્કૃષ્ટ ઉપધાન હંસ-તુલિકાદિથી રચવામાં આવેલી પથારીમાં સુંદર સ્ત્રીઓ સાથે શયન કર્યું હતું તે જ સમસ્ત સંસારના વિષયોને નાશ કરવાવાળા પુણ્યશાળી પુરૂષ અંતરંગમાં જ્ઞાનજ્યોતિનું સ્ફૂરણ થવાથી પૃથ્વીમાં તથા પર્વતોની ગુફાઓમાં તેમજ શિલાઓ પર અથવા વૃક્ષના કોટરોમાં સૂઈને રાત્રી વિતાવે છે, તેઓ ધન્ય છે. (૫-૨૫)

હે આત્મન્ ! તારા વચનમાં નિશ્ચળતા હોવા છતાં, રાગાદિ અવિદ્યારૂપ રોગોમાં ઉપશમભાવ હોવા છતાં, ઈન્દ્રિયોના સમુહના વિષયોમાં નહીં પ્રવર્તતા છતાં, ભ્રમ ઉત્પાદન કરવાવાળા અજ્ઞાનરૂપ અંધકાર નાશ થવા છતાં, અને આનંદનો વિસ્તાર કરતું આત્મજ્ઞાન પ્રગટ થવાથી એવો કયો દિવસ હશે, જ્યારે તને વનમાં ચારેબાજુથી મૃગાદિ પશુ ચિત્રલિખિત અથવા સુકાયેલા વૃક્ષના ઠૂંઠા સમાન દેખશે. જે સમયે તું આવો નિશ્ચળમૂર્તિરૂપ ધ્યાનસ્થ થઈશ તે સમય તારા માટે ધન્ય થશે. (૫-૨૬)

જેના આત્મામાં પોતાના સ્વરૂપનું પ્રવર્તન છે, પરદ્રવ્યમાં નથી અને બાહ્ય પરિગ્રહોના ત્યાગથી તથા અંતરંગ જ્ઞાનરૂપ જ્યોતિનો પ્રકાશ થવાથી જેની મહામોહરૂપ નિંદ્રાનો ઉત્કર્ષ નાશ પામી ગયો છે અને જેને સ્વરૂપનો નિશ્ચય થવાથી આ જગત્ શૂન્યવત્ અથવા જડવત્ પ્રતિભાસે છે, એવો શ્રી જ્ઞાનસમુદ્ર મુનિના ચરણકમળની લક્ષ્મી (શોભા) મોક્ષપદ પ્રદાન કરે. (૫-૨૭)

હે સુબુધ્ધિ ! પોતે પ્રથમ તો આત્મમય થા. પરાધીનતાથી છુટીને

સ્વાધીન થા. બીજું-ઈન્દ્રિયોના વિષયોથી વિરક્ત થા. ત્રીજું-તત્વ ચિંતનમાં લીન થા. ચોથું-સાસારિક વ્યાપારથી રહિત થઈ નિશ્ચળ થા. પાંચમું - પોતાના હિતમાં લાગી જા. છઠ્ઠું - નિવૃત્ત અર્થાત્ ક્ષોભ રહિત આનંદથી પરિપૂર્ણ થા. સાતમું-જ્ઞાનારુઢ થા. આઠમું-શમ, યમ, દમ, તપમાં અવકાશ પ્રાપ્ત કરીને પાછો દિવ્યબોધ કરીને કેવળજ્ઞાનના આધિપત્યને પ્રાપ્ત કર. (૫-૨૮) આ પૃથ્વી પર પરમેશ્વરની નિત્યપ્રતિ કેવળ વચનોથી બહુ કાર્ય પર્યંત લીલા, સ્તવનને વિસ્તૃત કરવાવાળા કૃતબુધ્ધિ શું ગણનાથી અતીત (પર) નથી ? અર્થાત્ અસંખ્યાત જોવામાં આવે છે. પરંતુ નિત્ય પરમાનંદ-અમૃતની રાશિરૂપ તે પરમેષ્ઠીને અનુભવગોચર કરી સંસારનાં ભ્રમને દૂર કરનારા આવા પુરૂષો દુર્લભ થઈ પડ્યા છે. અને આવા જ પુરૂષ ધન્ય થયેલા છે. (૫-૨૯)

## સત્શ્રુત પ્રશંસા

જે સત્પુરૂષોની ઉત્તમવાણી છે, તે જીવોને પ્રકૃષ્ટ જ્ઞાન, વિવેક, હિત, પ્રશમતા અને સમ્યક્ પ્રકારથી તત્ત્વોના ઉપદેશ માટે જ પ્રવર્તે છે.

| | |
|---|---|
| પ્રકૃષ્ટ જ્ઞાન | = પદાર્થનું વિશેષપણે જ્ઞાન થવું તે. |
| વિવેક | = આત્મા અને પર પદાર્થોનો ભેદ યથાર્થપણે જાણવાની શક્તિ |
| હિતાય | = આત્મસુખ મેળવવા માટે |
| પ્રશમ | = કષાય ભાવોનું મંદ થવું તે (શાંતભાવ) |
| તત્ત્વ ઉપદેશાય | = યથાર્થ પણે તત્ત્વના અર્થરૂપ ઉપદેશ માટે |

આ પાંચ પ્રયોજનની સિધ્ધિ માટે જ સત્પુરૂષોની-આપ્તપુરૂષોની વાણી વહે છે એટલે જે વાણીથી આ પાંચ પ્રયોજનની સિધ્ધિ થાય તે સત્પુરૂષોની વાણી છે એમ કહી શકાય. (૧-૮)

તે શ્રુત છે, તે જ વિજ્ઞાન છે, તે જ ધ્યાન છે, તેજ ઉત્કૃષ્ટ તપ

છે. જેને પ્રાપ્ત કરીને આ આત્મા પોતાના સ્વરૂપમાં લય પામે છે. આત્માનો પરમાર્થ એટલે પોતાના સ્વરૂપમાં લીન થવું તે છે. જે શાસ્ત્ર વાંચવાથી સાંભળવાથી, તેનું ભેદજ્ઞાન કરવાથી, ધ્યાન કરવાથી ઉત્કૃષ્ટ તપ કરવાથી તથા સ્વરૂપમાં લીન થવાનું કારણ બને છે તે સફળ છે. (૧-૯)

સંસારના સ્વરૂપને જાણીને, જ્ઞાનસહિત પ્રાણી એવો કોણ છે, જે પોતાના હિતરૂપ પ્રયોજનમાં મોહને ગ્રહણ કરે ? અર્થાત્ કોઈ નથી. સંસાર દુઃખરૂપ છે તથા દુરિત એટલે પાપથી ભરેલો છે, ઠગસમાન છે કે થોડાક સુખની લાલચ બતાવીને આત્માની સર્વ લક્ષ્મીનું હરણ કરી જાય છે અને નીચેની ગતિઓમાં વાસ કરાવી દે છે. આ પ્રમાણે સંસારનું સ્વરૂપ જાણીને જ્ઞાની પુરૂષે પોતાનું હિત ભૂલી જવું તે ઉચિત નથી (૧-૧૦)

શુભચંદ્રાચાર્ય કહે છે કે "આ જ્ઞાનાર્ણવઃ નામના ગ્રંથને કહીશ" કે જેમાં અવિદ્યાના પ્રસારથી ઉત્પન્ન થયેલા આગ્રહોને તથા પિશાચરૂપી ભાવોને નિગ્રહ કરવામાં પ્રવીણ તથા સત્પુરૂષોને માટે આનંદના મંદિરરૂપ હશે. સમુદ્ર તરવામાં મુશ્કેલ હોવા છતાં સમર્થ પુરૂષો તેને હાથો વડે તરી શકે છે પરંતુ આ 'જ્ઞાનાર્ણવઃ' યોગીયો - સાધકો ને રંજાયમાન કરવા માટે અથાગ-પાર ન પામી શકાય તેવો છે. તે અમારા જેવાથી પાર પામી શકાય તેવો નથી. જ્યાં વિશાળ બુધ્ધિવાળા સમસ્ત માર્ગને પાર કરી જવાવાળા પણ દિશા ભૂલી જાય છે, ત્યાં અન્ય જીવો કેવા પ્રકારે પાર પામી શકે ? (૧-૧૧ થી ૧૩)

જ્યાં સમંતભદ્રાદિક આચાર્યોરૂપી સૂર્યોની નિર્મળ ઉત્તમ વચનરૂપ કિરણો ફેલાઈ રહી હોય ત્યાં જ્ઞાનમાં લઘુ રૂપ આગિયા જેવા મનુષ્ય શું હાસ્યરૂપ નથી બનતાં ? અવશ્ય હાસ્યરૂપ બને છે એટલે કે સૂર્યની સામે આગિયાનો પ્રકાશ શું હિસાબમાં હોય ? અહીંયા આચાર્ય

પોતાની લઘુતા દર્શાવે છે. જેના વચન જીવોના મન-વચન-કાયાથી ઉત્પન્ન થવાવાળા મળનો નાશ કરે છે, એવા દેવનંદી-પૂજ્ય પાદસ્વામી નામના મુનીને હું નમસ્કાર કરું છું. જિનસેન આચાર્ય મહારાજના વચન છે, તે જયવંત વર્તે છે, કારણકે યોગીયો તેઓના વચનને પ્રાપ્ત થઈને આત્માના નિશ્ચયમાં સ્ખલિત નથી થતા અર્થાત્ યથાર્થ નિશ્ચય કરી લે છે તથા તેમના વચન ન્યાય, વ્યાકરણ, અને સિધ્ધાંત વિદ્યાઓના જાણનાર પુરૂષો વડે વંદનીય છે ભટ્ટાકલંક આચાર્ય સ્યાદ્વાદ રૂપી આકાશમાં પ્રકાશ કરે છે. (૧-૧૪ થી ૧૭)

આ ગ્રંથની રચનાથી સંસારમાં જન્મ ધારણ કરીને દુર્નિવાર ક્લેશોથી પીડા પામેલ હું મારા આત્માને યોગીશ્વરોથી સેવાયેલ જ્ઞાન ધ્યાનરૂપી માર્ગમાં જોડું છું. (૧-૧૮)

આ ગ્રંથ મેં કરેલ છે, પણ તે કેવળ મારા જ્ઞાનની વૃધ્ધિને માટે છે. કવિતાના અભિમાનથી તથા જગતમાં કીર્તિ ફેલાય તે હેતુથી કરેલ નથી. (૧-૧૯)

સત્પુરૂષો એમ વિચારે છે કે, આ પ્રાણી પોતાના નિજસ્વરૂપ તત્ત્વને સન્મુખ કરીને મોક્ષના અર્થ ને જાણે, મોહ નિંદ્રા છોડીને સમ્યગ્જ્ઞાનને જાણે, તથા ભમ્ર-અનાદિ અવિદ્યાને છોડીને ઉપશમભાવ રૂપ સામ્રાજ્યને ગ્રહણ કરે (૧-૨૦)

મનુષ્યની વિષયો પ્રત્યે મહાતૃષ્ણા રહેલી છે, જે સંસાર ભાવથી ઉત્પન્ન થયેલી છે, તે કોઈ ઉપાયથી નાશ નથી પામતી (૧-૨૧). તે તૃષ્ણાની શાંતિ માટે જ્ઞાનીપુરૂષોએ તેનો ઉપાય બતાવ્યો છે અને તે જગતના જીવોના ઉપકાર અર્થે નિષ્કારણ કરુણા ભાવથી બતાવેલ છે. પરંતુ આ જીવ તે પ્રતિકારરૂપ ભાવોની અવજ્ઞા કરે છે (૧-૨૨). તો પણ ઉદ્વેગ રહિત એવા જ્ઞાની પુરૂષો દ્વારા પ્રાણીના હિતઅર્થે બંધ મોક્ષના સ્વરૂપનું વર્ણન કર્યું છે. જેથી આ પ્રાણી વૈરાગ્યને પ્રાપ્ત હોય (૧-૨૩). આ કારણથી કોઈ પવિત્ર યથાર્થ

ઉપદેશ વિચારીને આ પ્રાણીને આપવો જોઈએ, જેથી આપણી ઉત્કૃષ્ટ શુધ્ધતાને ગ્રહણ કરીને, દુર્બુધ્ધિને છોડી દે (૧-૨૪)

આ આત્મા મહામોહથી-મિથ્યાત્વ તેમજ કષાયથી-કલંકિત અને મલિન થયેલો છે. તેથી જેનાથી તે શુધ્ધ થાય, તે જ પોતાનું હિત છે, તે જ પોતાનું ઘર છે અને તે જ પરમ જ્યોતિ સ્વરૂપ પ્રકાશ છે. (૧-૩૬)

આ જગતને ભયાનક કાળરૂપી સર્પથી ગ્રસાયેલો જોઈને મિથ્યાજ્ઞાન અને મિથ્યા આચરણના સમુહને છોડીને પોતાના સ્વરૂપમાં ધ્યાનમાં લીન થાય છે, તેને ધન્ય અને મહાભાગ્યવાન કહીએ છીએ (૧-૩૭)

જે બુધ્ધિમાન છે, તેઓ આ જગતને ઈન્દ્રિય રૂપી રાક્ષસોથી વ્યાપ્ત તથા કામરૂપી સિંહથી પકડાયેલ અને દુ:ખરૂપી સમુદ્રમાં ડૂબેલો સમજીને છોડી દે છે (૧-૩૮)

સંસારી જીવો ને નિવારી ન શકાય તેવા દાહરૂપી મહાકષ્ટથી પીડાયેલા જોઈને આ જીવ સમુહને જોઈને જ્ઞાનીજનો શાંત ભાવને જ પ્રાપ્ત કરી લે છે (૧-૩૯)

સંસાર ભ્રમણથી વિભ્રાત થયેલા અને મોહ રૂપી નિંદ્રાથી જેની ચેતનાં નાશ પામી ગઈ છે, એવા આ જગતમાં મુનિઓ નિરંતર જાગૃત રહે છે (૧-૪૦)

જે સત્પુરૂષો છે-તેઓ રજ કહેતાં જ્ઞાનાવરણિય, દર્શનાવરણિય કર્મ અને તમ કહેતાં મિથ્યાજ્ઞાનથી અથવા રજોગુણ, તમોગુણથી કંપિત થયેલા તથા કષાયરૂપી વિષથી મૂર્છા પામેલા આ સત્વ સંતાન (કહેતાં જગતને જોઈ) ને - શાંત ભાવને ધારણ કરી લે છે (૧-૪૧)

વારંવાર ઉત્પન્ન થયેલી દુ:ખાગ્નિથી નાશ પામી રહેલા જગતના જીવોને જોઈને સંતપુરૂષ જ્ઞાનરૂપી સમુદ્રના કિનારાને પકડી લે છે (૧-૪૩)

અનાદિ કાળથી લાગેલી કર્મરૂપી કાળાશને બહુજ કષ્ટથી છોડી શકાય તેમ છે, તેથી આ કાળાશને જેનાથી શીઘ્ર નાશ કરી શકાય, તે ઉપાય બુધ્ધિમાનોએ કરવો જોઈએ. અન્ય ઉપાય કરવા વ્યર્થ છે. (૧-૪૪)

પ્રાણીનું હિત મોક્ષ છે, તે કેવો છે ? નિષ્કલંક, નિરાબાધ, આનંદ સહિત છે, જ્યાં કોઈ જાતનું દુઃખ નથી, કારણ કે તે સ્વભાવરૂપ સ્થિતિ છે. તેથી તેનો નાશ થઈ શકતો નથી અને સંસારનો વિપક્ષી-પ્રતિ પક્ષી છે. યોગીયો મોક્ષનું સ્વરૂપ આ પ્રમાણે કહે છે (૧-૪૫)

જે ધીર છે અને વિચારણાવાળો છે તથા અતીન્દ્રિય સુખને ઈચ્છે છે, તેણે પ્રમાદ છોડીને આ મોક્ષભાવનો જ ઉત્કૃષ્ટ આદર કરવો જોઈએ (૧-૪૭)

હે ભવ્ય જીવ ! આ મનુષ્ય ભવ મળવો બહુ દુર્લભ છે અને તેને વારંવાર મેળવવો કઠણ છે, આ કારણે બુધ્ધિમાને હૃદયને વિચાર શૂન્ય બનાવીને કાળ-સમયને વ્યર્થ ન જવા દેવો જોઈએ (૧-૪૮)

આ સંસાર અનિત્ય છે, કામનાઓથી ભરેલો છે, વિજળી સમાન ચંચળ છે. આ પ્રકારે યથાર્થપણે-સમ્યક્પણે વિચારવાવાળો જો પોતાના સ્વાર્થમાં જ સુકૃતી કરવાવાળો, પુણ્યવાન જ્ઞાની પુરૂષ છે તે મોહને કેમ પ્રાપ્ત થાય ? ન જ થાય (૧-૪૯)

એટલે જ આ સંસારને દુઃખરૂપ નિઃસાર જાણીને બુધ્ધિમાનોએ પોતાના હિતરૂપ મોક્ષનું સાધન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ધારણ કરવા રૂપ ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ.

જીવને ધ્યાન સન્મુખ કરવા માટે, સંસારના ભોગાદિથી વૈરાગ્ય ઉત્પન્ન કરાવવા માટે, વૈરાગ્ય પ્રેરક બાર ભાવનાનો અભ્યાસ કરવો જરૂરી છે. તે બાર ભાવનાના નામ છે :

(૧) અનિત્ય ભાવના (૨) અશરણ ભાવના (૩) સંસાર ભાવના

(૪) એકત્વ ભાવના (૫) અન્યત્વ ભાવના (૬) અશુચિ ભાવના (૭) આસ્રવ ભાવના (૮) સંવર ભાવના (૯) નિર્જરા ભાવના (૧૦) લોક ભાવના (૧૧) બોધિ દુર્લભ ભાવના (૧૨) ધર્મદુર્લભ ભાવના

આ બાર ભાવનાઓમાં નિરંતર રમણતા કરતા જ્ઞાનીઓ આલોકમાં રોગાદિકથી બાધારહિત, અતીન્દ્રિય, અવિનાશી, સુખને મેળવે છે અર્થાત્ કેવળજ્ઞાનરૂપ આનંદને પ્રાપ્ત કરે છે (૨-૧)

આ બાર ભાવનાઓનો નિરંતર અભ્યાસ કરવાથી હૃદયમાંથી કષાયરૂપ અગ્નિ બુઝાઈ જાય છે તથા પરદ્રવ્યો પ્રત્યેનો રાગ ક્ષય થઈ જાય છે. અને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થઈને જ્ઞાનરૂપ દિપકનો પ્રકાશ પ્રગટે છે (૨-૨)

આચાર્ય કહે છે કે : - હે મિત્ર ! આ બાર ભાવનાઓ નિશ્ચયથી મુક્તિરૂપી લક્ષ્મીની સખી છે. આ મુક્તિરૂપી લક્ષ્મીને મેળવવાની ઈચ્છાવાળાને માટે પંડિતોએ તેની સાથે મિત્રતા કરવાનું કહ્યું છે. આ ભાવનાઓથી જ આનંદ સહિત એવા આત્મસુખને પામી શકાય છે (૨-૩)

જે આ ભાવનાઓનું ભાવન કરે છે તે શુભ વૈરાગ્યને મેળવે છે અને તેના વડે પોતાના સ્વરૂપનું ધ્યાન કરે તો તે શિવ-સુખને ત્વરાથી પ્રાપ્ત કરી લે છે.

ધ્યાતા તથા ધ્યાનના અંગરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્ર પ્રાપ્ત કરવા માટે જ ધ્યાન કરવાનું છે.

સમ્યગ્દર્શન – જ્ઞાન ચારિત્ર શું છે તેની જાણ પ્રત્યક્ષ જ્ઞાની પુરૂષ દ્વારા આપણને આપવામાં આવેલી છે. પ્રત્યક્ષ જ્ઞાની દ્વારા પ્રાપ્ત થયેલી આજ્ઞા વડે - તેની ઉપાસના વડે આપણે સમ્યગ્દર્શનાદિને પરિણામવી શકીએ છીએ અને તે પરિણમાવવા માટે જ ધ્યાન કરવાનું છે એમ પૂર્વે થયેલા જ્ઞાનીઓ દ્વારા કહેવામાં આવેલ છે.

હે ભવ્ય જીવો ! તમે સમ્યગ્દર્શન નામના અમૃતનું પાન કરો, કારણ કે આ સમ્યગ્દર્શન અમૂલ્ય સુખનો ખજાનો-ભંડાર છે, સમસ્તપણે કલ્યાણનું બીજ છે. સંસારરૂપી સમુદ્ર તરી જવા માટે જહાજ છે. આને ધારણ કરવાવાળા ભવ્ય જીવો રહેલા છે. આ સમ્યગ્દર્શન પાપરૂપી વૃક્ષને કાપવા માટે કુહાડારૂપ છે. તીર્થોમાં પણ પવિત્ર તીર્થ સમ્યગ્દર્શન મુખ્ય છે. જેના દ્વારા મિથ્યાત્વરૂપી શત્રુને જીતી શકાય છે એટલે જ ભવ્ય જીવોએ સૌથી પ્રથમ તેને જ અંગીકાર કરવાનું છે. (૬/૫૯)

હે ભવ્ય જીવો ! સમ્યગ્દર્શનના સહારે જ્યાં સુધી આ જીવ સંસારરૂપી વનમાં સમ્યગ્જ્ઞાનરૂપ સૂર્ય વડે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવા સમર્થ થતો નથી, ત્યાં સુધી મોહથી અંધ થયેલ પ્રાણી પોતાના ઉત્તમ સ્વરૂપના માર્ગથી પતિત થઈને દુઃખી થયા કરે છે. આ સંસારરૂપી વન કેવું છે ? – જેમાં પાપરૂપી સર્પના વિષથી બધા પ્રાણીઓ ઘેરાયેલા છે તેમજ તેમાં ક્રોધાદિ રૂપ પાપરૂપી ઊંચા પર્વતો અને વાંકીચૂંકી ગતિ કરી રહેલી દુર્ગતિરૂપ નદીઓમાં જીવ પડવાથી - ઉત્પન્ન થયેલા સંતાપથી તે સંસાર તીવ્રપણે ભયાનકપણે ભોગવે છે. જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ થતાં જ કોઈ પ્રકારનું દુઃખ અથવા ભય રહેતો નથી. માટે સમ્યગ્જ્ઞાનને પ્રગટ કરો. (૭/૨૩)

માટે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી જ્ઞાન વિશેષને વધારી ચારિત્રની રીત જાણીને ધ્યાનના ઉપાયમાં લાગી જાઓ. આ ચારિત્રને પ્રાપ્ત કરવા માટે અઢાર પ્રકારે સંયમને જાણીને તે પ્રમાણે વર્તવાથી જ ધ્યાનની સિધ્ધિ થશે.

**પ્રથમ : અહિંસા મહાવ્રત**

જે વિશુદ્ધતાનું ઉત્કૃષ્ટ સ્થાન છે તથા યોગીશ્વરોનું જીવન છે અને સમસ્તપણે પાપરૂપી પ્રવૃત્તિઓથી દૂર રહેવા માટેનું લક્ષણ છે તેને સમ્યક્ ચારિત્ર કહે છે. આ ચારિત્ર પાંચ પ્રકારથી રહેલું છે : ૧. સામાયિક

૨. છેદોપસ્થાપનીય ૩. પરિહાર વિશુદ્ધિ ૪. સૂક્ષ્મ સંપરાય ૫. યથાખ્યાત ચારિત્ર. બીજી રીતે આ ચારિત્રના ૧૮ ભેદ કહ્યા છે. પાંચ મહાવ્રતનું પાલન, પાંચ ઇન્દ્રિયોના વિષયોથી પાછા ફરવું, પાંચ સમિતિનું પાલન કરવું અને ત્રણ ગુપ્તિ એમ ૧૮ ભેદ છે. જેના મૂળરૂપ પાંચ મહાવ્રત છે, પાંચ સમિતરૂપ ફેલાવારૂપ છે તેમજ અત્યંત દોષરહિત ત્રણ ગુપ્તિરૂપ ફળના ભારથી નમી ગયેલું એવું ચારિત્રરૂપી વૃક્ષ છે. જે પ્રાણી સંસારના ભયથી ભય પામેલા છે, તેઓ આ ચારિત્રનું પાલન કરીને ભયરહિત - અભય બની જાય છે. આ ચારિત્ર તીર્થંકર ભગવાને કહેલ છે તે ચંદ્રમાની સમાન નિર્મળ છે. હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ રૂપ પાપોથી વિરતિ કરવી તે જ વ્રત છે. હવે અહિંસા વ્રત સમજાવે છે. (૮/૧થી ૬)

અહિંસા નામનું મહાવ્રત સત્યાદિક આગળના ચાર મહાવ્રતોનું કારણ છે. કારણ કે સત્ય, અચૌર્યાદિ વગર અહિંસા પાળી શકાતી નથી અને શીલાદિ સહિત ઉત્તર ગુણોને પ્રાપ્ત કરવા માટે અહિંસાની જરૂર રહે છે. જેમાં મન, વચન, કાયાથી ત્રસ અને સ્થાવર જીવોનો ઘાત સ્વપ્નમાં પણ ન થાય તેને પ્રથમ અહિંસા કહે છે. (૮-૭, ૮)

જીવો મરી જાય અથવા જીવે તો પણ પ્રમાદી જીવોને તો નિરંતર હિંસારૂપ પાપનો બંધ થતો રહે છે અને જે સંવર સહિત અપ્રમાદી છે, તેનાથી કદાચ હિંસા થઈ જાય તો પણ હિંસારૂપ પાપનો બંધ થતો નથી. (૮-૯)

સંરંભ, સમારંભ અને આરંભ – આ ત્રણ મન, વચન કાયાની ત્રણ પ્રવૃત્તિઓ તથા ક્રોધ, માન, માયા, લોભ - આ ચાર કષાયો અને કરવું, કરાવવું અને અનુમોદવાથી ક્રમથી ગુણવાથી હિંસાના (૩ x ૩ x ૪ x ૩) ૧૦૮ ભેદ થાય છે તથા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલન કષાયોના ઉત્તરભેદથી ગુણવાથી (૧૦૮ x ૪) ૪૩૨ ભેદ હિંસાના થાય છે. (૮-૧૦)

**નોંધ :** હિંસામાં ઉદ્યમ કરવારૂપ પરિણામ થવા તેને **સંરંભ** કહે છે. હિંસા કરવાના સાધનોનો અભ્યાસ કરવો અથવા મેળવવા તેને **સમારંભ** કહે છે અને હિંસામાં પ્રવર્તવું તેને આરંભ કહે છે.

ઉપર જણાવ્યા મુજબ સંરંભાદિ હિંસક પરિણામના ૧૦૮ અથવા ૪૩૨ ભેદ કહ્યા છે. તેથી હે આત્મન ! તું પ્રમાદને છોડીને ભાવોની શુદ્ધિને માટે જીવોના સમૂહને **હિતમિત્ર**ની દૃષ્ટિથી જોયાં કર. એટલે કે પ્રાણીમાત્રથી શત્રુભાવ ન રાખીને બધાથી મિત્રભાવ રાખ અને બધાની રક્ષા માટે મન, વચન, કાયાદિથી પ્રવૃત્ત કર (૮-૧૧). આ હિંસા જ નરકરૂપી ઘરમાં પ્રવેશ કરવા માટે મુખ્ય દરવાજો છે તેમજ જીવોને કાપવા માટે કુહાડા સમાન અને તેનો નાશ કરવા માટે નિર્દય શૂળીરૂપ છે. (૮-૧૩) જે ધર્મરૂપી વૃક્ષ ક્ષમાદિક ઉત્કૃષ્ટ ઉદાર સંયમથી બહુ સમયથી વધાર્યું હોય તેને માટે હિંસારૂપ કુઠારાઘાતથી ક્ષણમાત્રમાં નાશ પામી જાય છે. (૮-૧૪) હૃદયમાં ક્ષણભર માટે પણ હિંસા જાગૃત થઈ જાય તો, આ હિંસા તપ, યમ, સમાધિ અને ધ્યાન, અધ્યયનાદિ કાર્યો કરવા માટે નિરંતર પીડારૂપ થઈ જાય છે એટલે કે તે થઈ શકતા નથી (૮-૧૫).

જે જીવ ઘાતક, માંસભક્ષી, પાપી છે, તે નરકમાં જ જાય છે અને જે જીવની હિંસામાં જ ધર્મ માનીને તેવો ઉપદેશ કરે છે તે પોતાના અને બીજાના આત્માના ઘાત કરવાવાળા છે, તેથી તેઓ પણ નરકમાં જવાના પાત્ર છે (૮-૧૭)

પોતાની શાંતિને માટે અથવા દેવપૂજા તથા યજ્ઞના માટે જે મનુષ્ય જીવહિંસા કરે છે તે હિંસા પણ જીવોને તુરત જ નરકમાં લઈ જાય છે (૮-૧૮). હિંસા જ દુર્ગતિનું દ્વાર છે, પાપનો સમુદ્ર છે, તથા હિંસા જ ઘોર નરક અને ભયંકર અંધકારરૂપ છે (૮-૧૯) જે હિંસક છે, તેની નિસ્પૃહતા, મહત્તા, આશારહિતપણું, તીવ્ર તપ કરવું, કાય કલેશ કરવો અને દાન કરવું આદિ બધા ધર્મકાર્ય વ્યર્થ

થાય છે અર્થાત્ નિષ્ફળ બની જાય છે (૮-૨૦).

સુખના અર્થે કરવામાં આવેલી હિંસા દુઃખની પરિપાટી ઊભી કરે છે. મંગળ માટે કરવામાં આવેલી હિંસા અમંગળ જ કરે છે તથા જીવન અર્થે કરેલી હિંસા મૃત્યુને જ પ્રાપ્ત કરાવે છે. આ વાત નિશ્ચયથી હે જીવો ! તમે જાણો. (૮-૨૨)

જે મૂઢ, અધમ ધર્મની વૃદ્ધિ માટે જીવોને મારે છે, તે પત્થરની નાવમાં બેસીને સમુદ્રને તરવાની ઈચ્છા કરે છે તેની જેમ તે નિયમથી સંસારમાં ડૂબી જવાનો છે. (૮-૨૩)

જેમાં દયા નથી એવા શાસ્ત્ર તથા આચરણથી શું લાભ ? કારણ કે આવા શાસ્ત્રથી અથવા એવા આચરણને સ્વીકારવા માત્રથી જીવ દુર્ગતિમાં ચાલ્યો જાય છે. તેથી બધા પ્રાણીઓ પર દયા કરવા માટેનો એક અક્ષર પણ શ્રેષ્ઠ ગણાય છે અને ગ્રહણ કરવા યોગ્ય છે, પણ ધૂર્ત અને વિષય કષાયી પુરૂષો દ્વારા રચેલા, ઈન્દ્રિયોને પોષણ આપવાવાળા જે પાપરૂપ કુશાસ્ત્ર છે તે શ્રેષ્ઠ તો નથી પણ જોવા યોગ્ય પણ નથી. (૮-૨૫, ૨૬)

જે પ્રાણી ગર્વથી ઉદ્ધત થયેલો છે અને ઈન્દ્રિયોના વિષયો તથા કષાયોથી છેતરાયેલો છે તે મંદ કષાય ભાવ તથા ઉપશમરૂપ શીલ ચિહ્નવાળો દયામય, જીવોનું હિત કરવાવાળા ગુણોની ખાણરૂપ દયામય ધર્મને છોડીને દુઃખની શાંતિ માટે હિંસાને પણ ધર્મ કહીને ઉપદેશ કરે છે, તે પોતાને જ છેતરીને દુર્ગતિમાં ચાલ્યો જાય છે. (૮-૨૮)

બધા મત પંથમાં, બધા શાસ્ત્રોમાંથી આ સાંભળવામાં આવે છે કે "અહિંસા લક્ષણ તો ધર્મ છે અને તેનો પ્રતિપક્ષી હિંસા કરવી તે પાપ છે." આ સિદ્ધાંતથી જેના વિપરીત વચન હોય તે બધા વિષય અભિલાષી, જિહ્વા લંપટ જીવોને તો દૂરથી તજી દેવા યોગ્ય જાણવા જોઈએ. (૮-૩૧)

અહિંસા જ તો જગતની માતા છે, કારણ કે બધા જીવોનું પાલન કરવાવાળી છે. અહિંસા જ આનંદની સંતતિ અર્થાત્ પરિપાટી છે. અહિંસા જ ઉત્તમ ગતિ અને શાશ્વત આત્મલક્ષ્મી છે. જગતમાં જેટલા ઉત્તમોત્તમ ગુણો છે, તે બધા આ અહિંસામાં જ છે. (૮-૩૨)

જે પુરૂષ કોઈ પ્રત્યેની પ્રીતિના ભ્રમથી અથવા કોઈના ભયથી હિંસાનું સમર્થન કરીને કહે કે : હિંસા કરવી એ બુરું કાર્ય નથી તો એમ સમજવું કે તેણે પોતાના આત્માને તે સમયે નરકરૂપી સમુદ્રમાં ફેંકી દીધો છે. (૮-૩૬)

જે બળવાન પુરૂષ આ લોકમાં નિર્બળનો પરાભવ કરીને, સતાવે છે તે પરલોકમાં તેનાથી અનંતગણો પરાભવ સહન કરે છે. (૮-૩૭)

આ મોટું આશ્ચર્ય છે કે પોતાના પુત્રાદિ સંતાનોને બહુ જ યત્નથી પાળે છે અને મોટા કરે છે, પરંતુ બીજાના સંતાનોની હિંસા કરે છે. આમ કરવામાં એનો શો હેતુ છે ? આ જ મહામોહ-અજ્ઞાનનું જ માહાત્મ્ય છે. (૮-૪૦)

આ લોકમાં જેમ પરમાણુથી કંઈ નાનું નથી અને આકાશથી કોઈ મોટું નથી, આ પ્રકારે અહિંસારૂપ ધર્મથી મોટો કોઈ ધર્મ નથી. આ જગત પ્રસિદ્ધ લોકોકિત છે કે – "અહિંસા પરમો ધર્મઃ હિંસા સર્વત્ર ગર્હિતા" (૮-૪૧)

તપ, શ્રુત, યમ, જ્ઞાન, ધ્યાન અને દાન કરવું તથા સત્ય, શીલ વ્રતાદિક જેટલા ઉત્તમ કાર્ય છે, તે બધાની માતા એક અહિંસા જ છે. અહિંસા વ્રતના પાલન વિના ઉપર કહેલા ગુણોમાંથી એક પણ પ્રગટ થતો નથી. (૮-૪૨) તેથી જે પુરૂષનું મન કરુણાથી આર્દ્ર છે તથા વિશિષ્ટ જ્ઞાન સહિત છે અને ઇન્દ્રિયોના વિષયોથી દૂર છે, તેને મનોવાંછિત કાર્યની સિદ્ધિ થાય છે. (૮-૪૩)

જે પુરૂષનું ચિત્ત પ્રાણીઓ માટે શસ્ત્ર સમાન નિર્દય છે, તેનું તપ કરવું અને સ્વાધ્યાય કરવા આદિરૂપ કાર્ય કેવળ કષ્ટરૂપ જ થાય છે, પરંતુ કોઈ ભલાઈરૂપ નથી થતું (૮-૪૪). હિંસા કરવાવાળો અને હિંસા કરવાવાળાની પ્રશંસા કરવાવાળો – આ બન્નેનું કાર્ય આગમોમાં સમાન ગણવામાં આવ્યું છે. કારણ કે જેમ હિંસા કરવાવાળાને જે પાપ થયું તે પણ અશુભ પરિણામોથી જ થયું છે અને તેને સારૂં જાણવાવાળાને પણ અશુભ સંકલ્પ થયા વિના તેની અનુમોદના થઈ શકતી નથી. આ કારણથી હિંસા કરવાવાળા તથા તેને સારૂં જાણવાવાળા બન્નેને પાપ સરખું જ લાગે છે (૮-૪૫). દા.ત. સ્વયંભૂરમણ સમુદ્રમાં તંદુલ મત્સ્ય મહામત્સ્યની પાપણમાં બેઠો બેઠો પોતાના પાપરૂપ પરિણામથી સાતમી નરકમાં ચાલ્યો જાય છે. (૮-૪૬)

એક જ અહિંસા જીવોને જે સુખ, કલ્યાણ અથવા અભ્યુદય કરાવે છે તે તપ, સ્વાધ્યાય અને યમનિયમાદિ આપી શકતા નથી. કારણ કે અહિંસા ધર્મના બધા જ અંગોમાં એકમાત્ર મુખ્યપણે છે. (૮-૪૭) તેથી આ સંસારરૂપ તીવ્ર ભયથી ભય પામવાવાળા જીવોને આ અહિંસા જ એક પરમ ઔષધિ છે. કારણ કે બધાનો ભય દૂર કરે છે તથા સ્વર્ગ જવા માટે અહિંસા જ માર્ગમાં અતિશય પુષ્ટિકારક પથ્યરૂપ છે (૮-૪૯). આ અહિંસા આટલું જ નથી કરતી, પણ જીવોનું માતા સમાન રક્ષા કરવાવાળી અને સ્ત્રી સમાન ચિત્તને આનંદ દેવાવાળી છે તથા સદુપદેશ દેવા માટે સરસ્વતી સમાન છે. (૮-૫૦) તેથી જે મનુષ્ય પ્રાણી પોતાના અને અન્યના સુખ-દુઃખનો અથવા હિત-અહિતનો વિચાર ન કરીને જીવોને મારી નાખે છે, તે જન્મે મનુષ્ય હોવા છતાં રાક્ષસ છે, કારણ કે તે સાચા અર્થમાં મનુષ્ય હોત તો પોતાનું અને પરનું હિતાહિત વિચારી શકત. (૮-૫૧)

માટે હે ભવ્ય જીવ ! તું બીજા જીવોને અભયદાન આપ તથા તેમની સાથે યથાર્થ મિત્રતાભાવ રાખ અને સમસ્ત ત્રસ તથા સ્થાવર

જીવોને પોતાના સમાન જાણ (૮-૫૨). કારણ કે જેનું ચિત્ત કરુણાથી ભરેલું છે તેને જે સંપત્તિ મળે છે તેનું વર્ણન સરસ્વતીદેવી પણ કરી શકતી નથી, તો બીજા અન્યથી થઈ શકે એમ કેવી રીતે બને ? ન જ બને (૮-૫૩). જે મહાપુરૂષોએ જીવોને પ્રેમનો આશ્રય આપીને અભયદાન આપ્યું તે મહાત્માઓએ કયું તપ નથી કર્યું કે કયું દાન કર્યું નથી. અર્થાત્ તે મહાપુરૂષોએ બધા જ પ્રકારના તપ, દાન કરેલ છે. કારણ કે બધા જ તપ અને દાન અભયદાનમાં સમાઈ જાય છે (૮-૫૪).

આ લોકમાં મનુષ્ય જીવરક્ષાના અનુરાગથી બધા જ પ્રકારના કલ્યાણરૂપ પદને પ્રાપ્ત થઈ જાય છે, એવું કોઈપણ તીર્થંકર, દેવેન્દ્ર, ચક્રવર્તી-પદ લોકમાં નથી કે જે દયાવાન નથી પામી શકતો અર્થાત્ સર્વોત્તમ પદને પ્રાપ્ત થાય છે. (૮-૫૭)

તેથી હે ભવ્ય જીવ ! જે પ્રકારે જ્યોતિષચક્રમાં પ્રધાન ચંદ્ર છે, દેવોમાં ઈન્દ્ર છે, ગ્રહોમાં સૂર્ય છે, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, જળાશયોમાં સમુદ્ર છે, પર્વતોમાં મેરૂ છે અને દેવોના દેવ વીતરાગ દેવ છે, તે પ્રકારે શીલ અને વ્રતોમાં તથા શમભાવ, યમ અને તપમાં અહિંસા પ્રધાન છે તેમ જાણો (૮-૫૯).

**દ્વિતીય સત્ય મહાવ્રત :**

જે સંયમી કે સાધક ધૈર્યનું અવલંબન ધારણ કરીને સંયમને ધારણ કરે છે તે વચનરૂપી વનમાં સત્યરૂપ વૃક્ષનું યત્નની સાથે પાલન કરે છે. (૯-૧) જિનેન્દ્ર ભગવાને યમ નિયમાદિ વ્રતોનો સમૂહ કહ્યો છે તે એક માત્ર અહિંસા વ્રતની રક્ષા માટે કહેલા છે. કારણ કે અહિંસા વ્રત જો અસત્ય વચનથી દુષિત થાય તો તે ઉત્કૃષ્ટ પદને પ્રાપ્ત નથી કરી શકાતો અર્થાત્ અસત્ય વચનથી અહિંસા વ્રત પૂર્ણ થઈ શકતું નથી (૮-૨). જે વચન જીવોને ઈષ્ટ, હિત કરવાવાળું હોય તે

અસત્ય હોય તો પણ સત્ય છે અને જે વચન પાપ સહિત હિંસારૂપ કાર્યને પુષ્ટ કરે છે, તે સત્ય હોય તો પણ નિંદનીય છે. (૯-૩)

જે અનેક જન્મોમાં ઉત્પન્ન ક્લેશરૂપ દુ:ખોની શાંતિ માટે તપ કરે છે તે જીવોના હિતરૂપ નિરંતર સત્ય વચન જ બોલે છે, કારણ કે અસત્ય વચન બોલવાથી મુનિપણું કે સાધકપણું સંભવિત નથી. (૯-૪)

જે વચન સત્ય હોય, કરુણાથી સભર હોય, અવિરુદ્ધ હોય, આકુળતા રહિત હોય, નાના ગામના લોકો જેવું ગવારીપણું ન હોય અને ગૌરવ સહિત હોય અર્થાત્ જેમાં હલકાપણું ન હોય તે વચનને શાસ્ત્રમાં પ્રશંસવામાં આવ્યું છે. (૯-૫)

સાધક પુરૂષોએ પ્રથમ તો સંપૂર્ણ પ્રયોજનને સિદ્ધ કરવાવાળા નિરંતર મૌનનું અવલંબન લેવું જ હિતકારી છે અને જો વચન બોલવું પડે તો એવું કહેવું જોઈએ કે જે બધાને પ્રિય હોય, સત્ય હોય અને બધા જીવોનું હિત કરવાવાળું હોય. (૯-૬)

જે પુરૂષોએ આ લોકને સત્યરૂપ, કરૂણામય તથા વંચનારહિત માર્ગમાં નિરંતર ચલાવ્યો તે જ જયવાન છે અને તે જ જગતમાં વંદનીય તેમજ પૂજનીય છે (૯-૯). જે વચન સંદેહરૂપ હોય તથા પાપરૂપ હોય તથા દોષોથી સંયુક્ત હોય તેમજ ઈર્ષાને ઉત્પન્ન કરવાવાળા હોય, તે બીજાના પૂછવા છતાં કહેવું નહિ જોઈએ તથા કોઈ પ્રકારે સાંભળવું પણ ન જોઈએ. (૯-૧૨) તથા હૃદયને છેદવાવાળું, મનમાં શલ્ય ઉપજાવવાવાળું, ચંચળરૂપ, વિરોધ ઉપજાવવાવાળા તથા દયારહિત વચન કંઠ સુધી પ્રાણ આવી ગયા હોય તો પણ ન બોલવું જોઈએ. (૯-૧૩) આ જગતમાં જે પુરૂષ ધન્ય છે, જેના હૃદયમાં કરુણારૂપ સમુદ્ર ઉદય પામીને વચનરૂપ લહેરોના સમુહ વડે ઉલ્લાસથી જીવોને શાંતિ આપે છે. (૯-૧૪)

જ્યાં ધર્મનો નાશ થાય, ક્રિયા બગડતી હોય તથા યથાર્થ સિદ્ધાંતનો

લોપ થતો હોય તે જગ્યાએ યથાર્થ ધર્મક્રિયા અને સિદ્ધાંત માટે પૂછ્યા વગર બોલવું જોઈએ કારણ કે આ સત્પુરૂષોનું કાર્ય છે. (૯-૧૫)

જે વાણી લોકોના કાનમાં વારંવાર પડેલી હોય તથા વિષમ વિષને કહેતી હોય એવી વાણી જીવોને મોહમય બનાવી દે છે અને સમીચીન માર્ગને ભૂલાવી દે છે. તે વાણી નથી પરંતુ નાગિણિ સમાન છે. (૯-૧૬)

અસત્ય વચનથી પ્રાણીઓ અતિ તીવ્ર રૌરવાદિ નરકોની કુંભીઓમાં તથા તિર્યંચયોની તેમજ નિગોદમાં ઉત્પન્ન થઈને દુઃખોને ભોગવે છે. (૯-૧૯)

દાવાનળથી બળેલું વન તો કોઈ કાળમાં લીલું થઈ શકે છે પરંતુ જીભ વડે મર્મભેદી વચનોથી પીડાયેલા લોકો બહુ સમય વીતી જવા છતાં પણ પ્રસન્નતા અનુભવી શકતા નથી. એટલે કે કઠોર વચનોનો અગ્નિ શાંત કરવો કઠિન છે. (૯-૨૧)

જે મહાપુરૂષ સત્યવચન બોલે છે, તત્ત્વોના યથાર્થ સ્વરૂપને જાણે છે અને સત્ય શીલાદિને અવલંબે છે, તેના ચરણોના સ્પર્શ માત્રથી આ પૃથ્વી પવિત્ર બની જાય છે. (૯-૨૩) જે પુરૂષોએ પોતાના જન્મ યમ વ્રતાદિ ગુણોથી યુક્ત સત્શાસ્ત્રોનાં અધ્યયન વડે સફળ કરેલ છે, તે જ ધન્ય છે અને તે વિદ્વાનો દ્વારા પૂજાય છે. (૯-૨૪)

જે મનુષ્ય જન્મ પામીને પણ સત્ય પ્રતિજ્ઞાથી રહિત છે, તે અધમ સંસારરૂપ કાદવને કેવી રીતે પાર કરી શકશે ? (૯-૨૫) નિર્દયી પુરૂષો દ્વારા કહેવાયેલા વચનરૂપ શસ્ત્ર આ પૃથ્વી પર જીવોનાં મર્મને તીક્ષ્ણ શસ્ત્રોની જેમ તુરત છેદી નાખે છે, કારણ કે અસત્ય વચનની સમાન બીજા કોઈપણ શસ્ત્ર નથી. (૯-૨૬)

આ સત્ય નામનું વ્રત, શ્રુત અને યમોનું સ્થાન છે તથા વિદ્યા અને વિનયનું ભૂષણ છે. કારણ કે વિદ્યા અને વિનય સત્ય વચનથી

જ શોભાયમાન થાય છે અને સમ્યક્ચારિત્ર તથા સમ્યગ્જ્ઞાનના બીજને ઉત્પન્ન કરવાનું કારણ સત્ય વચન જ છે. (૯-૨૭)

સત્ય પ્રતિજ્ઞાવાળા, પુણ્યકર્મ અવલંબી પુરૂષનું દુષ્ટ દૈત્ય તથા સર્પાદિક કાંઈપણ ખરાબ કરવામાં સમર્થ થઈ શકતા નથી. (૯-૨૮) ત્રણ લોકમાં ચંદ્રમા સમાન આનંદને વધારવાવાળા સત્ય વચનથી પ્રગટ થયેલી મનુષ્યની કીર્તિને દેવો પણ પોતાના મસ્તક પર ધારણ કરે છે એટલે બહુમાન આપે છે. (૯-૨૯)

જે તપસ્વી હોય, જટાધારી હોય, માથું મુંડાવેલું હોય અથવા નગ્ન-દિગંબર હોય અથવા વસ્ત્રધારી હોય અને અસત્ય બોલતો હોય તો તે ચંડાલથી પણ ખરાબ અતિશય નિંદવા યોગ્ય હોય છે. (૯-૩૧) જો અસત્ય વચન બોલવાથી પોતાના કુટુંબ, જીવન અને ધનની વૃદ્ધિ થતી હોય તો પણ શીલધારી શોભાયમાન પુરૂષોએ અસત્ય બોલવું ઉચિત નથી. (૯-૩૨)

આર્ય પુરૂષોએ ત્રાજવામાં એક તરફ બધા જ પાપોને રાખ્યા અને બીજી તરફ અસત્યથી ઉત્પન્ન થયેલા પાપને રાખીને તોલ્યા તો બંને સમાન થયા. (૯-૩૩). મૂંગાપણું, બુદ્ધિની વિકલતા, મૂર્ખતા, અજ્ઞાનતા, બધિરપણું તથા મુખના રોગ થવા ઈત્યાદિ જે થાય છે તે અસત્ય વચન બોલવાના પાપથી થાય છે. (૯-૩૪) ચંડાલ, ઘુવડ, બિલાડી, વરુ અને કૂતરા આદિ જો કે નિંદનીય છે, તો પણ તેને અનેક લોકો અંગીકાર કરે છે, પરંતુ અસત્યવાદીઓને કોઈ સ્વીકારતા નથી. તેથી અસત્યવાદી આ બધાથી પણ અધિક નિંદવા યોગ્ય છે. (૯-૩૫) કારણ કે એકવાર બોલવામાં આવેલ અસત્ય વચન ચંદ્રમાની કિરણોની સમાન પ્રસન્ન (નિર્મળ) તથા ઉન્નત ગુણોના સમૂહનો નાશ કરે છે. (૯-૩૬)

મોટા મોટા બુદ્ધિમાનોએ તો અસત્ય વચનનો ત્યાગ કર્યો છે અને સર્વજ્ઞ વીતરાગે પણ આનો નિષેધ કર્યો છે, પરંતુ ખરાબ

સ્વભાવવાળા પાપીઓએ તેને જ પોષણ આપ્યું છે. એ ઠીક છે કે પાપીઓને પાપ જ ઇષ્ટ લાગે છે. મહાપુરૂષો જેની નિંદા કરે છે, હલકા પુરૂષો તેની પ્રશંસા કર્યા કરે છે. (૯-૩૯) તેથી પુત્ર, સ્વજન, સ્ત્રી, ધન અને મિત્રોને માટે અથવા પોતાના માટે પણ પ્રાણ (આત્મા માટે પણ) જાય તો પણ અસત્ય વચન ન બોલવું જોઈએ આ ઉપદેશ છે. (૯-૪૦)

મનુષ્ય બીજાની પ્રાર્થનાથી બીજાને માટે નિંદવા યોગ્ય અસત્ય બોલીને નરકમાં ચાલ્યો જાય છે. દા.ત. વસુરાજા સત્ય બોલવાવાળો અને ગુણવાન હતો, પરંતુ પોતાના સહાધ્યાયી ગુરૂપુત્ર પર્વતની માટે જૂઠી સાક્ષી દેવાથી નરકમાં જવું પડ્યું. આ જગત પ્રસિદ્ધ વાર્તા છે. એટલે કે બીજાને માટે પણ જૂઠું બોલવાથી નરકમાં જવું પડે છે. (૯-૪૧)

જે મનુષ્યોની સેવા દેવો પણ કરે છે એવા મહાન પુરૂષ તીર્થંકર તથા ચક્રવર્તી આદિ હોય છે. તેઓ અગ્નિમાં પ્રવેશ કરે અથવા પાણીમાં પડી જાય તો પણ દેવો તેઓને સહાય કરે છે. આ બધું સત્ય વચન બોલવાનું ફળ છે. સત્ય વચન બોલવાથી સંસારથી કલ્યાણ થઈ જાય છે. જેઓ પૂર્ણપણે પાળે છે તેઓ મોક્ષ નિધાનને ત્વરાથી પ્રાપ્ત કરી લે છે. (૯-૪૨)

**તૃતીય અસ્તેય મહાવ્રત :**

જે મુનિ અથવા સાધક ત્રીજા અસ્તેવ (અચૌર્ય) નામના મહાવ્રતને અંગીકાર ન કરે તો મોક્ષમાર્ગમાં પ્રાયઃ સ્થિરતાને પ્રાપ્ત થતો નથી. (૧૦-૧) જેઓ સંસાર સમુદ્રમાંથી પાર ઉતરી જવાની ઇચ્છા રાખે છે, તે સુબુદ્ધિ નિઃશંક થઈને મન-વચન-કાયાથી અદત્ત વસ્તુને ગ્રહણ કરવાની ઇચ્છા કરતા નથી. (૧૦-૨)

ધનને શાસ્ત્રોમાં જીવોનો બાહ્ય પ્રાણ કહેવામાં આવ્યો છે, આ કારણથી તેની ચોરી કરવાથી જીવોના પ્રાણની ઘાત જ થઈ જાય છે.

આમ ચોરી કરવી તે પણ એક જાતની હિંસા છે. (૧૦-૩) ચોરી કરવાવાળાના ગુણ તો ગૌણ.બની જાય છે તથા વિદ્યા પણ વિડંબનારૂપ બની જાય છે અને નિંદા પોતાના માથા પર ઘુમ્યા કરે છે. (૧૦-૪) આ પૃથ્વી પર પરધનરૂપી માંસના કોળિયામાં આસક્ત જીવોના પુણ્યરૂપી આચરણોનો સમૂહ આ લોકમાં જ નાશ પામી જાય છે. (૧૦-૫) વળી પરદ્રવ્યને ગ્રહણ કરનાર ચોરને ગુરૂ, ભાઈ અને પુત્રને પણ મારી નાખવાની નિર્દયપણાવાળી બુદ્ધિ સામાન્યપણે થઈ જાય છે. (૧૦-૬) જે પુરૂષોના હૃદયમાં પરધનરૂપ માંસને ખાવાની ઈચ્છા થાય છે, તે તેના કંઠમાં લાગેલી સર્પિણી સમાન શું શું નથી કરતી અર્થાત્ બધું જ અનિષ્ટ કરે છે. (૧૦-૭)

જેનો સ્વભાવ ચોરી કરવાનો થઈ જાય છે, એવા પોતાના પુત્રને માતા પણ આ જાણીને પોતાના ધનને ચોરી જવાના ભયથી ભયભીત થઈને છોડી દે છે. (૧૦-૮) ચોરનું ચિત્ત બીજા મનુષ્યો સાથે બેસવાથી સ્થિર રહેતું નથી અને વનમાં પણ નિશ્ચિંત નથી રહેતું. દા.ત. જેમ કોઈ મગૃની પાછળ શિકારી પડ્યો હોય તો પોતાનું મૃત્યુ થવાના ભયથી તેનું ચિત્ત ઠેકાણે રહેતું નથી, તે પ્રકારે ચોરને પણ પોતાને પકડાઈ જવાનો નિરંતર ભય રહે છે. (૧૦-૧૦)

ચોર પોતાની રક્ષા કરવાનું નથી જાણતો, તે વખતે તેની બધી ચતુરાઈ ભૂલાઈ જાય છે. તે પરોપકાર તથા ધર્મને પણ નથી જાણતો અને સત્પુરૂષોને યોગ્ય કાર્યોને સ્વપ્નમાં પણ યાદ નથી કરતો એટલે કે ઉત્તમ કાર્ય કરવાનો સમય જ મળતો નથી. (૧૦-૧૨) ચોરી કરવાવાળો મૂર્ખ પુરૂષ પરલોકમાં દુઃખરૂપી જ્વાળા ભોગવવા માટે ભયાનક ઘોર નરકમાં નિયમપૂર્વક ચાલ્યો જાય છે. (૧૦-૧૫)

એટલા માટે હે આત્મન ! નદી, નગર, પર્વત, ગ્રામ, વન, ઘર તથા પાણી વગેરેમાં રાખવામાં આવેલ, પડી ગયેલા કે નાશ પામેલા ધનને મન-વચન-કાયાથી ગ્રહણ કરવાનું છોડી દે તે જ શ્રેયનો માર્ગ છે. (૧૦-૧૬)

પરધનના પણ બે ભેદ છે – એક ચેતન અને બીજું અચેતન, ચેતનમાં દાસ, દાસી, પુત્ર, પૌત્ર, સ્ત્રી, ગાય, ભેંસ, ઘોડા વિગેરે છે અને અચેતન ધન, ધાન્ય, સુવર્ણાદિ અનેક પ્રકારના છે. તેથી જો સંયમભાવની ઉત્તમ મર્યાદાની રક્ષા કરવા માટે તેને અવશ્ય છોડી દેવા યોગ્ય છે. અર્થાત્ પર દ્રવ્ય જરા પણ લેવું નહીં જોઈએ (૧૦-૧૭). બુદ્ધિમાન કે જ્ઞાનીને તો પરધન ગ્રહણ કરવાની ઈચ્છા કરવી તે તો સ્વપ્નમાં પણ દૂર રહેવી જોઈએ, પરંતુ દાંત સાફ કરવા માટે દાતણ પણ કોઈ દ્વારા આપવામાં ન આવે તો તે ગ્રહણ કરવા યોગ્ય નથી (૧૦-૧૮).

માટે હે આત્મન્ ! હે ભવ્ય જીવો ! તમે આ ચોરીને ઉપર કહેલા પ્રકારથી નિંદવા યોગ્ય જાણીને અનંત સુખની સિદ્ધિ માટે તેમજ ધર્મ, યશ, સંયમની રક્ષા માટે તથા આલોક પરલોકમાં પોતાના હિત માટે મનમાં પણ આને વિચારો નહી અર્થાત્ ચોરી કરવી તો દૂરની વાત છે, પણ મનમાં પણ તેનો વિચાર ન આવવો જોઈએ. (૧૦-૧૯)

ધર્મરૂપી વૃક્ષ જે મૂળ વિષયોથી વિરક્ત થવું તે છે, જેની સંયમરૂપી મોટી નદીઓ છે. યમ નિયમાદિ પાંદડા છે, ઉપશમભાવ રૂપ પુષ્પ છે, જ્ઞાન આનંદરૂપી ફળોથી ભરપુર છે અને જે વિદ્વાનો અને દેવતાઓથી સેવાય છે, એવા ધર્મરૂપી અચૌર્ય વૃક્ષને મુનિ પણ ચોરી રૂપી તીવ્ર અગ્નિથી બાળી નાખે છે તો અન્ય સાધારણ માનવીની તો શું વાત કરવી. આ કારણથી ચોરીનો સંગ કરવો પણ મહા પાપ છે. (૧૦-૨૦)

**ચતુર્થ બ્રહ્મચર્ય મહાવ્રત :**

જે વ્રતનું અવલંબન લઈને યોગીઓ, પરબ્રહ્મ પરમાત્માને જાણે છે અર્થાત્ તેને અનુભવે છે અને જેને ધૈર્યવાન અને શૂરવીર પુરૂષ જ ધારણ કરી શકે છે, પરંતુ સામાન્ય મનુષ્ય ધારણ નથી કરી

શકતા, તે બ્રહ્મચર્ય નામનું મહાવ્રત છે. (૧૧-૧)

આ ત્રણે લોકમાં બ્રહ્મચર્ય નામનું વ્રત જ પ્રશંસા કરવા યોગ્ય છે, કારણ કે જે પુરૂષોએ આ વ્રતની નિર્મળતા, નિરતિચારપૂર્વક પ્રાપ્ત કરી છે, તે પૂજ્ય દ્વારા પણ પૂજાય છે. એટલે કે અર્હંત ભગવાન બ્રહ્મચર્યની પૂર્ણતાને પ્રાપ્ત થયા છે. તેથી તેમની પૂજા મુનિ-ગણધરાદિ પૂજ્ય પુરૂષો પણ કરે છે. (૧૧-૩)

આ બ્રહ્મચર્ય વ્રતનો પ્રતિપક્ષી કામ સેવના છે, તે દશ પ્રકારે છે અને પરિણામે તો વિરસ-અસારરૂપ છે. આ કારણથી જે કામનાથી વિરક્ત છે, તેણે અવશ્ય ત્યાગવા યોગ્ય છે (૧૧-૬). આ દશ પ્રકાર આ પ્રમાણે છે.

(૧) શરીરના શૃંગાર વિ. કરવા. (૨) વિગયવાળા રસનું સેવન કરવું. (૩) ગીત, નૃત્ય વાજિંત્ર આદિને જોવા કે, સાંભળવા. (૪) કામની પૂર્તિ માટે તેનું સેવન કરવું. (૫) કામ સેવનના કોઈ પ્રકારનો સંકલ્પ કે વિચાર કરવો. (૬) કામનાના ભાવથી અન્ય લિંગીના અંગો જોવા. (૭) તેને જોવાના સંસ્કાર અંતરમાં રહી જવા. (૮) પૂર્વે ભોગવેલ કામ ભોગનું સ્મરણ કરવું. (૯) ભવિષ્યમાં ભોગવવાનું ચિંતવન કરવું. (૧૦) વીર્યપાત થવો.

આ દશ પ્રકાર મૈથુનના છે, તેણે બ્રહ્મચારીએ સંપૂર્ણ ત્યાગવા જોઈએ. (૧૨-૭ થી ૯)

જે પ્રકારે કિંપાકફળ જોવામાં, સૂંઘવામાં, ખાવામાં રમણીય-સ્વાદિષ્ટ છે અને તેનો વિપાક થવાથી હળાહળ ઝેરનું કામ કરે છે, તે પ્રકારે આ મૈથુન પણ અમુક સમય સુધી રમણીય અથવા સુખદાયક લાગે છે, પરંતુ વિપાક વખતે ભય પેદા કરવાવાળું છે. (૧૧-૧૦)

જે પુરૂષ (આત્મા) કામ ભોગોથી વિરક્ત થઈને બ્રહ્મચર્યનું સેવન કરે છે, તેણે ભાવશુદ્ધિ માટે ઉપર કહેલા દશ પ્રકારના મૈથુનનો

ત્યાગ કરવો જોઈએ, કારણ કે આ દોષોને ત્યાગ્યા વિના ભાવોની શુદ્ધિ થતી નથી. (૧૧-૧૧) માટે હે આત્મન ! કામના પ્રકોપથી ઉત્પન્ન થયેલા દોષો તેમજ સંસર્ગજન્ય દોષોને જાણીને કામભોગોથી વિરક્ત થવું જોઈએ (૧૧-૧૨).

કામરૂપી અગ્નિનો તાપ એવો હોય છે કે તે ઊભો થવાથી (પ્રજ્વલિત થવાથી) વરસાદના પાણીથી ઠારવાનો પ્રયત્ન કરવામાં આવે તો પણ શાંત થતો નથી. અથવા કામાગ્નિ પ્રગટેલા પુરૂષને સમુદ્રમાં ડૂબાવી રાખો તો પણ તે સંતાપ દૂર નથી થતો (૧૧-૧૩) આ કામરૂપી અગ્નિ પ્રથમ તો જીવોના હૃદયમાં ઉત્પન્ન થાય છે, ત્યારબાદ જ્યારે વૃદ્ધિને પામે છે ત્યારે શરીરના અંગ ઉપાંગોને બાળી નાખે છે. (૧૧-૧૫)

જે ઉત્કૃષ્ટ સાધકો છે, તેઓ આ લોકને અચિન્ત્ય કામરૂપી સર્પના વિષથી મૂર્છિત થયેલો જોઈને પોતાના આત્મ સ્વરૂપના ભેદવિજ્ઞાન માટે પ્રયત્ન કરે છે (૧૦-૧૬). કામથી બચવાનો ઉપાય વિવેક અર્થાત્ ભેદજ્ઞાન જ છે. (૧૧-૧૭)

જેનું પરાક્રમ અવ્યાહૃત અર્થાત્ અખંડિત છે, એવો આ કામ એકલો જ આ ચરાચર સ્વરૂપ લોકોને પોતાની શક્તિથી વેરણ છેરણ કરી નાખે છે (૧૧, ૧૯). આ કામ નિર્ભય થઈને ત્રણે લોકને દુઃખી કરે છે અને આ પૃથ્વી ઉપર સેંકડો ઉપાયો કરવા છતાં પણ આનો નાશ થઈ શકતો નથી. (૧૧-૨૦)

આ સંસારી જીવ કામ જ્વરના દાહથી ઉત્પન્ન થયેલ તરસથી પીડિત થઈને અનંત કષ્ટોના સમૂહરૂપ દુર્ગમ સંસારરૂપી મરુભૂમિમાં દુઃખ સહન કરે છે. (૧૧-૨૩) કામરૂપી સિંહના જડબામાં પકડાયેલા મનુષ્ય યોગીઓ દ્વારા નિંદારૂપ પાપથી ભરપુર, અતિશય ક્રુરતારૂપ તથા ધૃણાસ્પદ કાર્યને પણ કરે છે. (૧૧-૨૪)

આ પ્રકારના પ્રકોપને પ્રાપ્ત થયેલા કામરૂપી વૈરી લોકોને દિશામૂઢ

અથવા ભ્રમમય બનાવી દે છે તથા ઉન્મત્ત અને ભયભીત બનાવે છે એટલે કે ઈષ્ટ કાર્યથી વિમુખ બનાવી દે છે. કામ ઊભો થવાથી (૧) ચિંતા થાય છે કે આ કામ કેવી રીતે કરી શકાશે, તેનું સાધન મળશે કે નહીં ? (૨) કામ પૂરો કરવાના પાત્રને જોવાની ઈચ્છા થાય છે. (૩) જો સાધન જોવા ન મળે તો દીર્ઘ નિશ્વાસ કાઢે છે અને કહે છે કે તેને જોઈ ન શકાયું. (૪) કામની પૂર્તિ ન થાય તો શરીરમાં તાપ ઉત્પન્ન થાય છે. (૫) શરીર બળતું હોય તેમ લાગે છે. (૬) જમવાનું રુચતું નથી. (૭) કામને કારણે મહા મૂર્છાભાવ ઉત્પન્ન થાય છે. અર્થાત્ બેહોશ પણ થઈ જાય છે. (૮) પાગલ જેવો થઈ જાય છે અને બોલવા માંડે છે કે હવે હું જીવતો રહી શકીશ નહીં. (૧૦) કામની તીવ્રતા એટલી વધી જાય છે કે તે મૃત્યુ પણ પામી જાય. આ પ્રકારે કામની દશ પ્રકારની તીવ્રતા હોય છે. આ તીવ્રતા વ્યાપેલો જીવ યથાર્થ તત્ત્વ અર્થાત્ વસ્તુ સ્વરૂપને જોઈ શકતો નથી. જ્યારે સામાન્ય લોક વ્યવહારનું જ્ઞાન ન રહે તો પછી પરમાર્થનું તો જ્ઞાન ક્યાંથી થાય ? આ દશ પ્રકારના કામની, વિચારોની અપેક્ષાએ અને કામ જવરના પ્રકોપથી તે તીવ્ર, મંદ કે મધ્યમ હોય છે. બધા એક જ સરખા નથી હોતા (૧૧-૨૫ થી ૩૨)

જે વ્યક્તિ માનરૂપી ઊંચા પર્વતના શિખરના અગ્રભાગ પર બેઠેલા છે અર્થાત્ પોતાના શારીરિક બળનું અભિમાન ધરાવે છે. તેનું માન પણ આ કામ અડધી ક્ષણમાં ખંડિત કરી નાખે છે. (૧૧-૩૩)

જે તીવ્ર બુદ્ધિવાળા છે તેઓ પણ કામદેવના સપાટામાં આવી જવાથી શીલરૂપી કિલ્લાનું ઉલ્લંઘન કરી સંભોગને માટે ચાંડાલની સ્ત્રીનું દાસત્વ સ્વીકાર કરી લે છે. (૧૧-૩૪)

**કામના ભાવ જ્યારે ઊભા થાય છે ત્યારે તે જીવોનું ઘણા દિવસોથી વધારેલા તથા પાળેલા ચારિત્રનો નાશ કરી નાખે છે અને શાસ્ત્રાધ્યયન, ધૈર્ય અને સત્ય ભાષણાદિને પણ બંધ કરી દે છે. (૧૧-૩૫)**

કામથી પીડાઈ રહેલી વ્યક્તિ પોતાના ધન, ચારિત્ર અને શારીરિક શક્તિનો નાશ કરે છે તથા પોતાના કુળ ઉપર કલંક લગાવે છે અથવા મૃત્યુની નજીક પહોંચી જાય તો પણ તે તેને દેખાતું નથી એટલે કે પોતાના હિતાહિતનો વિચાર કરવાની શક્તિ રહેતી નથી. (૧૧-૩૭)

જેવું કષ્ટ કે દુઃખ આ કામરૂપી જવર આપે છે, તેવો તો પિશાચ, સર્પ, રોગાદિ આપતા નથી અને દૈત્ય, ગ્રહ, રાક્ષસાદિ પણ આપી શકતા નથી (૧૦-૩૮). કામી વ્યક્તિને પોતાની ઇચ્છિત વ્યક્તિ સાથે કામ ભોગવવા નથી મળતો તો તે ઝેરથી, અગ્નિ આદિથી તુરંત પોતાનો આત્મઘાત કરવા તૈયાર થઈ જાય છે (૧૧-૩૯).

કામના ઝપાટામાં આવેલી વ્યક્તિ (૧) ચતુર હોય તો મૂર્ખ બની જાય છે. (૨) ક્ષમાવાન હોય તો ક્રોધી બની જાય છે. (૩) શૂરવીર હોય તો કાયર બની જાય છે. (૪) ગુરુતાવાળો હોય તો લઘુતા-અધમતાવાળો થઈ જાય છે. (૫) ઉદ્યમી હોય તો આળસુ બની જાય છે અને (૬) જિતેન્દ્રિય હોય તો ભ્રષ્ટ થઈ જાય છે. કામ આવી પ્રબળતાવાળો છે. (૧૧-૪૦) કામના ઝપાટાથી જેનું ચિત્ત દુઃખી છે, તે કામનાની પૂર્તિ માટે એવા કાર્ય કરવાનું સાહસ કરે છે, કે જેનું ચિંતન પણ ન કરી શકાય. (૧૧-૪૧). કામરૂપી હસ્તી નિરંકુશ છે, આ કારણથી તે મનુષ્યોના નિરંતર પૂજવા યોગ્ય ધર્મરૂપી વૃક્ષને મૂળથી ઉખાડી નાખે છે. (૧૧-૪૨) જેમ રાત્રિમાં ચોરી કરવા નીકળેલા ચોર જાગતી વ્યક્તિઓ પર કોપ કરે છે, તે જ રીતે કામી પુરૂષ પણ બ્રહ્મચારી વ્યક્તિઓ પર ક્રોધ કર્યા કરે છે. આ સ્વાભાવિક નિયમ છે. (૧૧-૪૩) કામથી પીડાયેલ વ્યક્તિ પુત્રવધુ, સાસુ, પુત્રી, ધાવમાતા, ગુરુ પત્ની, તપસ્વિની અને તિર્યંચીનીને પણ ભોગવવાની ઇચ્છા કરે છે. કારણ કે કામી વ્યક્તિમાં યોગ્ય અયોગ્યનું ભાન હોતું નથી (૧૧-૪૪). કારણ કે હિતાહિતનો વિચાર ન થવાનું કારણ એ છે કે કામના બાણોના સમૂહ વડે જર્જરિત થયેલા મનમાં

નિમેષ માત્ર પણ વિવેકરૂપી અમૃતનું બિંદુ સ્થિર થઈ શકતું નથી. (૧૧-૪૫)

માટે હે મૂઢ પ્રાણી ! તો તને સંસારમાં પરિભ્રમણ કરતા કરતા આ મનુષ્યભવને પ્રાપ્ત કર્યો છે તો તું એ કાર્ય કર કે જેથી તારી કામરૂપી જ્વાળા નાશ પામી જાય (૧૧-૪૬). તેથી જ વિષયના સંગથી રહિત શ્રેષ્ઠ યોગીઓ આ સંસારને કામાગ્નિની પ્રચંડ અને અનંત સંતાપોથી પીડાતો જોઈને પ્રતિદિન સંયમરૂપ બગીચામાં શોભાયમાન એવા શાંતિના સાગરના કિનારાનો આશ્રય લે છે. (૧૧-૪૮)

જેઓ સંસારના પરિભ્રમણથી વિરક્ત થયેલા છે. શાસ્ત્રોના રહસ્યને જાણે છે અને કામથી સંપૂર્ણ નિઃસ્પૃહ છે તથા ઉપશમભાવ જેનું ધન છે, આવા બ્રહ્મચર્યને પાળવાવાળા મુનિઓ-સાધકોએ સ્ત્રીઓની નિંદા કરી છે, છતાં જે સ્ત્રીઓ નિર્મળ અને પવિત્ર યમ, નિયમ, સ્વાધ્યાય, ચારિત્ર આદિથી ભૂષિત થયેલી છે અને વૈરાગ્ય, ઉપશમાદિ પવિત્ર આચરણોથી પવિત્ર છે તેની નિંદા કરવા યોગ્ય નથી, કારણ કે નિંદા દોષોની કરવામાં આવે છે, પરંતુ ગુણોની નિંદા નથી થતી (૧૨-૫૯).

હવે બ્રહ્મચર્ય વ્રત અંતર્ગત જ્ઞાની પુરૂષો - જ્ઞાનવૃદ્ધ પુરૂષોની વૈયાવચ્ચ સમાયેલી છે તે કહે છે.

ગુરુજનોની નજીક રહેવામાં તથા તેની સેવા કરવામાં આલોક પરલોક સુધરી જાય છે. તેના પરિણામ શુદ્ધ રહે છે, વિદ્યા, વિનયાદિક વધે છે અને માન-કષાયની હાનિ રૂપ ગુણ પ્રાપ્ત થાય છે (૧૫-૧). જે વ્યક્તિ વૃદ્ધ (જ્ઞાનવૃદ્ધ)ની સેવા કરવાવાળા છે, તેની કષાયરૂપ અગ્નિ, રાગાદિ સહિત શાંત થઈ જાય છે અને ચિત્ત પ્રસન્ન અને નિર્મળ થઈ જાય છે. વૃદ્ધોની સેવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. (૧૫-૨)

હે દુર્બુદ્ધિ આત્મા ! ગુરુજનોની સાક્ષીપૂર્વક પોતાના વૈરાગ્યને

નિર્મળ બનાવ અને સંસારી દેહ ભોગો પ્રત્યે જરા પણ રાગ ન કર તથા ચિત્તરૂપી રાક્ષસ જે સ્વેચ્છાથી પ્રવર્તે છે તેને વશમાં લઈને તથા પ્રજ્ઞાબુદ્ધિ (વિવેક)ને અંગીકાર કર, કારણ કે આ ગુણ ગુરુજનોની સેવા કરવાથી જ પ્રાપ્ત થાય છે. (૧૫-૩)

વૃદ્ધજનોનું સ્વરૂપ કહે છે : જેનું આત્મતત્ત્વરૂપ કસોટીથી ઉત્પન્ન ભેદજ્ઞાનરૂપ પ્રગટ થયેલ જ્ઞાનરૂપી નેત્ર છે, તેને જ મહાપુરૂષોએ વૃદ્ધ કહેલ છે. એટલે કે જેનું જ્ઞાન સ્વ-પર દાર્થોને જાણવાવાળું પ્રગટ છે તેવા જ જ્ઞાનીને વૃદ્ધ કહેલા છે, માત્ર શરીરી અવસ્થાથી જ વૃદ્ધ નથી કહ્યા (૧૫-૪).

જેને મનને રંજન કરવાવાળા વિષયોની પ્રાપ્તિ થવા છતાં પણ ચિત્તનું ધૈર્યપણું (ધીરતા) નાશ થતી નથી, તેને જ જ્ઞાનીઓએ વૃદ્ધ કહ્યા છે. (૧૫-૬) જેના સદાચરણ સ્વપ્નથી પણ કલંકિત થતા નથી તે યોવનાવસ્થામાં હોય તો પણ વૃદ્ધ છે અને તે જ ધન્ય પુરૂષ છે એમ બ્રહ્મચારી મહાત્માઓએ માનેલ છે. (૧૫-૭) યુવાવસ્થામાં જે વિષયો પ્રત્યે ચલાયમાન થતા નથી તે જ ધન્ય પુરૂષ છે. (યુવાવસ્થામાં જેની આશાઓ નાશ પામી છે તે જ તેનું વૃદ્ધપણું છે.) (૧૫-૮,) જે અવસ્થાથી વૃદ્ધ થયેલ હોય, તે હીન આચરણોથી વ્યાકુળ થઈને ભમતો ફરે છે, તે વૃદ્ધ થવા છતાં યુવાન કહેવાય છે અને જે સત્‌ના અંગમાં રહે છે તે યુવાન હોવા છતાં પણ સત્પુરૂષો જેવી પ્રતિષ્ઠાને પ્રાપ્ત થાય છે અર્થાત્ તે જ વાસ્તવિક વૃદ્ધ છે. (૧૫-૧૦)

આ (જ્ઞાન) વૃદ્ધની સેવા સાક્ષાત્ માતાની જેમ હિત કરવાવાળી છે અને જિનવાણીની સમાન યથાર્થ શિક્ષા આપવાવાળી છે તથા દિવાની જેમ પદાર્થોની યથાર્થ જાણકારી દેવાવાળી છે. (૧૫-૧૧) કદાચ પ્રારબ્ધને કારણે માતા પુત્રનું અહિત કરનારી બની જાય તો આશ્ચર્ય નથી. પરંતુ વૃદ્ધની સેવા કોઈપણ દેશ અથવા કાળમાં હાનિકારક નથી થતી. (૧૫-૧૨)

સત્પુરૂષોની પવિત્ર વાણી જેના કાનોમાં પ્રાપ્ત થઈને હૃદયમાં પ્રકાશમાન નથી થઈ તે આંધળો જ છે, કારણ કે સત્પુરૂષોની વાણી મનુષ્યના અંતઃકરણને ખોલી નાંખે છે. તેથી જેના હૃદયમાં સત્પુરૂષોની વાણીએ પ્રવેશ નથી કર્યો તે વાસ્તવમાં આંધળો જ છે. (૧૫-૧૩) સત્પુરૂષોના સત્સંસર્ગરૂપી અમૃત વરસવાથી પુરૂષોનું હૃદય પવિત્ર થઈને તેનામાં વિવેકથી પ્રસન્ન થયેલી જ્ઞાન લક્ષ્મી નિવાસ કરે છે અર્થાત્ સત્પુરૂષોની સંગતિથી યથાર્થ - સમીચીન - જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. (૧૫-૧૪)

જે વ્યક્તિ અલ્પ શક્તિવાળા છે અને સત્પુરૂષોના અંગમાં રહ્યા વિના જગતના તત્ત્વ સ્વરૂપને જાણવા ઈચ્છે છે, તે આકાશને હાથથી માપવાના પ્રયત્ન જેવું છે અર્થાત્ થઈ શકે નહીં. (૧૫-૧૬)

જે પ્રકારે ચન્દ્રમાના કિરણોથી સમુદ્રમાં ભરતી આવે છે, તે પ્રકારે સમીચીન વ્રતોને ધારણ કરવાવાળા સત્પુરૂષોની સંગતિથી મનુષ્યોના પ્રજ્ઞારૂપ સમુદ્રમાં ભરતી આવે છે અર્થાત્ વધે છે (૧૫-૧૭).

સાધક-યોગી સંયમી પુરૂષોના મહાન વચનથી અગોચર એવા સંયમને પ્રાપ્ત થઈને આશારૂપ અગ્નિને શાંત કરીને નિરાશા (ઉદાસીનતા)ને પ્રાપ્ત થાય છે. (૧૫-૧૮) વૃદ્ધો-સત્પુરૂષોની સેવા કરવાવાળા સાધકોને ચારિત્રાદિ આત્મ સંપત્તિ પ્રાપ્ત થાય છે અને ક્રોધાદિ કષાયોથી મલિન મન નિર્મળ-નિર્લેપ થઈ જાય છે. (૧૫-૧૯) જેનો આત્મા સત્પુરૂષોના સંસર્ગરૂપી અમૃતથી આર્દ્ર (ભીનો) રહે છે. તે પુરૂષોને ભોગ સુલભ હોય છે અને તેને જ તે પ્રાપ્ત થયેલા ભોગોમાં પણ તૃષ્ણાની નિવૃત્તિ-નિઃસ્પૃહપણું પ્રાપ્ત થાય છે (૧૫-૨૦). સત્પુરૂષોનો સંગ કરવાથી જેનો આત્મા જ્ઞાનમય થયેલો છે તે પુરૂષ પોતે જ કાયરપણાને છોડીને ધૈર્યને ધારણ કરે છે એટલે કે યથાર્થ માર્ગથી ભ્રષ્ટ થતા નથી. (૧૫-૨૧)

જે મનુષ્યના હૃદયમાં સત્પુરૂષોના વચનરૂપી દિવાની સંતતિ-

પરિપાટી પ્રકાશમાન છે, તેને તત્ત્વોમાં, તપમાં, વૈરાગ્યમાં અતિશય ઉત્કૃષ્ટ પ્રીતિ થાય છે. (૧૫-૨૩) સત્પુરૂષોના સંગથી પ્રગટ થયેલા વિવેક વડે મિથ્યાત્વાદિ ભાવોને તોડી નાખવા માટે વજ્રથી પણ અધિક અજેય બની જાય છે. તેનો અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામી જાય છે અને તત્ત્વોનો યથાર્થ નિશ્ચય થઈ જાય છે. (૧૫-૨૪, ૨૫) જે અંતઃકરણથી-મનથી ઉત્પન્ન થયેલા કર્મને દૂર કરવાની ઇચ્છા કરે છે, તે પુરૂષ યોગીશ્વરોના સમૂહની સેવા કરે છે અને તે પોતાના આત્મામાં સ્થિર થાય છે અર્થાત્ આત્માનુભવને પ્રાપ્ત કરે છે અને કર્મોનો નાશ કરે છે. (૧૫-૨૬) આ ત્રણે લોકમાં સત્પુરૂષોની સેવા જ એકમાત્ર કર્મોને જીતવાવાળી છે. તેનાથી જ મુનિઓએ અંતઃકરણમાં જ્ઞાનરૂપ જ્યોતિનો પ્રકાશ વિસ્તૃત થાય છે. (૧૫-૨૭)

જીવોને બધી જ વિદ્યાઓમાં ચતુરાઈ અને વિનયમાં અતિ પ્રવિણતા તથા પોતાના સિદ્ધાંતના ભાવોની શુદ્ધિ અર્થાત્ નિઃસંદેહપણું આદિ ગુણો સત્પુરૂષોના સંગથી જ પ્રાપ્ત થાય છે. (૧૫-૨૯) જેમ આ જગતમાં સોનું અગ્નિના સંયોગથી અત્યંત નિર્મળ-શુદ્ધ થઈ જાય છે તેવી જ રીતે યોગીના સંગરૂપ અગ્નિથી ધ્યાન કરવાવાળા મુનિ-સાધક પોતાના મનની શુદ્ધિને પ્રાપ્ત થાય છે. (૧૫-૩૦)

કર્મોના ઉદયથી પોતાના પરિણામ બગડવા માંડે તો તે મહાપુરૂષોના સંગમાં રહીને ભય, લજ્જા અથવા પોતાના અભિમાનથી જ તે મુનિ માર્ગથી પડવાઈ જતા નથી કે ચૂકી જતા નથી. આ કારણથી જ સત્પુરૂષોના સંગમાં રહેવું અતિશય ઉત્તમ-શ્રેષ્ઠ છે (૧૫-૩૧) સત્પુરૂષો દ્વારા શ્રુતથી શિક્ષિત કરવામાં આવેલ પુરૂષ શરીર, આહાર, સંસાર, કામ અથવા ભોગાદિકથી તુરંત વિરક્ત થઈ જાય છે. સત્પુરૂષોની શિક્ષાનું ફળ આવું હોય છે. શરીરાદિકમાં વૈરાગ્ય પ્રગટવાના કારણથી તે મોક્ષમાર્ગથી ચલિત થઈ જતો નથી. (૧૫-૩૨)

જેમ જેમ મુનિ (સાધક) પોતાના ચિત્તને સત્પુરૂષોના સંગમાં

લગાવે છે, તેમ તેમ તે તેનાથી તપરૂપી લક્ષ્મી ઉત્તમ પ્રીતિનો પ્રકાશ કરે છે. (૧૫-૩૩). જે પુરૂષ સત્પુરૂષોની ઉપાસના-સેવા કરે છે તે તપ કરે અથવા ન કરે પરંતુ દુઃખરૂપી વનને પાર કરીને અવશ્ય ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય છે. (૧૫-૩૪)

તીવ્ર તપ કરતો હોય તથા શાસ્ત્રરૂપી સમુદ્રનું અવગાહન કરતો હોય તો પણ જો તે વૃદ્ધ સેવા નથી કરતો, અર્થાત્ સત્પુરૂષોની આજ્ઞામાં નથી રહેતો, તો તેનું કલ્યાણ ક્યારેય નથી થઈ શકતું (૧૫-૩૫). સત્પુરૂષોના ઉપદેશનો એક અક્ષર પણ મુક્તિનું બીજ થાય છે, કારણ કે સદુપદેશ પ્રાપ્ત થવાથી સ્વપ્નમાં પણ મનુષ્યમાં કુબુદ્ધિ ઉત્પન્ન નથી થતી (૧૯-૩૭). અનાદિકાળથી ઉત્પન્ન થયેલ પુરૂષોના અંતરંગમાં અજ્ઞાનરૂપ અંધકાર પણ સાધુઓના સંસર્ગના પ્રકાશથી નાશ પામી જાય છે. (૧૫-૩૯) મનુષ્યોએ વૃદ્ધોની (સત્પુરૂષોની) સેવા કરવી જ ઉત્તમ છે, કારણ કે તેથી પાપરૂપી વનને બાળી શકાય છે, કર્મોના બંધનને કાપી શકાય છે, ચારિત્રની સિદ્ધિ થાય છે અને ભાવોની શુદ્ધતાનો વિસ્તાર કરીને સંસારથી પાર ઉતરીને જ્ઞાન રાજ્યને પ્રાપ્ત કરાવે છે. (૧૫-૪૦)

હવે બ્રહ્મચર્ય વ્રતના અંતમાં કહે છે કે,

હે આત્મન ! તું પરિગ્રહથી વિરક્ત થા, પ્રપંચ માયા શલ્યને છોડ અને જગતના મોહને દૂર કર, પોતાના તત્ત્વને જાણી લે, ચારિત્રનો અભ્યાસ કર પોતાના સ્વરૂપને જોઈ લે અને મોક્ષના અર્થે પુરૂષાર્થ કર. (૧૫-૪૧)

હે આત્મન ! જો તારા દેહરૂપી ઘરમાંથી વિષયરૂપી પિશાચી નીકળી ગઈ હોય તથા મોહરૂપી નિંદ્રાની તીવ્રતા ક્ષીણ થઈ હોય અને કામનાથી તું નિર્મળ-નિઃસ્પૃહ થયો હોય તો તું શીઘ્ર બ્રહ્મચર્યરૂપી શેરીમાં વિહાર કર. (૧૫-૪૬)

**પંચમ પરિગ્રહ ત્યાગ મહાવ્રત :**

જે પ્રકારે હોડીમાં પત્થરાદિનો ભાર વધવાથી ગુણવાન હોડી પણ સમુદ્રમાં ડૂબી જાય છે, તે પ્રકારે સંયમી મુનિ જો ગુણવાન છે તોપણ પરિગ્રહના ભારથી સંસારરૂપી સાગરમાં ડૂબી જાય છે. (૧૬-૧) બાહ્ય, અભ્યંતર ભેદથી પરિગ્રહ બે પ્રકારાનો છે. બાહ્ય પરિગ્રહ ચેતન અને અચેતન એમ બે પ્રકારના છે અને અભ્યંતર પરિગ્રહ માત્ર ચેતનમય જ છે, કારણ કે તે આત્માના પરિણામરૂપ છે. (૧૬-૨) બાહ્ય પરિગ્રહ દશ પ્રકારના છે અને અભ્યંતર ચૌદ પ્રકારના છે, તો હે મુનિ ! આ બન્ને પ્રકારના પરિગ્રહોને છોડીને અત્યંત નિઃસંગ-નિષ્પરિગ્રહરૂપ થઈ જા. (૧૬-૩) ઘર, ક્ષેત્ર, ધન, ધાન્ય, મનુષ્ય, પશુ, સૂવાના આસન, વાહન કુપ્ય અને ભાંડ આ દશ પ્રકારના પરિગ્રહ છે. (૧૬-૪)

જે બાહ્યથી નિઃસંગી થયો હોય પણ મમતા કરે છે તો તે નિષ્પરિગ્રહી નથી થઈ શકતો, કારણ કે તત્ત્વજ્ઞાનીઓએ મૂર્ચ્છાભાવરૂપ પરિણામોને જ પરિગ્રહની ઉત્પત્તિનું સ્થાન માનેલું છે. (૧૬-૫) બીજી રીતે સ્વજન, ધન, ધાન્ય, સ્ત્રી, પશુ, પુત્ર, પુર, ખાણ, ઘર, નોકર, માણેક, રત્ન, સોનું, રૂપું, શય્યા, વસ્ત્ર, ઘરેણાં આદિ બધા જ પદાર્થ બાહ્ય પરિગ્રહ છે. મિથ્યાત્વ-૧, વેદ-૩, હાસ્યષટક-૬, કષાય-૪ - આમ અંતરંગ પરિગ્રહ ચૌદ પ્રકારનો છે. (૧૬-૬)

જે મુનિ સંવરમાં હોય, ઉત્તમ ચારિત્રવાળો હોય તથા જિતેન્દ્રિય હોય તેનું પણ મન ધન આશારૂપ સર્પથી પીડાયેલ હોય તો તુરત મોહને પ્રાપ્ત થાય છે. આ કારણથી ધનની આશા અવશ્ય છોડવી જોઈએ (૧૬-૭). મુક્ત થવાની ઇચ્છાવાળા સાધકોએ બધા જ પ્રકારના પરિગ્રહનો સંગ છોડવો જોઈએ. કદાચ અભ્યંતર પરિગ્રહમાંથી કોઈ પરિગ્રહ હોય તો જે આત્મદર્શી મુનિ છે તેના સંગમાં રહેવું અથવા આચાર્ય સાથે સંઘમાં રહેવું. (૧૬-૮) આ લોકમાં જીવોને પરિગ્રહથી

ગુણ તો હોતા જ નથી, પરંતુ દોષો તો મેરૂપર્વત જેટલા મોટા મોટા હોય છે. આમાં કોઈ પણ સંદેહ નથી. (૧૬-૯) જેમ પક્ષી બે પાંખો વડે આકાશમાં ઉડી શકે છે તેમ યોગી પણ બાહ્યાભ્યંતર બન્ને પ્રકારની શુદ્ધિથી જ વિશુદ્ધ થાય છે. બેમાંથી એકથી વિશુદ્ધિ થઈ શકતી નથી. (૧૬-૧૦) જીવોની બાહ્ય શુદ્ધતા અંતરંગની શુદ્ધતાથી ઉત્તમ હોય છે અને ફળદાયક છે, કારણ કે અંતરંગની આધ્યાત્મિક શુદ્ધિ વિના બાહ્ય શુદ્ધિ નિષ્ફળ જાય છે. (૧૬-૧૧) પરિગ્રહથી વાંછા થાય છે, વાંછાથી (કામથી) ક્રોધ, ક્રોધથી હિંસા, હિંસાથી પાપ અને પાપથી નરક ગતિ હોય છે, તે નરકગતિમાં વચનોથી અગોચર એવા તીવ્ર દુઃખ ભોગવવા પડે છે. આ પ્રકારે દુઃખનું મૂળ પરિગ્રહ છે. (૧૬-૧૨) સૂત્ર, સિદ્ધાંતમાં પરિગ્રહને જ બધા અનર્થોનું મૂળ માનવામાં આવ્યું છે, કારણ કે જે થવાથી રાગાદિક શત્રુ ન હોય તો પણ ક્ષણ માત્રમાં ઉત્પન્ન થઈ જાય છે. (૧૬-૧૩) પરિગ્રહથી મોહિત મુનિના રાગદ્વેષને જીતવા સત્ય, ક્ષમા, શૌચ, તૃષ્ણારહિતપણું વગેરે ગુણો નાશં પામી જાય છે. (૧૬-૧૪) સંસારી જીવ શરીરને પ્રાપ્ત થઈને પરિગ્રહને ગ્રહણ કરે છે. તેથી યોગી મહાત્માઓએ શરીરને પહેલેથી નિઃસાર કહેલ છે. (૧૬-૧૫) ઇન્દ્રિયોરૂપી રાક્ષસોની સેના, કષાયરૂપી સર્પોનો સમૂહ, ધનરૂપી માંસને ગ્રહણ કરીને કોઈ એવી ઉત્કટતા ધારણ કરે છે કે જે ચિંતનમાં આવી શકતી નથી. (૧૬-૧૬) પરિગ્રહ સત્પુરૂષોના વૈરાગ્ય અને વિવેકરૂપી વૃક્ષની મંજરીનો નાશ કરી નાખે છે (મંજરી એટલે કોર). (૧૬-૧૭) મનુષ્ય પરિગ્રહોથી પીડિત થઈને વિષયરૂપી સર્પોથી ડંખ સહન કરે છે, કામના બાણોથી વિંધાય છે અને કામરૂપી શિકારીથી રોકવામાં આવે છે અર્થાત્ બાંધવામાં આવે છે (૧૬-૧૮).

જે પ્રાણી પરિગ્રહરૂપી કાદવમાં ફસાઈને મોક્ષની પ્રાપ્તિનો પુરૂષાર્થ કરે છે, તે મૂઢ, પ્રાણી ફૂલોના બાણ વડે મેરૂ પર્વતને તોડવાની ચેષ્ટા કરી રહ્યો છે. (૧૬-૧૯) અણુ માત્ર પણ પરિગ્રહ રાખવાથી મોહ

કર્મની ગ્રંથી દઢ થાય છે અને એથી તૃષ્ણામાં એવી વૃદ્ધિ થાય છે કે તેની શાંતિને માટે સમસ્ત લોકનું રાજ્ય મળી જાય તો પણ શાંતી મેળવી શકાતી નથી. (૧૬-૨૦) પરિગ્રહ રાખવાવાળા યતિઓ - જે તુચ્છ વ્રતિવાળા છે તેને ભય પમાડનારા પરિષહરૂપી શત્રુઓના સમૂહને જોતાં જ ધૈર્યને છોડી દે છે અર્થાત્ પરિગ્રહી મુનિ પરિષહો આવી પડવાથી દઢ રહી શકતા નથી, પરંતુ માર્ગથી હટી જાય છે. (૧૬-૨૧) શ્રી જિન આગમમાં સર્વસંગ પરિત્યાગને જ મહાવ્રત કહ્યું છે. તેને કોઈ બીજું કહે છે, તે હલકી વૃત્તિવાળા અને પોતાના તથા બીજાઓના ઘાતક છે (૧૬-૨૨) જે ધનરૂપી પિશાચથી પીડાયેલો છે એવો યોગી-મુનિ પણ યમ, નિયમ તેમજ શાંત સ્વભાવોથી ઉત્પન્ન રાજ્યને, તપને અને શાસ્ત્ર સ્વાધ્યાય આદિના સ્વીકારપણાને છોડી દે છે અર્થાત્ લાલસામાં લપટાઈ જાય છે. (૧૬-૨૩) ધનનો સંગ્રહ પુણ્ય કાર્યોથી ઉત્પન્ન થતી બધી મનોકામનાઓને દેવાવાળી સિદ્ધિઓમાં વિઘ્ન કરે છે. (૧૬-૨૪) જેણે પરિગ્રહની વાસના છોડી નથી, એવો પુરૂષ પોતાને મુક્ત કરવાને માટે પુરૂષાર્થી છે, પરંતુ પોતાનો આત્મા પરિગ્રહના કારણે કર્મોના દઢ બંધનમાં બાંધે છે તો પણ તેને જાણતો નથી, કારણ કે પરિગ્રહની લાલસાવાળો અંધની સમાન જ છે. (૧૬-૨૫)

કદાચિત સૂર્ય પોતાના પ્રકાશનો ત્યાગ કરી દે અને મેરૂ પર્વત પોતાની અચળતાને છોડી દે એ સંભવિત છે, પરંતુ પરિગ્રહસહિત મુનિ કદાપી જિતેન્દ્રિય થઈ શકતો નથી. (૧૬-૨૬) જે પુરૂષ બાહ્ય પરિગ્રહને પણ છોડવામાં અસમર્થ છે, તે કાયર આગળ કર્મોની સેનાને કેવી રીતે હણશે ? (૧૬-૨૭) જ્ઞાનીઓએ ધનને કામરૂપી સર્પની કાંચળી તથા રાગાદિ દુશ્મનોને રહેવાના ઘર અને અવિદ્યાઓને રમવાના સ્થાનરૂપ કહેલ છે. (૧૬-૨૮) થોડાક પણ ધનરૂપી કાદવમાં ફસાયેલો ગુણવાન પુરૂષ પણ આ જગતમાં તત્કાળ લાખો દોષોથી કલંકિત થાય છે. (૧૬-૨૯) ધનવાન વ્યક્તિ સંપૂર્ણ પરિગ્રહને ત્યાગવાવાળા પોતાના ગુરુ પ્રત્યે પણ શંકાશીલ રહે છે તથા ધનની

રક્ષા માટે રાત્રિમાં સૂતો પણ નથી. (૧૬-૩૦)

જે ધનવાન હોય છે તે પુત્ર, સ્વજન, રાજા, દુષ્ટ, ચોર, ભાઈ, સ્ત્રી, મિત્ર અથવા પરચક્ર આદિથી નિરંતર શંકિત રહે છે. (૧૬-૩૧). આ જીવ ધનની આશાથી મલિન બનીને જે કર્મ બાંધે છે, તે કર્મની શાંતિ કરોડો જન્મમાં તથા બહુ કષ્ટથી થઈ શકે છે, કારણ કે એક જન્મનું બાંધેલું કર્મ અનેક જન્મોમાં કલેશ ભોગવવા પર જ છુટી શકે છે. (૧૬-૩૨)

સમસ્ત પરિગ્રહોથી રહિત હોય અને ઈન્દ્રિયોને સંવરરૂપ કરેલી છે એવો સ્થિર ચિત્ત સંયમી શ્રી વર્ધમાન-વીરપ્રભુએ કહેલી ધ્યાનની ધૂરાને ધારણ કરી શકે છે, કારણ કે એમ થયા વિના ધ્યાનની સિદ્ધિ થતી નથી (૧૬-૩૩). જે સંયમી-મુનિ પરિગ્રહરૂપી કાદવથી બહાર નીકળી ગયો છે તે નિરાશતા (ઉદાસીનતા)નું અવલંબન લઈ શકે છે અને તે નિરાશતા થવાથી તે મુનિ પરતંત્રતા સ્વરૂપ દુઃખોથી કદાપિ ઘેરાઈ જતો નથી કે તેનાથી દબાતો નથી. તે બરાબર છે કે આશારહિત થવાથી પરાધીનતાનું દુઃખ હોતું નથી (૧૬-૩૪). જે પરિગ્રહ રહિત સંયમી છે તે ભલે નિર્જન વનમાં રહે કે વસ્તીમાં રહે, સુખમાં રહે, દુઃખમાં હોય, તેને ક્યાંય પ્રતિબંધપણું હોતું નથી અર્થાત્ તે બધી જગ્યાએ સંબંધરહિત નિર્મોહી રહે છે. (૧૬-૩૫)

હે આત્મન્ ! જો તું સંસારના બંધનોને તોડવા માંગે છે - નાશ કરવા માગે છે તો ધનના સમૂહને છોડીને મુનિઓના સમૂહને આનંદ આપવાવાળા સંતોષરૂપી રાજ્યને અંગીકાર કર, કારણ કે ધનનો સમૂહ બધી જ ઈન્દ્રિયોના વિષયનું બીજ છે તથા બધા પાપોનું મૂળ છે અને નરકની ધ્વજા સમાન છે. તેથી આવા અનર્થકારી ધનને છોડીને સંતોષરૂપી ધનને સ્વીકારી લે, જેનાથી સંસારનો ફંદો કપાઈ જાય છે. (૧૬-૪૦)

હે વ્યામૂઢ આત્મન્ ! જેનું મન ધનમાં લીન છે, તેને શું

હિંસાદિક કાર્યોથી પાપનું ઉપાર્જન નથી કર્યું ? તથા ધનને મેળવવામાં, રક્ષણ કરવામાં, વાપરવામાં દુઃખરૂપી અગ્નિથી કોણ નથી બળતું ? આ કારણથી પ્રથમ વિચાર કરીને આ ધનની સ્પૃહાને છોડી દે, જેનાથી તું વિષયો સહિત પાપરૂપી તાપની એકતાને પ્રાપ્ત નહીં થાય. અર્થાત્ વિષયો અને પાપનો સંગી ન બન. (૧૬-૪૧)

હે આત્મન ! ધનના આશારૂપી રસથી મન રોકાઈ જવાથી તું એમ વિચારે છે કે પ્રથમ તો હું ધન ઉપાર્જન કરી સંપત્તિને પ્રાપ્ત કરીશ, પછી તેની રક્ષા કરીશ, આ રીતે તેની વૃદ્ધિ કરીશ તથા અમુક પ્રકારથી તેને ભોગવીને વ્યય કરીશ. ઈત્યાદિ વિચાર કર્યા કરે છે, પરંતુ ક્રોધિત યમના દાંતોની બન્ને હારોની ઘંટીની વચમાં ફસાયેલો નથી જોતો, એ જ તારું મોટું અજ્ઞાન છે. (૧૬-૪૨) પરિગ્રહને વધારવાવાળી આશા-તૃષ્ણા રહેલી છે. માટે આશા-ઈચ્છા છોડવાનું કહે છે.

**આશા-ઈચ્છાની નિંદા**

જે સત્પુરૂષ છે તે બાહ્ય આભ્યંતર બધા જ પરિગ્રહોને ત્યાગની સિદ્ધિને માટે સૌ પ્રથમ આશાને છોડીને નિરાશતા (ઉદાસીનતા)નું શરણ લે છે. કારણ કે આશા છુટવાથી પરિગ્રહનો ત્યાગ થઈ શકે છે. (૧૭-૧) મનુષ્યની જેમ જેમ શરીર તથા ધનમાં આશા વધે છે તેમ તેમ તેના મોહકર્મની ગાંઠ દૃઢ થતી જાય છે. (૧૭-૨) આ આશાને રોકવામાં નહીં આવે તો તે નિરંતર આખો લોકમાં વિસ્તાર પામતી રહે છે અને તેથી તેનું મૂળ દૃઢ થતું જાય છે. આ કારણથી જ તેને રોકવી તે જ શ્રેષ્ઠતા છે (૧૭-૩). જો આ આશા શાંત થઈ જાય તો પછી તે જ સમયે બધી જ મનોવાંછિતની સિદ્ધિ થઈ જાય છે. જો તે શાંત ન થાય તો પછી સંસારથી ઉત્પન્ન થયેલ દુઃખરૂપી સમુદ્ર તરવો દુસ્તર થઈ જાય છે (૧૭-૪). લોકોના યમ, નિયમ અથવા પ્રશમ ભાવોના રાજ્યનો તથા સમ્યગ્જ્ઞાનરૂપી સૂર્યના ઉદયનો

નિષેધ કરવાવાળી અને વિવેકને રોકવાવાળી એક માત્ર આશા જ છે, આશાનો નાશ થવાથી બધી જ સિદ્ધ થાય છે. (૧૭-૫)

સંસારી જીવોની આશા જ તો ઇન્દ્રિયોના વિષયોને ઉત્પન્ન કરવાવાળો દારૂ છે અને આશા જ વિષને વધારવાવાળી મંજરી છે તથા સંસારમાં જેટલા દુઃખ છે, તેની એકમાત્ર આ આશા જ મૂળ કારણ છે. (૧૭-૭) જે પુરૂષોએ આશારૂપી રાક્ષસીનો નાશ કર્યો છે, તે જ ધીર, વીર અને સુખી છે તથા તે જ અનેક મુશ્કેલીઓ તથ કષ્ટોથી ભરેલા દુઃખરૂપી સંસાર સમુદ્રથી પાર ઉતર્યા છે (૧૭-૮). જે આશામાં લપટાયેલા છે, તેના મનની શુદ્ધિ કેવી રીતે હોય ? આ કારણથી જ જે બુદ્ધિમાન છે તેઓએ નિરાશતા (ઉદાસીનતા)નું અવલંબન લઈને જ પોતાનું કલ્યાણ સાધ્યું છે (૧૭-૯). જે પુરૂષ સમસ્ત આશાઓનું નિરાકરણ કરીને નિરાશા-ઉદાસીનતાનું અવલંબન કરે છે, તેનું મન કોઈપણ સમયમાં પરિગ્રહરૂપી કાદવથી લેપાતું નથી (૧૭-૧૦). જે પુરૂષે આશારૂપી પિશાચીનો નાશ કર્યો છે તેનું શાસ્ત્રાધ્યયન કરવું, ચારિત્રની આરાધના, વિવેક, તત્વોનો નિશ્ચય અને નિર્મમત્વ આદિ પુરૂષાર્થ સાર્થક બને છે. (૧૭-૧૧)

હે આત્મન્ ! જ્યાં સુધી તારા ચિત્તમાં આશારૂપી અગ્નિ સ્વતંત્રતાથી નિરંતર પ્રજ્વલિત થઈ રહી છે ત્યાં સુધી તારી મહાદુઃખરૂપ અગ્નિ કેવી રીતે શાંત થશે ? અર્થાત્ નહીં જ થાય. (૧૭-૧૨) જેનું ચિત્ત નિરાશતા (ઉદાસીનતા) રૂપ અમૃતના પ્રવાહથી પવિત્ર થયેલું છે, તે પ્રીત વડે બંધાયેલી ઉપશમભાવરૂપ લક્ષ્મી ઉત્કંઠાપૂર્વક આલિંગન કરે છે એટલે પ્રગટપણે રહે છે. (૧૭-૧૩) આ જગતમાં જેનું મન દુસ્તર આશારૂપ પાણીમાં ડૂબતું નથી તેને જ જ્ઞાનરૂપી વૃક્ષ ફળવાન થાય છે (૧૭-૧૪). સ્વર્ગનો ઇન્દ્ર પણ આશારૂપી અગ્નિથી બળી રહેલો સુખી નથી અને મુનિઓનો સમુહ આશારૂપ અગ્નિની જ્વાળાને શાંત કરીને મોક્ષનો આશ્રય પામી જાય

છે અર્થાત્ મુનિસમુદાય નિરાશતા (ઉદાસીનતા)નું અવલંબન લઈને હંમેશા સુખી બની જાય છે. (૧૭-૧૫)

જેના આત્માએ નિરાશતાનો સ્વીકાર કર્યો છે, તેનું મન ચપળતાને છોડી દે છે અને ઇન્દ્રિયરૂપી હાથી-વિષયના વિસ્તારને છોડી દે છે તથા કષાયરૂપી અગ્નિ શાંત થઈ જાય છે. (૧૭-૧૭)

વિષયરૂપી વનની ગલિયોમાં ફરતી, તુરત વધતી, જ્યાં ત્યાં બેરોકટોક વિચરવાવાળી, સંયમીઓને આકુળતા કરાવવાળી આ આશારૂપી પિશાચી કોને કોને છેતરતી નથી ? અર્થાત્ બધાને છેતરે છે. માટે તેનો ત્યાગ કરવો. (૧૭-૨૧)

**પાંચ સમિતિ – ત્રણ ગુપ્તિ – આદિ :**

(૧) પાંચ મહાવ્રત આત્માની મહત્તાના કારણ છે. એટલા માટે જ ગુણવાન પુરૂષોએ તેનો આશ્રય કર્યો છે (૨) તે સ્વયં મહાન છે, તે કારણે દેવો પણ તેને નમસ્કાર કરે છે. (૩) મહા અતિન્દ્રિય સુખ અને જ્ઞાનના કારણ છે તે કારણે જ સત્પુરૂષોએ તેને મહાવ્રત તરીકે કહ્યા છે. (૧૮-૧)

પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓ કહી છે, જેના દ્વારા સાધક મહાવ્રતોને નિર્મળ બનાવે છે. તેથી તેને સ્વીકારી વૈરાગ્યમય સ્થિતિની ભાવના ભાવો. (૧૮-૨) (પચ્ચીસ ભાવનાઓનું વર્ણન આગળની શિબિરમાં આવી ગયેલ છે તેથી અહીં આપેલ નથી.)

સત્પુરૂષોએ ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ અને ઉત્સર્ગ એમ પાંચ સમિતિઓ કહી છે. (૧૮-૩) મન, વચન, કાયાથી ઉત્પન્ન અનેક પાપ પ્રવૃત્તિઓનો નિષેધ (પ્રતિષેધ) કરવો અથવા ત્રણ યોગને રોકવા તેને ત્રણ ગુપ્તિ કહી છે. (૧૮-૪)

જે સિધ્ધક્ષેત્રોની તથા જિનપ્રતિમાઓને વંદન માટે તથા ગુરુ, આચાર્ય અથવા તપથી જે મોટા છે તેની સેવા કરવા માટે ચાલીને

જતા હોય તેને (૧૮-૫) તથા દિવસે સૂર્યની હાજરીમાં સ્પષ્ટ દેખાતા, ઘણા લોકો જે રસ્તે ચાલતા હોય એવા માર્ગમાં આર્દ્રચિત્ત થઈને જીવોની રક્ષા કરતા ધીરે ધીરે ચાલે તેને (૧૮-૬) તથા ચાલતા પહેલાં જ જેણે ચાર હાથ સુધીના માર્ગને બરાબર જોયા છે અને પ્રમાદ રહિત હોય તે મુનિને ઈર્યાસમતિ છે. (૧૮-૭)

વચનોના દશ દોષરહિત સૂત્રાનુસાર સાધુપુરૂષોને માન્ય હોય એવી ભાષાને બોલવાવાળા મુનિને ઉત્કૃષ્ટ ભાષા સમિતિ હોય છે. (૧૮-૯)

કર્કશ, પરુષ, કટુ, નિષ્ઠુર, પરકોપી, છેદ્યાંકુરા, મધ્યકૃશા, અતિ માનિની, ભયંકરી અને જીવોની હિંસા કરવાવાળી – આ દશ પ્રકારની દુર્ભાષા છે તેને છોડીને હિતકારી, મર્યાદા સહિત, અસંદિગ્ધ વચન બોલે તે મુનિને ભાષાસમિતિ છે.

જે ૧૬ પ્રકારના ઉદ્‌ગમદોષ, ૧૬ ઉત્પાદન દોષ, ૧૦ એષણાદોષ, ધુર્માડો, અંગાર, પ્રમાણ સંયોજન એ ચાર એમ ૪૬ દોષ રહિત તથા માંસાદિક ૧૦ મળદોષ અને અંતરાય શંકાદિથી રહિત, શુદ્ધ, યથાર્થ સમયમાં બીજા દ્વારા આપવામાં આવેલ, ઉદેશા વગરનો અને માંગ્યા વગરનો આહાર કરે તે મુનિને ઉત્તમ એષણા સમિતિ કહી છે. (૧૮-૧૦-૧૧)

જે મુનિ શય્યા, આસન, ઉપધાન, શાસ્ત્ર અને ઉપકરણ આદિને બરાબર જોઈને પછી ઉપાડે અથવા મૂકે, તેને યત્નથી ગ્રહણ કરે તથા પૃથ્વી પર મૂકતા સાધુને પૂર્ણ આદાન-નિક્ષેપણ સમિતિ સ્પષ્ટપણે ચાલે છે. (૧૮-૧૨-૧૩)

જીવરહિત પૃથ્વી પર મળ, મૂત્ર શ્લેષ્મઆદિને પ્રમાદરહિતપણે પરઠવવાવાળા મુનિને ઉત્સર્ગ-પરિષ્ઠાપનિકા સમિતિ હોય છે. (૧૮-૧૪)

રાગદ્વેષ સાથે રહેલા બધા જ સંકલ્પોને છોડીને જે મુનિ પોતાના

મનને સ્વાધીન રાખે છે અને સમતાભાવમાં સ્થિર રાખે છે તથા સિદ્ધાંતના સૂત્રની રચનામાં નિરંતર પ્રેરણા કરે છે તે મુનિને સંપૂર્ણ મનોગુપ્તિ હોય છે. (૧૮-૧૫-૧૬) જેણે યથાર્થપણે વચનોની પ્રવૃત્તિ સંવરરૂપ કરેલી છે, તેવા મુનિને તથા સમસ્યાઓ વિગેરેનો ત્યાગ કરીને મૌનપણાને પામેલા છે તે મહામુનિને વચનગુપ્તિ હોય છે. (૧૮-૧૭) જેણે પોતાની કાયાને સ્થિર કરી છે તથા પરિષહ આવી જાય તો પણ પોતાના પર્યંકાસનમાં જ સ્થિર રહે, પરંતુ ડગી ન જાય, તે મુનિને જ કાયગુપ્તિ કહેવામાં આવી છે. (૧૮-૧૮)

પાંચ સમિત અને ત્રણ ગુપ્તિ એમ આઠ સાધકોની રક્ષા કરવાવાળી માતા કહેવાય છે. તથા એથી રત્નત્રયની વિશુદ્ધતા પ્રાપ્ત થાય છે. આનાથી રક્ષાયેલા મુનિઓ દોષોમાં લેપાઈ જતા નથી. (૧૮-૧૯)

આ પ્રકારથી અનેક રૂપ નિર્દોષ ચારિત્રનું વર્ણન કરવામાં આવ્યું છે તે પવિત્ર ઉચ્ચ ચિત્તવાળા માટે શુદ્ધતાનું મંદિર છે. આ ચારિત્રને શાંત જ્ઞાનીપુરૂષ ધારણ કરે છે. (૧૮-૨૦). આ ત્રણે ભુવનમાં પૂજિત સમ્યક્ રત્નત્રયને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ સામગ્રીની અનુસાર અંગીકાર કરીને ભવ્ય પુરૂષ તુરત જ કર્મોથી છુટે છે અર્થાત્ મુક્ત હોય છે (૧૮-૨૧). આ રત્નત્રય જ સિદ્ધાંત માટે સર્વસ્વ છે અને આ જ મુક્તિનું કારણ છે તથા આ જીવોનું હિત અને મુખ્ય પદ છે. (૧૮-૨૨)

નિશ્ચયથી આ રત્નત્રયને પરિપૂર્ણ આરાધીને સંયમી મુનિ આજ સુધી પૂર્વકાળમાં મોક્ષે ગયા છે અને વર્તમાનમાં જાય છે તથા ભવિષ્યમાં જશે. (૧૮-૨૩)

જે અધ્યાત્મના જાણવાવાળા છે, તેઓ દર્શન, જ્ઞાન અને ચારિત્ર - આ રત્નત્રયને આત્મા જ કહે છે, કારણ કે પદાર્થ દૃષ્ટિથી જોઈએ તો આ શરીરી આત્મા તે ત્રણેથી તન્મય થયેલો છે. (૧૮-૨૫). જે પુરૂષ પોતાનાથી જ પોતામાં જ, પોતાના સ્વરૂપને ભ્રમરહિત થઈને

જાણે છે, તેનું જ્ઞાન વિજ્ઞાન અને વિશિષ્ટ છે અને તે સમ્યક્ચારિત્ર અને સમ્યગ્દર્શન છે, અન્ય કંઈપણ નથી. (૧૮-૨૭) આત્મજ્ઞાનથી જ મોક્ષ હોય છે, આત્મજ્ઞાન વગર બીજા કોઈ પ્રકારથી સંસારનું બંધન થાય છે, આ જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવામાં આવેલ બંધ-મોક્ષનું સ્વરૂપ છે. (૧૮-૨૮) મારો આત્મા જ વિજ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે એવો નિશ્ચય છે. તેનાંથી અન્ય બધા જ પદાર્થ મારાથી જુદા અને સંયોગ સ્વરૂપ છે. આ પ્રકારે અનુભવ થવાથી રત્નત્રયમાં અને આત્મામાં કોઈ ભેદ રહેતો નથી. (૧૮-૨૯)

આ આત્મા સંસાર અવસ્થામાં પણ પોતાની શક્તિની અપેક્ષાએ સિદ્ધ સ્વરૂપ છે અને સમીચીન ધ્યાનરૂપી અગ્નિથી તીવ્રપણે સાધવામાં આવે તો વ્યક્તરૂપ સિદ્ધ થઈ જાય છે અર્થાત્ આઠ કર્મોનો નાશ થવાથી સિદ્ધિ સ્વરૂપ પ્રગટ થાય છે (૧૮-૩૦). આત્મા જ પરમતત્ત્વ છે અને આ જ શાશ્વત જ્ઞાન છે, તેથી અન્ય શ્રુત સ્કંન્ધ દ્વાદશાંગ શાસ્ત્રરૂપ રચના આ આત્માને જાણવાને માટે વિસ્તૃત રૂપથી કહેવામાં આવ્યા છે. (૧૮-૩૧). જે મુનિ ઇન્દ્રિયોના વિષયોમાં સૂતા છે અને આત્મામાં આત્માને જ જુએ છે અને બધા જ વિકલ્પોથી રહિત છે તેને જ્ઞાનીઓ દ્વારા આત્મદર્શી માનવામાં આવ્યા છે. (૧૮-૩૩) માટે હે આત્મન ! તું પોતાના આત્મામાં જ સ્થિત થઈને પોતાને સમસ્ત કલેશોથી રહિત, અરુપી, પરમ ઉત્કૃષ્ટ અવિનાશી, વિકલ્પોથી અને ઇન્દ્રિયોથી રહિત તથા અતીન્દ્રિય સ્વરૂપ દેખ. (૧૮-૩૪)

જે રાત્રિમાં જગત સુએ છે, તે રાત્રિમાં સંયમી જાગે છે અને પોતાના આત્મામાં જ પોતાને નિષ્પન્ન, સ્વયંસિદ્ધ તથા કલ્પનારહિત જાણે છે (૧૮-૩૫). જે મુનિ સંપૂર્ણ ત્રણે લોકને હેય માને છે, તે મુનિને સ્વ પર પ્રકાશક જ્ઞાનનો ઉદય થાય છે, કારણ કે જ્યાં સુધી હેય ઉપાદેય બુદ્ધિમાં રહે ત્યાં સુધી જ્ઞાન નિર્મળ થઈને વધતું નથી. (૧૮-૩૮)

આમ રત્નત્રયને નિશ્ચય વ્યવહારરૂપ બરાબર જાણીને સ્વીકારે છે તેને જ મોક્ષનું કારણ પોતાના સ્વરૂપની-ધ્યાનની સિદ્ધિ થાય છે.

**કષાયની નિંદા તથા ઈન્દ્રિય જય**

હવે ચારિત્ર અને ધ્યાનના ઘાતક એવા કષાય અને ઈન્દ્રિયોના વિષયોના જય વિષે કહે છે.

જે જીવોમાં યમ, નિયમ તથા પ્રશમ (શાંત ભાવ) જ જીવન બનેલું છે એવા ઉત્કૃષ્ટ સંયમરૂપ બાગનો ક્રોધરૂપી અગ્નિ નાશ કરી નાખે છે (૧૯-૧) તથા ક્રોધરૂપી અગ્નિ પ્રગટ થવાથી અમૂલ્ય રત્નત્રયાદિ રત્નોના ગુણ સમૂહને પણ બાળી નાખે છે. (૧૯-૨) ચારિત્ર અને વિશિષ્ટ જ્ઞાનથી વધારવામાં આવેલી તથા તપ, સ્વાધ્યાય અને સંયમનો આધારરૂપ ધર્મરૂપી શરીર છે, તેને ક્રોધરૂપી અગ્નિ બાળી નાખે છે (૧૯-૪). ક્રોધથી અંધ બનેલો, વિવેકરહિત આ લોક પ્રથમ તો પોતાને જ બાળે છે, ત્યારબાદ બીજાને બાળે અથવા ન બાળે, પણ સૌથી પહેલાં પોતાના સમીચીન પરિણામોનો ઘાત કરી નાખે છે. (૧૯-૬)

ક્રોધિત થયેલ મુનિ આ જગતમાં નિંદા કરવા યોગ્ય કાર્ય કરે છે, જેનાથી આલોક પરલોકનો નાશ કરીને નરકમાં ચાલ્યા જાય છે, તો સામાન્ય જીવનું તો શું કહેવું ? (૧૯-૭) દા.ત. જુઓ દીપાયન નામના મુનિએ ક્રોધથી એવું નિંદવા યોગ્ય કાર્ય કર્યું કે સ્વર્ગની સમાન સોનાની દ્વારકા નગરીને ભસ્મ કરી નાખી (૧૯-૮).

જીવોનો ક્રોધરૂપી શત્રુ આલોક અને પરલોકને નાશ કરવાવાળો છે તથા નરકમાં લઈ જવાવાળા અને પાપને કરવાવાળા તથા નિજ-પર-બન્નેનો અપકાર કરવાવાળા છે (૧૯-૯). આ કષાયરૂપી વિષમગ્રહ અનાદિકાળથી આ પ્રાણીઓની પાછળ લાગેલો છે અને અનંત દુર્નિવાર દુઃખોને પ્રાપ્ત કરાવવામાં સમર્થ છે (૧૯-૧૦). માટે

હે આત્મન ! તું શાંતભાવને ગ્રહણ કરીને ક્રોધરૂપી વૈરીનો નાશ કરી નાખ અને જિનાગમરૂપી મહાસમુદ્રનું અવગાહન કર, કારણ કે ક્રોધનો નાશ કરવાનો આ એક ઉપાય છે (૧૯-૧૧).

ક્રોધરૂપી અગ્નિને શાંત કરવા માટે ક્ષમા જ ઉત્તમ નદી સમાન છે. ક્ષમાથી જ ક્રોધાગ્નિ શાંત થાય છે તથા ક્ષમા જ ઉત્કૃષ્ટ સંયમ બાગની રક્ષા કરવા માટે અતિશય દૃઢ વાડ છે. (૧૯-૧૨)

આ લોક અને પરલોકને બગાડવાવાળા ક્રોધને મુનિગણ કે સાધકો જ જીતી લે છે, કારણ કે તે ક્રોધના કારણો ઊભા થાય ત્યારે આવા પ્રકારની ભાવના ભાવે છે. જે હવે કહે છે (૧૯-૧૩).

(૧) મુનિ એવી ભાવના કરે છે કે હું કર્મથી પીડાયેલ છે, કર્મના ઉદયથી મારામાં દોષ થયેલો છે, તો તે દોષને કોઈ પ્રગટ કરે અને મને આત્માનુભવમાં સ્થાપિત કરીને સ્વસ્થ કરે તે ખરેખર મારો હિતસ્વી મિત્ર છે (૧૯-૧૪).

(૨) પુનઃ એવી ભાવના કરે કે જે કોઈ પોતાના પુણ્યનો ક્ષય કરીને મારા દોષોને કઢાવે છે, તેના પ્રત્યે જો હું રોષ કરું તો જગતમાં મારા જેવો નીચ અથવા પાપી કોણ હોય ? (૧૯-૧૫)

(૩) કોઈ પોતાને દુર્વચન કહે ત્યારે વિચારે કે તેણે દુર્વચન જ તો કહ્યા છે. મને માર્યો તો નથી ને, અને જો કોઈ મારે ત્યારે એમ વિચારે કે એણે માર્યો છે. કાપીને બે ટુકડા નથી કર્યા, જો કોઈ કાપીને કટકા કરે તો વિચારે કે તે શરીરને કાપે છે, પણ મારો આત્મધર્મ **તો નાશ નથી** કરી શકતા. મારો ધર્મ તો મારી સાથે (આત્મા સાથે) **જ** રહેશે. (૧૯-૧૬) (૪) જે મોક્ષાભિલાષી છે તેને આલોકમાં મોટા વિઘ્ન આવવાની સંભાવના છે, તે પ્રસિદ્ધ વાત છે, તો પછી તે વિઘ્નો આવે તો એમાં આશ્ચર્ય જેવું કાંઈ નથી. આથી હું સમભાવનો આશ્રય કરું છું, મને કોઈ પ્રત્યે રાગ નથી કે દ્વેષ નથી

(૧૯-૧૬). (૫) આગળ વિચારે છે કે જો હું ક્રોધ કરું તો મને જોઈને અન્ય તપસ્વી મુનિ પોતાના શીલ સ્વભાવથી ભ્રષ્ટ કે ચ્યુત થઈ જાય, તો પછી આ લોકમાં મારો જન્મ કેવળ પરના અપકારરૂપ અથવા કલેશરૂપ થયો ગણાય. આ કારણથી મારે ક્રોધ કરવો કોઈ પ્રકારે પણ ઉચિત નથી. (૧૯-૧૮) (૬) વળી વિચારે કે મેં પૂર્વજન્મમાં જે કાંઈ સારા-ખરાબ કર્મ કર્યા છે તેનું ફળ મારે ભોગવવું પડશે, તેથી જો કોઈ મને દુ:ખ દેવા માટે તૈયાર છે તો તે કેવળ માત્રં બાહ્ય નિમિત્ત છે, એમ માનું છું તો પછી તેના પર ક્રોધ શા માટે કરવો જોઈએ (૧૯-૧૯). (૭) પાછો આગળ વિચાર કરે કે હું મુનિ છું, સાધક છું, તત્ત્વજ્ઞાની છું, જો ક્રોધાદિથી મારૂં પણ ચિત્ત બગડી જાય તો પછી અજ્ઞાની તથા તત્ત્વજ્ઞાનીમાં ભેદ શું રહ્યો ? હું પણ અજ્ઞાની જેવો બની ગયો. આમ વિચારીને ક્રોધાદિ રૂપે પરિણમતા નથી. (૧૯-૨૦)

(૮) એમ વિચારે કે આ જો કર્મોનો ઉદય છે તે ન્યાય માર્ગથી પ્રાપ્ત થયો છે. તેના આવવાથી એવો કયો વિવેકી હોય કે જે પોતાને ક્રોધાદિના વશમાં થવા દે. (૧૯-૨૧)

(૯) હે આત્મન ! તે પૂર્વજન્મમાં અસાતા કર્મ બાંધેલ હતું, તેનું ફળ આ દુર્વચનાદિ છે તો તેનો ઉપાય થઈ શકે તેમ નથી તેમ સમજીને તેને સ્વસ્થ ચિત્તથી સહન કરી લે. (૧૯-૨૨)

(૧૦) પૂર્વકૃત કર્મ મારા દુશ્મન છે તો હું એમ માનું છું કે આ બધા ઉદયરૂપ થઈને મને ક્રોધાદિ કરાવવાના નિમિત્તો સાથે મળીને ક્રોધરૂપ અગ્નિ સળગાવીને મારી ઉપશમ ભાવરૂપી લક્ષ્મીને લુંટી લેશે. (૧૯-૨૩)

(૧૧) જે વિજ્ઞાની-વિશેષ જ્ઞાનવાન પૂર્વ ઉપાર્જિત કર્મોનો નાશ કરવા માટે પુરૂષાર્થી બન્યા છે તેઓ મોટા કલેશરૂપ પરિણામો પ્રાપ્ત થવા છતાં પણ સંતોષમાં રહે છે. કારણ કે જે પૂર્વ જન્મમાં ઉપાર્જિત

કર્યા છે તેનો ઉદય અવશ્ય આવવાનો છે. તો હવે તે ઉદય આવીને ખરી રહ્યા છે તે તો સારૂં જ છે એમ સંતોષ માને છે. (૧૯-૨૪)

(૧૨) દુર્વચન કહેવાવાળા પુરૂષોએ મને વચનરૂપી કાંટાથી પીડા પહોંચાડી, તેની સામે જો હું ક્ષમા ધારણ નહીં કરું તો મારામાં અને દુર્વચન કહેનારામાં શું ફેર રહ્યો ? (૧૯-૨૫)

(૧૩) જો કોઈ મને અનેક પ્રકારથી વધ બંધનાદિ પ્રયોગો કરીને મારો ઈલાજ નહીં કરે તો મારા પૂર્વ જન્મોના ભેગા કરેલા અસાતા કર્મરૂપી રોગનો નાશ કેવી રીતે થશે ? (૧૯-૨૬)

(૧૪) જે આ દુર્વચન કહેવાવાળા અથવા વધ કે બંધનાદિ કરવાવાળા શત્રુ ઊભા થયા છે, તેને મેં જે ભેદજ્ઞાનપૂર્વક શમભાવનો અભ્યાસ કર્યો છે, તેની પરીક્ષા કરવા માટે જ આવ્યા છે, તેઓ જુએ છે કે આનામાં શમભાવ છે કે નહીં ? એવો વિચાર કરવો પરંતુ ક્રોધ કરવો નહિ (૧૯-૨૭).

(૧૫) જો હું પ્રશમભાવ (શાંત ભાવ)ની મર્યાદાનું ઉલ્લંઘન કરીને વધ કે બંધનાદિ કરવાવાળા શત્રુ પ્રત્યે ક્રોધ કરીશ તો આ જ્ઞાનરૂપી નેત્રનો ઉપયોગ ક્યારે કરીશ ? પ્રશમભાવનો અભ્યાસ આવા પ્રસંગે ટકી રહેવા માટે મેં કરેલ હતો. (૧૯-૨૮)

(૧૬) આગળ એમ વિચારે કે આ શત્રુએ મારા અનેક પ્રકારના ઉપાયોથી તિરસ્કાર કરીને જે તીવ્ર પીડા કરી તેનાથી આ મોટો લાભ થયો કે વગર પ્રયત્ને જ મારા પાપ કર્મોની નિર્જરા સહજમાં જ થઈ ગઈ તો આ ઉપકાર જ માનવો પણ ક્રોધ શા માટે કરવો. (૧૯-૨૯)

જો પ્રતિકુળ વર્તનવાળા છે તે પ્રત્યે મારૂં મન તુરંત દ્રોહભાવ કરે તો આ અપાર સંસારમાં જેનો આત્મા ભમવા તૈયાર છે તે શત્રુઓમાં અને મારામાં શું ફેર રહ્યો ? જો હું તેમ કરું તો હું પણ સંસારમાં ભમીશ.

(૧૭) અયથાર્થ કાર્યો કરનાર બીજા પુરૂષોને ઉપદેશ કરીને રોકવામાં અસમર્થ થઈ જવાય તો શું જ્ઞાની પુરૂષ પણ અસદ્‌આચરણ કરવા લાગી જાય ? કદાપિ નહીં. જેમ કે કોઈ પુરૂષ વિષ પી જાય અને તેની ચિકિત્સા કરવામાં વૈદ્ય સફળ ન થાય તો શું એ વૈદ્ય પોતે જ વિષપાન કરી લે ? ન કરે. (૧૯-૩૦)

(૧૮) જો મુનિ-સાધકને કોઈ દુષ્ટ દુર્વચનાદિનો ઉપસર્ગ કરે તો તે આ પ્રકારે વિચાર કરે કે 'જો આ દુર્વચનાદિ કહેવાવાળો મને પાપોથી ભય ન ઉપજાવે તો હું શાંતભાવમાં રહેવાનો અધિક પ્રયત્ન જ ન કરું. તેણે ઉપસર્ગ કરીને મને બહુ જ લાભ કર્યો એમ ગણીને પરિણામોને નિશ્ચલ કરીને રહીશ, એમ વિચારે (૧૯-૩૧).

(૧૯) મુનિ-સાધક એમ વિચારે કે બીજાના સંતોષ માટે અનેક જન પોતાનાં ધન અથવા શરીરને છોડી દે છે તો અમે બીજા પ્રત્યે દુર્વચન કે વધ કે બંધનાદિથી રોષ કરીને લજ્જા કેમ અનુભવતા નથી ? (૧૯-૩૨)

(૨૦) કોઈએ મને માર્યો અને હું રોષ (ક્રોધ) ન કરું તો મારવાવાળાને તો કર્મ બંધાવારૂપ નુકસાની થઈ અને મારા આત્માને તો અર્થની સિદ્ધિ થઈ અર્થાત્ પાપબંધ ન થયો પરંતુ પૂર્વે કરેલા પાપોની નિર્જરા થઈ એમાં કોઈ સંદેહ નથી અને જો મારામાં ક્રોધ ઉત્પન્ન થાય તો મને બમણી હાનિ થાય એટલે પાપબંધ થાય એમ વિચાર કરે. (૧૯-૩૩)

(૨૧) પોતાના પ્રાણનો નાશ થતો હોય તો પણ ઉપસર્ગ કરવાવાળા શત્રુનો ઈલાજ સ્વસ્થ ચિત્ત પુરૂષોએ પોતાની સિદ્ધિના અર્થે એક માત્ર ક્ષમા કરવી જોઈએ એમ સત્પુરૂષોએ કહ્યું છે અને માન્યું છે. (૧૯-૩૪)

(૨૨) સાધક આત્મા માટે તે પ્રશમભાવ (શાંત ભાવ) પ્રશંસનીય

છે અને તે કલ્યાણનું કારણ છે, જે બીજાને મારવાની ઇચ્છા કરીને નિર્દય પુરૂષોએ મલિન નથી કર્યો. (૧૯-૩૬) (અહીંયા નિર્દય એટલે કર્મોની દયા ન કરીને લેવું)

(૨૩) બધા સ્વસ્થ ચિત્તવાળા તો પ્રાયઃ સત્ય, શૌચ, ક્ષમાદિ યુક્ત હોય છે. પરંતુ ઉપસર્ગ કરવાવાળા શત્રુ આવી જાય ત્યારે ધૈર્ય રાખવું એ જ ધૈર્ય ગુણ પ્રશંસા કરવા યોગ્ય છે. (૧૯-૩૮)

(૨૪) કુહાડાની મદદથી ચંદનના વૃક્ષને કાપવામાં આવે તો તે ચંદનવૃક્ષ જેમ કુહાડાની ધારને સુગંધિત કરે છે અથવા કાપવાવાળાને સુગંધ આપીને પ્રસન્ન કરે છે, તે પ્રકારે મુનિરાજ કોઈ પણ ઉપસર્ગ કરે તો તેનું હિત જ ચાહે છે, અહિત કદાપિ ઇચ્છતા નથી. આ પ્રકારની વૃત્તિ રહેવાથી મુક્તિની સિદ્ધિ થાય છે. (૧૯-૩૯)

(૨૫) જેનું ચિત્ત બીજા દ્વારા કરવામાં આવેલા ઉપસર્ગ તથા જડ પદાર્થોથી સ્વયમેવ પ્રાપ્ત થયેલા ઉપસર્ગ અથવા પરિષહથી કલંકિત થાય તેને ઇષ્ટ કાર્યની સંપત્તિની પ્રાપ્તિ થતી નથી. (૧૯-૪૦)

(૨૬) વિવેક રહિત અજ્ઞાની પુરૂષ પૂર્વે કરેલા કર્મોને માટે તો રોષ-ક્રોધ કરતા નથી અને જે પુરૂષ ક્રોધના નિમિત્ત મેળવીને તે પાપકર્મોની નિર્જરા કરાવે છે તે વૈદ્ય સમાન ઉપકારી છે તેનો તો ઉપકાર માનવો જોઈએ, તેના પર ક્રોધ કરવો એ મોટી ભૂલ અથવા કૃતઘ્નતા છે. (૧૯-૪૧)

(૨૭) જે કર્મનો નાશ થવાથી સંસારનો ત્રિવિધ તાપ નાશ પામી જાય તે કર્મનો ઉદય તે સમયમાં ભોગવી લેવામાં આવે તો પોતાનું વાંછિત કાર્ય સિદ્ધ થાય એમ સમજવું જોઈએ, કારણ કે કર્મનો નાશ કરવાનો જ હતો, સહજપણે ઉપસર્ગ આવી જવાથી અને તેને સમભાવે સહન કરી લેવા માત્રથી નિર્જરા-કાર્ય નિર્જરા થઈ તો આ ઇચ્છિત સિદ્ધિ કેમ ન થઈ ? અર્થાત્ સિદ્ધિ થઈ ગઈ. આમ વિચારવું જોઈએ. (૧૯-૪૩)

(૨૮) જો આ જગતમાં સમ્યગ્જ્ઞાન અને વિવેકથી શૂન્ય ચિત્તવાળા, સિદ્ધાંત શાસ્ત્રનો દ્વેષ કરવાવાળા, દયાહીન, પરલોકમાં નહીં માનવાવાળા નાસ્તિક, મોહરૂપી અગ્નિથી બળવાવાળા દુર્જનતાદિ કલંકોથી કલંકિત મનુષ્ય ન હોત તો ઉન્નત બુદ્ધિવાળા સાધકો તીવ્ર તપસ્યા આદિ કરીને મોક્ષરૂપ લક્ષ્મીને કેમ ઇચ્છત ? એટલે કે મોક્ષમાર્ગની સાધના કરવા તત્પર થાય છે. (૧૯-૪૫)

(૨૯) સાધક-મુનિ-વિચારે છે કે આ જગતમાં અને પરમાત્માના ધ્યાનમાં ચિત્ત લગાવીએ છીએ, પદાર્થોના સ્વરૂપને જાણવાવાળા અને સંસાર માર્ગના ત્યાગી છીએ. જો અમે આવા થઈને પણ ઉપસર્ગો પરિષહોની કસોટીમાં અસમર્થ થઈ જઈએ તો અમારી સાધનાનો પ્રયાસ નકામો થઈ જાય. (૧૯-૪૬)

(૩૦) અહો જુઓ ! અનેક મુનિગણોએ સંસારથી ભયભીત થઈને તીવ્રપણે તપાદિકથી ઉદયમાં લાવીને સમસ્ત કર્મોને શીઘ્ર નાશ કરી નાખ્યા છે. તે કર્મ જો ઉપસર્ગાદિના નિમિત્તથી પોતાની સ્થિતિ પૂરા કરીને સ્વયં ઉદયમાં આવ્યા છે તો મોક્ષની સિદ્ધિ માટે પુરૂષાર્થ કરવાવાળા વીર પુરૂષોએ ઉપસર્ગાદિ સહન ન કરવા જોઈએ ? સહન કરવા જોઈએ કારણ કે જે કર્મ પોતાની સ્થિતિ પરિપક્વ કરીને ઉદયમાં આવ્યા છે તો તેનું ફળ સહી લેવાથી સહજમાં તેની નિર્જરા થઈ જાય છે, તો તે ઉત્તમ લાભ છે એમ ગણવું જોઈએ. (૧૯-૪૭)

**હવે માન કષાય વિષે કહે છે.**

કુલમદ, જાતિમદ, ઐશ્વર્યમદ, રૂપમદ, તપમદ, બળમદ, વિદ્યામદ અને ધનમદ આ આઠ ભેદોથી જેની બુદ્ધિ બગડી ગઈ છે અર્થાત્ માન કરે છે તે તત્કાળ નીચ ગતિના કારણરૂપ કર્મોનો સંચય કરે છે અર્થાત્ કોઈ એમ સમજે કે હું માન કરીને ઊંચો કહેવાઈશ તો આ લોકમાં માની પુરૂષ ઊંચો તો નહીં થાય પરંતુ નીચ ગતિના કર્મનું બંધન કરશે. (૧૯-૪૮) માટે હે મુનિ ! જ્યાં સુધી તારા

મનમાં માનની ગાંઠ અતિશય દૃઢ છે ત્યાં સુધી તને વિવેકરૂપી રત્ન પ્રાપ્ત થયેલું હશે તો પણ ચાલ્યું જશે, કારણ કે માન કષાયની સામે હેય ઉપાદેયનું જ્ઞાન નથી રહેતું (૧૯-૪૯). જે પુરૂષ અતિ ઊંચા માન પર્વતના અગ્રભાગમાં રહે છે તેની બુદ્ધિ નષ્ટ થયેલી છે. એવા અભિમાની સમીચીન માર્ગનું ઉલ્લંઘન કરીને પૂજ્ય પુરૂષોની પૂજા, પ્રતિષ્ઠાનો લોપ કરી નાખે છે (૧૯-૫૦). વળી આ માન કષાયથી પુરૂષોનું ભેદજ્ઞાનરૂપ નિર્મળ નેત્ર લોપ પામી જાય છે. જેનાથી ત્વરાથી શીલરૂપી પર્વતના શિખરના સંક્રમથી (ચલાયમાન) થવાથી ડગી જાય છે, અર્થાત્ શીલથી ચ્યુત થઈ જાય છે (૧૯-૫૧) અભિમાની પુરૂષ ગર્વથી પોતાના ગુરુને પણ અપમાનિત કરે છે, તો માનો કે જ્ઞાનરૂપી રત્નને દૂર કરીને અજ્ઞાનરૂપી સર્પનું ગ્રહણ કરે છે (૧૯-૫૨). અભિમાનથી ઉદ્ધત થયેલો પુરૂષ ગર્વથી વિનયાચારનું ઉલ્લંઘન કરે છે અને પૂજ્ય ગુરૂઓની પરિપાટી-પદ્ધતિને છોડીને સ્વેચ્છાચારી બની જાય છે (૧૯-૫૩).

આ માનનું અવલંબન કરીને મૂઢાત્મા નિંદવા યોગ્ય કાર્યને કરે છે તથા ચંદ્રમાની સમાન નિર્મળ સમસ્ત સદાચારણોને કલંકિત કરે છે (૧૯-૫૪). જો કે માન કષાય દુર્ગતિનું કારણ છે. તથાપિ માન બે પ્રકારનું છે. એક પ્રશસ્ત અને બીજું અપ્રશસ્ત માન. જે માનથી વશીભૂત થઈને નીચ (હલકા) કાર્યોને છોડી ઊંચા કાર્યોમાં પ્રવૃત્ત કરે છે તો તે પ્રશંસવા યોગ્ય પ્રશંસા માન છે અને માનથી નીચ કાર્યોમાં પ્રવૃત્તિ હોય અને જો પરને હાનિકારક હોય તે અપ્રશસ્ત માન છે. (૧૯-૫૫) જેણે અપમાન થવાવાળા કાર્યને દૂરથી જ છોડી દીધું તે ઉચ્ચ આશયોવાળાનું પ્રશસ્ત માને છે. આનાથી જુદું જે અન્ય માન છે, તે સ્વ પરનું ઘાતક અર્થાત્ અપ્રશસ્ત છે. (૧૯-૫૬) જીવમાત્રની વિડંબના કરવાવાળા આ સંસારમાં માન નામનો પદાર્થ છે જ શું ? કારણ કે જે સંસારમાં રાજા પણ મરીને તત્કાળ કૃમિ આદિ ઈયળ બની જાય છે અને પ્રત્યક્ષમાં પણ જોવામાં આવે છે કે જે આજ

રાજગાદી પર બિરાજમાન છે તે કાલે રાજ્યરહિત થઈને ભિખારી બની જાય છે. (૧૯-૫૭)

**હવે માયા કષાયનું વર્ણન કરે છે :**

માયા કષાય એ અવિદ્યાની ભૂમિ છે, અપયશનું ઘર છે અને પાપરૂપી કાદવનો મોટો ખાડો છે, આ પ્રકારે જ્ઞાનીઓએ માયા વિષેનું કથન કર્યું છે. (૧૯-૫૮) આ માયા મોક્ષને રોકવા માટેની અર્ગલા સમાન છે, કારણ કે જ્યાં સુધી માયા શલ્ય રહે છે, ત્યાં સુધી મોક્ષમાર્ગનું આચરણ નથી થતું અને નરકરૂપી ઘરમાં પ્રવેશ કરવાના દ્વારરૂપ છે તથા શીલરૂપી શાલવૃક્ષના વનને બાળી નાખવા માટે અગ્નિ સમાન છે, કારણ કે માયાવીની પ્રકૃતિ હંમેશા બીજાને બાળવારૂપ રહ્યા કરે છે. (૧૯-૫૯) આચાર્ય કહે છે કે હું માયાનું અવલંબન લેનારા પુરૂષોના અનુષ્ઠાન-આચરણને નકલી દ્રવ્ય સમાન અસાર સમજું છું અથવા સ્વપ્નમાં રાજ્ય પ્રાપ્તિની સમાન નિષ્ફળ સમજું છું, કારણ કે માયાવાળાનું આચરણ સાચું નથી હોતું પરંતુ નિષ્ફળ હોય છે. (૧૯-૬૦)

કોઈક પુરૂષો તપ દ્વારા ઉભયલોકમાં પોતાના હિત માટે પુરૂષાર્થી તો બને છે, પરંતુ ખેદ એ છે કે માયાચાર સહિત વર્તે છે તો તે હલકા અને નિર્લજ્જ-લજ્જા વગરના છે. (૧૯-૬૧) વીતરાગ સર્વજ્ઞ ભગવાને મુક્તિમાર્ગની ગતિ સરળ કહેલી છે તેમાં માયાવી જીવોને સ્થિર રહેવાની યોગ્યતા સ્વપ્નમાં પણ નથી. (૧૯-૬૨) સાધકે તો નિઃશલ્ય રહેવું જરૂરી છે. શલ્ય સાથે સાધના કરવી તે આત્માની ઘાત કરનારી છે અને આચાર્યોએ માયાને સાક્ષાત્ શલ્ય-કાંટા સમાન કહી છે, કારણ કે માયા અતિશય ભય ઊભી કરનારી છે. (૧૯-૬૩) આ માયા પ્રપંચના દોષથી આ કુટિલાશયવાળો મનુષ્ય આ લોકમાં અપયશને પ્રાપ્ત થાય છે અને મૃત્યુ થવા પર દુર્ગતિમાં જ જાય છે. (૧૯-૬૪) ખરાબ કાર્યોને ઢાંકવામાં આવે તો પણ પોતાની મેળે જ

પ્રગટ થઈ જાય છે, આ કારણે બન્ને લોકને બગાડવાવાળા આ માયા, પ્રપંચથી છુટકારો મેળવવો એ જ સારી વાત છે. (૧૯-૬૫). કુટિલપણું કરવામાં ચતુર એવા મલિન ચિત્તવાળા પાપી ઠગ બગલાના ધ્યાન જેવી વૃત્તિનું અવલંબન લઈને આ જગતને ઠગતા-છેતરતા રહે છે, પણ સાચી વાત તો એ છે કે છેતરવાનો પ્રપંચ કરનાર પોતે જ કર્મ વડે ઠગાઈને જન્મ-મરણના ફેરા વધારી દે છે. (૧૯-૬૭)

**હવે લોભ કષાય વિષે કહે છે.**

પામર પ્રાણી નિરંતર લોભને વશીભૂત થઈને વાંછિત ફળને નહીં મેળવીને, મૃત્યુનો સામનો કરવાવાળા અનેક ઉપાયોને કરીને પોતાના જન્મને વ્યર્થમાં ગુમાવી બેસે છે (૧૯-૬૮). લોભ એવી વસ્તુ છે કે જે વસ્તુની પ્રાપ્તિ થવાની યોગ્યતા સ્વપ્નમાં પણ અસંભવ હોય તેની જ ઇચ્છા કરે છે અને એવી નિષ્ફળ ઇચ્છા કરીને દુર્ગતિનું પાત્ર બની જાય છે (૧૯-૬૯). આ લોભથી ગ્રસિત થયેલો પુરૂષ પોતાના શેઠ, ગુરુ, બંધુ-હિતસ્વી, વૃદ્ધ, સ્ત્રી, બાળક તથા ક્ષીણ, દુર્બળ, અનાથ, દીન (ગરીબ) આદિને પણ નિઃશંકતાથી મારીને ધનને ગ્રહણ કરે છે. એટલે કે લોભ આવા પ્રકારનો અનર્થ કરાવે છે. (૧૯-૭૦)

નરકમાં લઈ જવાવાળા જે જે દોષ સિદ્ધાંત શાસ્ત્રમાં કહેવામાં આવ્યા છે, તે બધા જીવોમાં નિઃશંકપણે લોભના કારણે પ્રગટ થાય છે. “લોભ પાપનું મૂળ છે.” આ લોકીક કથન જગત પ્રસિદ્ધ છે. તે હંમેશ માટે સત્ય છે. કારણ કે જેટલા અયોગ્ય કાર્ય છે તે બધા આ લોભથીં સ્વયમેવ થઈ જાય છે. (૧૯-૭૧)

**કષાય વિષેનું સમાપન કરતાં કહે છે કે :**

હે આત્મન્ ! શાંત ભાવરૂપ પાણીથી ક્રોધરૂપી અગ્નિને શાંત કર અને માર્દવ (લઘુતા) અર્થાત્ કોમળ પરિણામોથી માનરૂપી હાથીને વશ કરી લે તથા માયાને નિરંતર આર્જવ (સરળતા)થી દૂર કર અને

લોભની શાંતિને માટે નિર્લોભતાનો (સંતોષ ભાવનો) આશ્રય કરીને - આમ ચારે પ્રકારના કષાયોને દૂર કરવાનો ઉપદેશ કરવામાં આવ્યો છે. (૧૯-૭૨) હે આત્મન ! તારા વડે જે જે પદાર્થથી ક્રોધાદિક શત્રુઓ ઊભા થાય છે, તે તે વસ્તુનો પ્રથમથી જ ત્યાગ કરી દે જેથી ક્રોધાદિક શત્રુઓ શાંત થઈ જશે. આ પ્રકારે કષાયોના બાહ્ય કારણોને ત્યાગવાનો ઉપદેશ કરેલ છે. (૧૯-૭૩) તથા જે જે કાર્ય કરવાથી ક્રોધાદિક શત્રુઓનું નિવારણ થાય, બુદ્ધિમાનોએ-જ્ઞાનીઓએ તે કાર્યનો અપ્રમત્તપણે સ્વીકાર કરવો જોઈએ. (૧૯-૭૪)

હે મુનિ-સાધક ! જો તારા ક્રોધાદિક કષાય ક્ષીણ થઈ ગયા હોય તો તપ કરીને ખેદ કરવો વ્યર્થ છે કારણ કે ક્રોધાદિને જીતવા તે જ તપ છે અને જો ક્રોધાદિક તારામાં રહેલા છે તો પણ તપ કરવું વ્યર્થ છે, કારણ કે કષાય ભાવવાળાનું તપ કરવું વ્યર્થ જ થાય છે (૧૯-૭૬). આમ સંયમી મુનિઓને, કષાયરૂપી વિષમ જવરને (મેનેટાઈટીઝ)ને બધા જ પ્રકારથી ઉપશમતાને પ્રાપ્ત થઈ જવાથી, ઉત્તમ તત્ત્વ-પરમાત્મ સ્વરૂપના સ્વસંવેદનને પ્રાપ્ત થાય છે, અર્થાત્ કષાયોનો નાશ થવાથી જ આત્મસ્વરરૂપનો અનુભવ થાય છે. (૧૯-૭૭)

**ઈન્દ્રિયોના વિષયોનો જય કરવો :**

ઈન્દ્રિયોના વિષયોને જીત્યા વિના કષાયને જીતી શકાતા નથી. નાશ કરી શકાતા નથી, આ કારણે ક્રોધાદિક કષાયોને જીતવા માટે પ્રથમ ઈન્દ્રિયોને જીતવી જરૂરી છે.

જેણે ઈન્દ્રિયોના વિષયોને જીત્યા નથી, તે કષાયરૂપી અગ્નિનો ક્ષય કરવામાં અસમર્થ બની જાય છે. આ કારણથી ક્રોધાદિકને જીતવા માટે ઈન્દ્રિયોના વિષયનો નાશ કરવો, તેને પ્રશંસનીય કાર્ય કહેવામાં આવ્યું છે. (૨૦-૧) જે પુરૂષ ઈન્દ્રિયોના વિષયોની આશાથી પીડાયેલા છે, તેનો ઈન્દ્રિયરૂપી હાથી વિકારતાને પ્રાપ્ત થઈ જાય છે, પછી તે

જ પુરૂષ, ક્રોધાદિક કષાયોની ગહનતાનો આશ્રિત થયેલો જોવામાં આવે છે (૨૦-૨). ઇન્દ્રિયોનો સમૂહ જેમ જેમ મદ(અભિમાન)ની ઉત્કટતાને ધારણ કરે છે તેવા પુરૂષોનો કષાયરૂપ અગ્નિ વધી જાય છે. (૨૦-૩) ઇન્દ્રિયોના વિષય સેવનથી જે સુખ થાય છે, તે દુઃખ જ છે, કારણ કે જે ઇન્દ્રિયજનિત સુખ અનંત સંસારની સંતિતના કલેશોને મેળવવાનું કારણ છે અને દુઃખ અને દુઃખનું કારણ આ બન્ને એક જ છે (૨૦-૫) માટે હે ધીર વીર પુરૂષ ! સ્વતંત્રતાથી વિકારને કરતો થકો આ દુર્દમ ઇન્દ્રિયરૂપી હાથીઓને શીલરૂપી શાલ વૃક્ષ સાથે વિજ્ઞાનરૂપી દોરડાથી દઢપણે બાંધી દે. કારણ કે શીલ જ અર્થાત્ બ્રહ્મચર્ય અને વિજ્ઞાન જ આને વશ કરવાનો એક માત્ર ઉપાય છે. (૨૦-૬)

ભયાનક ઇન્દ્રિયરૂપી સર્પોના ક્રોધની શાંતિ માટે યોગીઓ શ્રી વર્ધમાન તીર્થંકર ભગવાન દ્વારા ઉપદેશવામાં આવેલ પરમેષ્ઠીના નામમંત્રનું સ્મરણ કરે છે એટલે કે પરમેષ્ઠીના નામ-સ્મરણ કરવાથી પણ ઇન્દ્રિયરૂપી સર્પોનો ક્રોધ શાંત થઈ જાય છે. (૨૦-૭) જે મુનિએ ઇન્દ્રિયરૂપી વાંદરાઓને જ્ઞાનરૂપી ફાંસીમાં બાંધીને વૈરાગ્યના પાંજરામાં બંધ કરી દીધા છે તે મુનિ જ મુનિઓમાં મુનીશ્વર-મહેશ્વર છે. (૨૦-૮) જે મુનિના શીલરૂપી શાલ વૃક્ષને ઇન્દ્રિયરૂપી હાથીઓએ તોડી નાખેલ નથી તે મુનિના હૃદયમાં જ અતિ પવિત્ર બોધત્રય (રત્નત્રય) ઉત્તમપણે સ્ફુરાયમાન થાય છે. (૨૦-૯) આ જગતમાં ઇન્દ્રિયજનિત સુખ જ દુઃખ છે, કારણ કે એ સુખ અવિદ્યારૂપ સર્પોથી ઘેરાયેલું છે, પરંતુ મૂઢ જીવો તેમાં જ રંજાયમાન રહ્યા કરે છે. તેનું શું કારણ છે તે અમે જાણતા નથી એમ આચાર્ય કહે છે. (૨૦-૧૦)

જીવો દ્વારા જેમ જેમ ઇન્દ્રિયો વશ થાય છે, તેમ તેમ તેના હૃદયમાં વિજ્ઞાનરૂપી સૂર્ય ઉત્તમપણે પ્રકાશિત થાય છે (૨૦-૧૧). જે પ્રકારે જીવોનું ચિત્ત વિષય સેવનમાં નિરાકુળપણે લીન થાય છે, તે

જ પ્રકારે જો આત્મતત્ત્વમાં લીન થઈ જાય તો તેવો કોણ છે કે જે મોક્ષ સ્વરૂપ ન હોય ? અર્થાત્ શિવરૂપ બની જાય છે (૨૦-૧૨). આ ઇન્દ્રિયજનિત સુખને જિનેન્દ્ર ભગવાને તૃપ્તિને ઉત્પન્ન કરવાવાળું કહ્યું નથી, કારણ કે જેમ જેમ આનું સેવન કરવામાં આવે છે, તેમ તેમ ભોગ-લાલસા વધતી જાય છે તથા આ ઇન્દ્રિયજન્ય સુખ મોહરૂપી દાવાનળની વૃદ્ધિ કરવા માટે ઇંધણ સમાન છે અને આગામી કાળમાં દુઃખની સંતતિના બીજરૂપ છે (૨૦-૧૩). આ વિષયો કેવળ જગતને ઠગવાની ચતુરાઈ નથી, પરંતુ મનુષ્યોને નરકના નીચેના ભાગોમાં લઈ જવામાં પણ પ્રવીણ-હોંશિયાર છે. (૨૦-૧૬)

સ્વભાવથી ચંચળ વિવિધ પ્રકારના વિષયોએ જગતના જીવોને છેતર્યા છે, તો પછી આ નિર્દય વિષયોમાં પવિત્ર આચરણવાળાને તેની આશા કેવી ? અર્થાત્ પુણ્યના ઉદયથી પણ પ્રાપ્ત થયા હોય તો પણ તેની ભવિષ્યમાં પણ વાંછા કરતા નથી. (૨૦-૧૭) કારણ કે જેનો આત્મા આ વિષયોથી ઠગાયો છે અર્થાત્ વિષયોમાં મગ્ન થયો છે, તેની વિષયેચ્છા તો વધી જાય છે અને સંતોષ નાશ પામી જાય છે. (૨૦-૧૮) વસ્તુસ્વરૂપને જાણવાવાળાએ કાલકૂટ વિષ અને વિષયોમાં મેરૂ પર્વત અને સરસવ જેટલું અંતર કહેલ છે અર્થાત્ કાલકુટ વિષ તો સરસવની જેમ નાની માત્રામાં હોય અને વિષયનું વિષ મેરૂ પર્વત જેટલું મોટું હોય છે. (૨૦-૧૯)

આ જગતના જીવોએ ક્યારેય વૈરાગ્યને પ્રાપ્ત નથી કર્યા, એ કારણથી તેને વિષયોએ વ્યાકુળ-દુઃખી બનાવી દીધો છે અને આ દુઃખરૂપી અગ્નિથી બળી રહેલા આ સંસારરૂપી જેલમાં પડે છે. (૨૦-૨૦) જે ઇન્દ્રિય અને મનને જીત્યા વિના તથા જ્ઞાન વૈરાગ્યની પ્રાપ્તિ વિના જ મોક્ષ માટે ધ્યાનનો અભ્યાસ કરે છે, તે મૂર્ખ પોતાના બન્ને ભવ-આલોક અને પરલોકને બગાડી નાખે છે. (૨૦-૨૧-૨૨)

પણ યોગીઓનું સુખ અધ્યાત્મથી ઉત્પન્ન થયેલું છે, તેથી તે પોતાને આધીન છે, સ્વાનુભવરૂપ અને અવિનાશી છે. પોતાને સ્વાધીન છે, બાધારહિત છે, અનંત છે, આને જ અતિન્દ્રિય સુખનું સ્વરૂપ કહ્યું છે. (૨૦-૨૩) આ સુખ કેવું છે ? તો કે પોતાના આત્મામાં આત્મા વડે જ સેવવામાં આવે છે. તેને જ યોગીશ્વરોએ આધ્યાત્મિક સુખ કહેલું છે. (૨૦-૨૪) હે આત્મન ! જીવોનું વિષયજનિત સુખ કેવું છે ? તો તે આરંભમાં કાંઈક રમ્ય લાગે છે પરંતુ વિપાક સમયે હંમેશાં વિષ સમાન જ જાણવું. (૨૦-૨૫)

આ ઇન્દ્રિયરૂપી ચોરોનું સૈન્ય ચિત્તરૂપી કિલ્લામાં જ રહે છે, જે પુરૂષોના વિવેકરૂપી રત્નનો નાશ કરી નાખે છે અને રોકવાનો પ્રયત્ન કરવામાં આવે તો પણ રોકી શકાતી નથી. (૨૦-૨૬) માટે હે આત્મન ! આ ઇન્દ્રિયોના વિષય તને જ ઠગવા માટે પ્રવૃત્ત થયેલા છે એમ માનું છું. આ કારણથી ચિત્તને એવું સ્થિર કરી દે કે જેથી તે વિષયોથી કલંકિત જ ન બને. (૨૦-૨૭)

જેમ આ જગતમાં સમુદ્ર નદીના જલપ્રવાહોથી તૃપ્ત થતો નથી અને અગ્નિ ઇંધણથી તૃપ્ત નથી થતો, તે કદાચ દૈવયોગથી કોઈ પ્રકારે એ બન્ને તૃપ્ત થઈ જાય પરંતુ આ જીવ ચિરકાળ સુધી વિવિધ પ્રકારના કામભોગાદિ ભોગવવા છતાં પણ ક્યારેય તૃપ્ત નથી થતા. (૨૦-૨૮) જો કે વિષયજનિત સુખ દુર્ગતિનું બીજભૂત કારણ છે અને તૃષ્ણા, સંતાપ આદિ સહિત છે તો પણ આ સુખ કષ્ટ વગર ઇચ્છાનુસાર મનુષ્યોને પ્રાપ્ત થવું કઠણ છે. (૨૦-૨૯) મનુષ્યોને જેમ જેમ ઇચ્છાનુસાર સંકલ્પિત ભોગોની પ્રાપ્તિ થાય છે, તેમ તેમ તેની તૃષ્ણા ઉત્તરોત્તર વધતી વધતી આખા લોક પર્યંત વિસ્તાર પામી જાય છે. (૨૦-૩૦) જે પુરૂષ ઇન્દ્રિયના સમૂહને વશ કર્યા વગર સાક્ષાત્ મોક્ષ-કર્મ રહિત થવા ઇચ્છે છે તે દુર્બુદ્ધિ પોતાના માથા વડે પર્વતને તોડવા ઇચ્છે છે. આવી અવસ્થામાં તેનું માથું જ ભાંગશે, પર્વત તો કોઈ પ્રકારે તૂટવાનો નથી. (૨૦-૩૧)

હે આત્મન ! આ જગતમાં વિષયજન્ય જે સુખ છે, તે વાસ્તવમાં તો દુઃખ જ છે, કારણ કે આ કષ્ટરૂપી વૃક્ષોનું બીજ છે અને તીવ્ર સંતાપોથી ઘેરાયેલું છે તથા તેનું ફળ અતિશય કડવું છે અને જે જ્ઞાનથી વૃદ્ધ પુરૂષો દ્વારા નિંદાયેલ છે, આ કારણથી હે ભાઈ આને છોડી દે. ઠગારાઓના પ્રપંચરૂપી વાક્યોને માનવાથી શું લાભ થશે ? કશો જ લાભ નહીં થાય. (૨૦-૩૨) જો કે વિષયજનિત સુખને દુઃખ જ કહ્યું છે, તે ઠીક પણ છે, કારણ કે તે સુખના કારણોની (નિમિત્તોની) પરાધીનતા રહેલી છે એટલે તે સુખ અન્ય દ્વારા મળે છે અને તુરંત નાશ પામી જાય છે, તો પણ સંસારી જીવ ઉપાધિરહિત સંયમને ધારીને પણ તૃષ્ણાની સાથે સંબંધ કરીને સાધનામાં બાધક કારણ એવા અન્ય ધન આદિ દ્વારા સુખના માટે વિષયોની ઈચ્છા કરે છે તે શું કરે છે ? તેઓ ક્રોધાયમાન થયેલા નાગેન્દ્રના વિષના દાંતોથી ખુજલીને મટાડવાનો પ્રત્યક્ષ વિનોદ કરવા જેવું છે અર્થાત્ તે મૃત્યુનું કારણ બને છે અને દુઃખ ભોગવે છે. (૨૦-૩૩)

વિષયો કેવા છે ? અરે જુઓ માછલી રસના ઈન્દ્રિયને વશ થઈને પોતાના ગળાને કાંટામાં ભરાવીને મૃત્યુને પ્રાપ્ત થાય છે. હાથી સ્પર્શેન્દ્રિયને વશ થઈને ખાડામાં બંધાય છે તથા રૂપ ઈન્દ્રિયના વિષયદોષથી પતંગિયા વિગેરે જીવો દીવાની જ્યોતમાં બળી જઈને મરણને પ્રાપ્ત થાય છે અને ભ્રમરો ઘ્રાણેન્દ્રિયને વશ થઈને સુગંધમાં મુગ્ધ બનીને મૃત્યુને મેળવે છે. આ પ્રકારે હરણ પણ શ્રવણેન્દ્રિયના રાગમાં લોલુપ થઈને શિકારી દ્વારા મૃત્યુને પ્રાપ્ત થાય છે. આમ એક એક ઈન્દ્રિયના વિષયથી ઉપરોક્ત જીવો નાશ પામી જાય છે તેમ જુએ છે, છતાં પણ સંસારી જીવોની ઈન્દ્રિય વિષયોમાં અનુરાગ-પ્રીતિ હોય છે તે બહુ જ ખેદ સાથેનું આશ્ચર્ય છે. (૨૦-૩૫) જેમ એક એક ઈન્દ્રિયના વિષયને વશ થઈને જીવોનો સમૂહ મૃત્યુને પામે છે તો જે પ્રાણી બધી જ ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત છે તેનું ભલું

કેમ અને કેવી રીતે થઈ શકે અર્થાત્ તે કેવા પ્રકારે સુખી થઈ શકે? (૨૦-૩૬)

જે પ્રકારે કાચબો પોતાના અંગોને ભયના સમયે સંકોચી લે છે તે પ્રકારે જે સંયમી સાધક ઇન્દ્રિયોના સમૂહને સંવરરૂપ બનાવે છે તે સાધક મુનિ દોષરૂપી કાદવથી ભરેલા આ લોકમાં વિચરવા છતાં પણ દોષોથી લેપાતા નથી (૨૦-૩૭). જે મુનિનું મન ઇન્દ્રિયોના વિષયોમાં કિંચિત માત્ર પણ કલંકિત નથી થતું, તે મુનિને જે દિવ્ય સિદ્ધિઓ વિના પ્રયત્ને પ્રગટ થાય છે. (૨૦-૩૬)

આમ ધ્યાનના ઘાત કરનાર કષાય અને વિષયોનું વર્ણન કરવામાં આવ્યું. આથી એમ નિર્ણય કર્યો કે કષાયી તથા વિષયી પુરૂષને પ્રશસ્ત ધ્યાનની સિદ્ધિ ક્યારેય થતી નથી. હવે આત્માના સામર્થ્ય વિષે કહે છે.

**આત્માના સામર્થ્યનું વર્ણન :**

આપણો આત્મા સ્વયં સાક્ષાત્ ગુણ રત્નોથી ભરેલો સમુદ્ર છે તથા એ જ આત્મા સર્વજ્ઞ છે, સર્વદર્શી છે, બધાના હિતરૂપ છે, બધા પદાર્થોમાં વ્યાપ્ત છે, પરમપદમાં સ્થિત છે અને નિરંજન છે. શુદ્ધનયની અપેક્ષાએ આત્મા આવો છે. (૨૧-૧) તે આત્માના સ્વરૂપને નહીં જાણતો મનુષ્ય કર્મોથી છેતરાઈને ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માની રહ્યો છે તે મોટી ભૂલ છે કારણ કે ઇન્દ્રિયોના વિષયના વિપાક સમયમાં વિષમિશ્રિત થયેલા અન્ન સમાન તે હોય છે (૨૧-૨) જે સુખ વીતરાગી મુનિને પ્રશમરૂપ-મંદ કષાયરૂપ વિશુદ્ધતાપૂર્વક છે, તેનો અનંતનો ભાગ પણ ઇન્દ્રને પણ પ્રાપ્ત થતું નથી (૨૧-૩). તેથી અનંત જ્ઞાન, અનંત વીર્યાદિ ગુણને ગુણી પુરૂષો દ્વારા પોતાના આત્મામાં જ અન્ય ઇન્દ્રિયોની સહાયતા વિના પોતે જ પોતામાં જ શોધવો જોઈએ (૨૧-૪). જુઓ તો ખરા, આ આત્મા અનંત વીર્યવાન છે તથા બધી વસ્તુઓને પ્રકાશિત કરવાવાળો છે તથા

ધ્યાનના પ્રભાવથી ત્રણે લોકને પણ ધ્રુજાવી શકે છે. અર્થાત્ ધ્યાનના ફળ રૂપ ઈન્દ્રોના આસન કંપાયમાન થાય છે. આ સમાધિનું ફળ છે (૨૧-૫). આચાર્ય કહે છે કે આ આત્માની શક્તિને હું એવી સમજું છું કે તે યોગીઓથી પણ અગોચર છે, કારણ કે તે સમાધિ-ધ્યાનમાં લય સ્વરૂપના પ્રયોગોથી ક્ષણમાત્રમાં અવ્યાહત પ્રકાશિત થાય છે, અર્થાત્ અનંત પદાર્થોને જોવા-દેખવાની સહનશક્તિ પ્રગટ થાય છે. (૨૧-૬) જે સમયે વિશુદ્ધ ધ્યાનના બળ વડે કર્મરૂપી ઇંધણને ભસ્મ કરી નાખે છે, તે સમયે આ આત્મા જ સ્વયં સાક્ષાત્ પરમાત્મા થઈ જાય છે. આ નિશ્ચયથી છે. (૨૧-૭)

હે ભવ્ય જીવો ! આ જગતમાં જે કોઈ અધોલોકમાં ભવનવાસી દેવોનો, મધ્યલોકમાં મનુષ્યોનો અને ઉર્ધ્વલોકમાં દેવોનું સામર્થ્ય વિસ્મય ઉત્પન્ન કરવાનું કારણ છે તે બધું જ સામર્થ્ય નિશ્ચયથી આ એક આત્મામાં જ છે. આ કારણે અમે ઉપદેશ કરીએ છીએ કે નિશ્ચલચિત્ત થઈને તમે એક આત્માને જ નિરંતર ભજો. (૨૧-૧૮) આ આત્માની શક્તિ અચિંત્ય છે. તેને પ્રગટ કરવા માટેનો કોઈ સમય નથી. આ સામર્થ્ય વિવિધ પ્રકારના ધ્યાનની પદવીના આશ્રયથી થાય છે. અર્થાત્ વિવિધ પ્રકારના ધ્યાનથી જ આત્માની અચિંત્ય શક્તિ પ્રગટ થાય છે. (૨૨-૧૯) આ આત્મા ત્રણ જગતનો સ્વામી છે, બધા જ પદાર્થોનો જ્ઞાતા છે, અનંત શક્તિવાળો છે, પરંતુ અનાદિકાળથી પોતાના સ્વરૂપથી ચ્યુત થઈને પોતે પોતાને જાણતો નથી. (૨૧-૨૧) આ આત્મા અનાદિથી ઉત્પન્ન કલંકથી મલિન થયેલો છે તે અત્યંત વિલક્ષણપણે પોતાનાથી ભિન્ન પદાર્થોને સ્વેચ્છાથી ગ્રહણ કરે છે અર્થાત્ પદાર્થોમાં રાગદ્વેષરૂપ મોહથી અહંકાર, મમકારરૂપ ઈષ્ટ અનિષ્ટ આદિ બુદ્ધિ કર્યા કરે છે. (૨૧-૨૨)

આ આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્ર નેત્રવાળો છે, પરંતુ અજ્ઞાનરૂપી અંધકાર વડે આવરિત થઈ રહ્યો છે. આ કારણ જાણવા છતાં પણ

નથી જાણતો અને દેખવા છતાં પણ કાંઈ નથી જોતો (૨૧-૨૩). અવિદ્યા-મોહથી ઉત્પન્ન રાગાદિક વિકારથી વ્યગ્ર ચિત્ત હોવાથી આ આત્મા દુઃખરૂપી અગ્નિથી બળતો દુર્ગમ સંસારમાં પડે છે. (૨૧-૨૪) જેમ ધતુરો ખાધેલો ઉન્મત પુરૂષ પત્થરાદિમાં સુવર્ણ બુદ્ધિથી પ્રવૃત્તિ કરે છે તે પ્રકારે આ આત્મા અજ્ઞાનથી પોતાના સ્વરૂપથી ભિન્ન અન્ય અન્ય પદાર્થોમાં સ્વેચ્છાચાર રૂપ પ્રવૃત્તિ કરે છે. અર્થાત્ રાગદ્વેષ મોહ કરે છે. (૨૧-૨૫) જીવોને જે સુખ-દુઃખ છે તે અનાદિની અવિદ્યાની વાસનાથી ઉત્પન્ન થયા છે. આ કારણે આ આત્મા અજ્ઞાનથી અનિષ્ટને પણ ઈષ્ટ માને છે. (૨૧-૨૬) આ આત્મા જે પ્રકારે કામ અને અર્થ (ધન)ને માટે અવિશ્રાંતપણે પરિશ્રમ કરે છે, તે પ્રકારે જો પોતાના સ્વાર્થ અર્થાત્ મોક્ષ અથવા મોક્ષમાર્ગમાં તેને મેળવવાની ઈચ્છાથી પ્રવૃત્તિ કરે તો શું તે કાર્યોથી મુક્ત ન થાય? અવશ્ય થાય જ. (૨૧-૨૭)

॥ૐ॥

# પરિશિષ્ટ-૧

**નોંધ** - (૧) અ. સા. ધ્યાન અધિકાર મહોપાધ્યાય યશોવિજયજીકૃત

ગાથા - ૨૨, ૨૩, ૨૪ - ભગવત્ગીતાના ૬ઠ્ઠા અધ્યાયના ત્રણ શ્લોક (૩૪, ૩૫, ૩૬) છે.

મનને એકાગ્ર કરવા માટે વૈરાગ્ય અને અભ્યાસની જરૂર છે તેની સમજણ આપતા આ ત્રણ શ્લોક છે.

ગાથા - ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૬, ૬૦, ૬૧

મોહરાજા અને ધર્મરાજાના સૈન્યો વચ્ચેની લડાઈ વિષેના શ્લોકો છે.

ગાથા - ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭ - ભગવત્ગીતાના ૨જા અધ્યાયના શ્લોક છે. સ્થિતપ્રજ્ઞના લક્ષણો વિષે (૧૯)

(૨) ધ્યાન શતક : - શ્રી જિનભદ્ર ક્ષમાશ્રમણ કૃત :

૩, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૪૭, ૪૮, ૪૯, ૫૩, ૫૪, ૬૧, ૬૨, ૭૧, ૭૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૯૫, ૯૬, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫ = ૨૪ આટલા શ્લોક અધ્યાત્મસારના ધ્યાન અધિકારમાં નથી

(૩) સ્થાનાંગસૂત્ર - ધ્યાન વિષે

સ્થાનાંગ ૪ ।ઉ-૧। ૧૮ થી ૩૦ પાના નં ૩૦૭ થી ૩૧૫

(૪) ભગવતીસૂત્ર ભા. ૫. ધ્યાન વિષે

શતક - ૨૫ ઉદ્દેશક-૭. ૧૪૭ થી ૧૫૧. પાનાં નં ૪૨૬-૪૩૩

(૫) જ્ઞાનાર્ણવ - ધ્યાન વિષયક મહત્વપૂર્ણ ગ્રંથ છે.

કર્તા - આચાર્ય શુભચંદ્ર

પ્રકાશક - શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ

કુલ પ્રકરણ - ૪૨. ગાથાઓ - ૨૨૩૦ છે

શ્રી રાજ-સોભાગ-સત્સંગ મંડળ

સાયલા

મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ, મ્યુનિ. સ્કૂલ પાસે, નારણપુરા ગામ, અમદાવાદ-૧૩. ફોન : ૨૭૪૯૧૬૨૭